MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૩-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 બ્રાઝિલમાં એક દિવસમાં રેકોર્ડબ્રેક ૧૧૮૮ના મોતઃ વિશ્વમાં ૫૧.૯૪ લાખ લોકો સંક્રમિત

4 દેશમાં ૫ કરોડ લોકો પાસે હાથ ધોવા માટે સાબુ નથી, કોરોનાથી આમને વધારે ખતરો

11 સુરતમાં નવા ૨૮ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૩૦૪ પર પહોંચ્યો, વધુ એકનું મોત

12 લોકડાઉનમાં મજબૂરી : ડેડીયાપાડામાં છૂટક મજૂરી કરતા પરપ્રાંતિયો એ વતન જવા ૩ ગર્ભવેચી વતનની વાટ પકડી

કોરોના સંકટ અને લૉકડાઉન વચ્ચે આરબીઆઈની મોટી રાહત

અર્થતંત્રને વધુ એક બૂસ્ટર ડોઝ: રેપો રેટમાં ૪૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો

લોન સસ્તી થશે, ૪૦ બેસિસ પોઈન્ટના ઘટાડા બાદ રેપો રેટ ઘટીને ૪ ટકા થયો જ્યારે રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા પર યથાવત્, ઓગષ્ટ સુધી મોરેટોરીયમને લંબાવવા નિર્ણય, લોન લેનારાને રાહત, વધુ ૩ મહિના હપ્તામાફી, બેંકોને મોટો ફટકો પડશે, લોન બાદ હવે હપ્તા માટે પણ જોવી પડશે રાહ

એપ્રિલમાં ફૂડ ફુગાવો ફરી ૮.૬ ટકા પર પહોંચ્યો, ખરીફની વાવણીમાં ૪૪ ટકાનો વધારો નોંધાયો

મુંબઈ
મુંબઈ

દેશમાં ભયાનક કોરોના મહામારી અને સતત ૫૬ દિવસના રાષ્ટ્રીય લોકડાઉનને પગલે અર્થતંત્રને થયેલા ભારે નુકસાન સામે રાહત આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે ૨૦ લાખ કરોડના આત્મનિર્ભર આર્થિક પેકેજની જાહેરાત કરી હતી. હવે કરોડો બેંક લોનધારકોને રાહત સમાન મધ્યસ્થ બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(આરબીઆઈ) દ્વારા રેપોરેટ અને રિવર્સ રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. કોરોના વાઈરસને પગલે બેકફૂટ પર આવી ગયેલા દેશના અર્થતંત્રને વધુ એક બૂસ્ટર ડોઝ સમાન રેપો રેટમાં ૪૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ સાથે હવે રેપો રેટ ૪% થઈ ગયો છે અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા થયો છે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે મોનિટરી પોલીસીની બેઠક બાદ પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે ૪૦ બેસિસ પોઈન્ટ્સના ઘટાડા બાદ આ સાથે હવે રેપો રેટ ૪% થઈ ગયો છે અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા થયો છે. કોરોના લોકડાઉન બાદ RBIએ ત્રીજી વાર રાહતની જાહેરાત કરી છે. સૌથી પહેલા ૨૭ માર્ચ અને બાદમાં ૧૭ એપ્રિલે પણ મધ્યસ્થ બેંકે અનેક રાહતોની જાહેરાત કરી હતી. મધ્યસ્થ બેંકે તેમાં EMI મોરેટોરિયમ જેવા મોટા નિર્ણયો કર્યા હતા. બીજી વાર મધ્યસ્થ બેંકે NABARD, SIDBI અને NHBને ૫૦ હજાર કરોડ રૂપિયાના રિફાઈનાન્સિંગની જોગવાઈ કરી હતી. RBIના ગવર્નર શક્તિકાંતા દાસે લોન મોરેટિયમનો સમયગાળો વધુ ૩ માસ એટલે કે ૩૧ ઓગસ્ટ સુધી લંબાવ્યો હતો.

જોકે આર્થિક બાબતોના નિષ્ણાંતોના મતે, આ જાહેરાત બાદ બેંકોને મોટો ફટકો પડ્યો છે. કેમ કે લોનરૂપે આપેલી પોતાની મૂડી પછી મેળવવા જહેમત કરી રહેલ બેંકોએ હવે EMI—હપ્તા બાબતે પણ નુકશાન સહન કરવાનો વારો આવી શકે. સતત બે મહીનાના

અનુસંધાન પાના નં. ૫

આરબીઆઈની જાહેરાતો પર એક નજર

★ *કોરોનાવાઈરસના કારણે અર્થવ્યવસ્થાને નુકસાન થયું છે.*
★ *એપ્રિલમાં ગ્લોબલ મેન્યુફેકચરિંગ PMI ઘટીને ૧૧ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો.*
★ *ડબલ્યુટીઓના જણાવ્યા મુજબ, વિશ્વમાં કારોબાર આ વર્ષે ૧૩-૩૨ ટકા સુધી ઘટી શકે છે.*
★ *બે મહીનાના લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે.*
★ *ઈન્ડસ્ટ્રીવાળા ટોપ-૬ રાજ્યોના મોટા ભાગના વિસ્તારો રેડ અને ઓરેન્જ ઝોનમાં છે. આ રાજ્યોની ઈન્ડસ્ટ્રીઓનું આર્થિક ગતિવિધિઓમાં ૬૦ ટકા કન્ટ્રીબ્યુશન હોય છે.*
★ *કોરોનાની અસરને જોતા ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં જીડીપી ગ્રોથ નેગેટિવ રહેવાનું અનુમાન છે. બીજા છ મહિનામાં કેટલીક તેજી આવી શકે છે.*
★ *RBI સતત સ્થિતિ પર નજર રાખી રહી છે. ઈકોનોમિના તમામ સેગમેન્ટ પર અમારી ટીમની નજર છે.*
★ *ફેબ્રુઆરીમાં અમે કહ્યું હતું કે કોરોનાના કારણે ગ્લોબલ ગ્રોથમાં ઘટાડો આવશે. ત્યારથી RBIએ લિક્વિડિટીના મુદ્દે ઘણા નિર્ણયો કર્યા છે.*

એકસપોર્ટ ક્રેડિટનો સમય ૧ વર્ષથી વધારી ૧૫ માસ કરવામાં આવ્યો, ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિના જીડીપી ગ્રોથ નેગેટીવ રહેવાનું અનુમાન, લોકડાઉનના કારણે મોંઘવારી વધવાના એંધાણ, દાળના ભાવમાં ઉછાળો ચિંતાજનકઃ આરબીઆઈ ગવર્નર

દેશમાં કોરોના હવે વધુ ઘાતક બન્યોઃ બે સપ્તાહમાં ૫૬૦૦૦ પોઝિટિવ કેસ મળ્યા

છેલ્લા ૨૪ કલાકમાં ૬૦૦૦ પોઝિટિવ કેસઃ ૧૪૮ના મોત

કોરોનાના કુલ કેસ ૧,૧૮,૪૪૭ થયા, વધુ ૧૪૮ના મોત સાથે મૃત્યુઆંક ૩૫૩૮એ પહોંચ્યો, ૬૬,૩૩૦ એક્ટિવ કેસ, ૪૮,૫૩૩ ડિસ્ચાર્જ

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ૧ લાખ ૧૮ હજારથી વધારે થઈ ગયો છે. શુક્રવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ અપડેટ અનુસાર, હાલ કુલ દર્દીઓની સંખ્યા ૧,૧૮,૪૪૭ સુધી પહોંચી છે. તેમાંથી ૩૫૮૩ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. રાહતની વાત છે કે કોરોનાને હરાવનાર લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. અત્યાર સુધીમાં ૪૮,૫૩૪ લોકો ઠીક થઈ ચુક્યા છે. રિકવરી રેટ સતત સુધરી રહ્યો છે. એ ૪૦.૯૭ ટકાએ પહોંચ્યો છે. દેશમાં કેટલાંક રાજ્યો એવા પણ છે, જે આ રોગચાળામાંથી મુક્ત પણ થઈ ચૂક્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૬૦૮૮ નવા કેસ સામે આવ્યા છે અને ૧૪૮ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા કેટલાય દિવસથી દર્દીઓની સંખ્યા દરરોજ ૫ હજારનો આંકડો પાર કરી રહી છે. બુધવારે પણ ૫૬૧૧ નવા કેસ તો ગુરુવારે ૫૬૦૯ નવા કેસ સામે આવ્યા હતા. અત્યારે દેશમાં ૬૬,૩૩૦ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૪૧,૬૪૨ કેસ છે, છેલ્લા ૨૪

અનુસંધાન પાના નં.૫

કરાચી એરપોર્ટ પર ઉતરતી વખતે વિમાન તૂટી પડ્યું, ઉતરતી વખતે પૈડાના ખુલ્યા

પાકિસ્તાનમાં રહેણાંક વિસ્તારમાં પ્લેન ક્રેશઃ ૧૦૦થી વધુના મોતની આશંકા



એર કન્ટ્રોલ દ્વારા વિમાનને ઉંચે લઈ જઈ ફરી પ્રયાસ કરવા જણાવાયુ અને વિમાનને ઉંચે લઈ જતી વખતે જ તૂટી પડ્યું, વિમાનમાં ૯૦ કરતાં વધારે મુસાફરો અને ક્રૂ સભ્યો હતા, રહેણાંક વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ

કરાચી

પાકિસ્તાનના જુના શહેર કરાંચીમાં આજે બપોર બાદ એક મોટી ઘટનામાં એક ડોમેસ્ટીક વિમાન એરપોર્ટ નજીકના રહેણાંક વિસ્તારમાં તૂટી પડ્યુ હતુ. આ વિમાની અકસ્માતમાં વિમાનમાં સવાર અંદાજે ૯૦ જટેલા મુસાફરો અને રહેણાંક વિસ્તારમાં મોટી સંખ્યામાં નાગરિકો માર્યા ગયાના અહેવાલ છે. વિમાન તૂટી પડતા આગ લાગતા સમગ્ર વિસ્તારમાં કાળા ધૂમાડાના ગોટેગોટે જોવા મળ્યા હતા.. પરિણામે બચાવ કાર્યમાં મુશ્કેલી જોવા મળી હતી. આ વિમાન બોઇંગ પ્રકારનું અને ૧૦ વર્ષ જુનુ હોવાનું બહાર આવ્યું છે. એરપોર્ટ પર ઉતરતી વખતે વિમાનના પૈડા નહીં ખુલતા કન્ટ્રોલ રૂમ દ્વારા વિમાનને ઉંચે લઈ જઈને આકાશમાં ચક્કર લગાવવા કહ્યું હતું. પરંતુ પાયલટ વિમાનને ફરી ઉંચે લઈ જાય તે પહેલા તે એરપોર્ટની નજીકના મોડેલ કોલોની વિસ્તારમાં ધડાકા સાથે તૂટી પડ્યું હતું. અને આગની જવાળાઓમનાં લપેટાઇ ગયું હતું. અંદાજે ૧૫૦ લોકો માર્યા ગયા હોવાનો પ્રાથમિક અંદાજ છે.

પ્રાપ્ર માહિતી પ્રમાણે, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાયન્સનું એરક્રાફ્ટ કરાચી એરપોર્ટ નજીક રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ પેસેન્જર પ્લેનમાં ઈકોનોમી ક્લાસમાં ૮૫ લોકો અને બિઝનેસ ક્લાસમાં ૬ લોકો

અનુસંધાન પાના નં.૫

ઉ.પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારી નાંખવાની ધમકી

લખનઉ

ઉત્તર પ્રદેશ પોલીસની પાસે રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જીવથી મારી નાખવાની ધમકીવાળો મેસેજ આવ્યો છે. UP 112ના હેલ્પડેસ્કના વોટ્સએપ નંબર પર ધમકીભર્યો આ મેસેજ આવ્યો છે. તેમાં મુખ્યમંત્રી યોગીને બોમ્બથી ઉડાવી દેવાની વાત કહેવામાં આવી છે. મામલાની લખનઉના ગોમતીનગર પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. બીજી તરફ, ફરિયાદ નોંધાયા બાદ કેસની તપાસ યૂપી એસટીએફને સોંપવામાં આવી છે. જાણવા મળ્યું છે કે ૮૮૨૮૪૫૩૫૦ મોબાઈલ નંબર ઉપરથી આ ધમકીવાળો મેસેજ આવ્યો છે. અજાણી વ્યક્તિ અને મોબાઈલ નંબરનો ઉલ્લેખ કરી ફરિયાદ નોંધવામાં આવી છે. જાણવા મળ્યું છે ૨૧ મેની રાત્રે ૧૨:૩૨ વાગ્યે આ ધમકીભર્યો વોટ્સએપ મેસેજ આવ્યો. તેમાં લખ્યું હતું કે, ઝસ યોગીને બોમ્બથી મારવાનો છું, મુસલમાનોની જાનનો દુશ્મન છે તે. તેની પ્રારંભિક તપાસ બાદ ઈન્સપેક્ટર ગોમતીનગર તરફથી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આઈપીસીની કલમ ૫૦૫ (૧)(b), ૫૦૬ અને ૫૦૭ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

યોગી આદિત્યનાથ કડક સુરક્ષા ઘેરામાં રહે છે. તેમની

અનુસંધાન પાના નં. ૫

બંગાળ એક સાથે બે સંકટ સામે લડી રહ્યું છેઃ મોદી

અમ્ફાન વાવાઝોડુઃ કેન્દ્ર સરકારે પ.બંગાળને ૧ હજાર કરોડના પેકેજનું એલાન કર્યું

● મૃતકોના પરિવારજનોને રૂ. ૨ લાખ તેમજ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ અપાશેઃ મોદી
● પશ્ચિમ બંગાળમાં અમ્ફાન વાવાઝોડાથી અત્યાર સુધી ૮૦ લોકોના મોત, વડાપ્રધાને મમતા બેનર્જી સાથે હવાઈ સર્વેક્ષણ કર્યુ

કોલકાત્તા

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, અમ્ફાન તોફાનને કારણે પશ્ચિમ બંગાળમાં ઘણું નુકસાન થયું છે. આ મુશ્કેલ સમયમાં સમગ્ર દેશ રાજ્યની જનતાની સાથે ઉભો છે. નરેન્દ્ર મોદીએ વાવાઝોડાને લીધે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક હવાઈ સર્વે કર્યો હતો. આ પછી, સીએમ મમતા બેનર્જી, રાજ્યપાલ જગદીપ ધનકડ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે પશ્ચિમ બંગાળનાં બસીરહાટમાં સમીક્ષા બેઠક મળી. ૮૩ દિવસ પછી પીએમ મોદી દિલ્હીની બહાર નીકળ્યાં

વડાપ્રધાનની ૧ હજાર કરોડની સહાય પર મમતા બેનર્જી ભડક્યા

કોલકાત્તા

અમ્ફાન વાવાઝોડા મુદ્દે વડાપ્રધાને એક હજાર કરોડ રૂપિયા અંતર્ગત રાહત પેકેજની જાહેરાત કરી. પીએમ નરેન્દ્ર મોદીની આ જાહેરાત પર મુખ્યમંત્રી મમતા બેનર્જી વિફરી પડ્યા છે. તેમનું કહેવું છે કે નુકસાન એક લાખ કરોડનું થયું છે અને પેકેજ ખાલી એક હજાર કરોડ રૂપિયાનું આપ્યું છે.

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદીએ એક હજાર કરોડનાં રાહત પેકેજની જાહેરાત કરી છે, પરંતુ આનાથી જોડાયેલી કોઈ જાણકારી નથી આપી. આ પૈસા ક્યારે મળશે અથવા આ આગોતરી સહાય છે. અમ્ફાન તોફાનનાં કારણે એક લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ૫૬ હજાર કરોડ રૂપિયા તો અમારે કેન્દ્ર પાસેથી લેવાના છે.

અનુસંધાન પાના નં. ૫

ચીન ભારતને ઉશ્કેરવા માટે સીમા પર હરકતો કરી રહ્યું છેઃ અમેરિકા

વૉશિંગ્ટન

સરહદ પર ચીન અને ભારત વચ્ચે ચાલી રહેલા તનાવના મુદ્દે ફરી એક વખત અમેરિકા ભારતના સમર્થનમાં આવ્યુ છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ કહ્યુ છે કે, ભારતની સીમા પર ચીન ભારતને ઉશ્કેરવા માટે હરકતો કરી રહ્યુ છે. જેના ભાગરુપે ચીન પોતાની સેનાની હીલચાલ વધારી રહ્યુ છે.

બીજી તરફ ચીન તરફ અમેરિકાની ડિપ્લોમસી અંગેનો એક રિપોર્ટ પણ અમેરિકન કોંગ્રેસને સોંપવામાં આવ્યો છે. જેમાં કહેવાયુ છે કે, ચીનની તાકાત વધી છે એટલે તે પોતાના હિત સામે જેને પણ ખતરો માને છે તેને ખતમ કરવા માટે ચીનની ઈચ્છાઓ અને મહત્વકાંક્ષાઓ પ્રબળ બની રહી છે.

આ પહેલા ગઈકાલે પણ અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ભારતનુ સમર્થન કર્યુ હતુ. ભારત અને ચીન વચ્ચેના વિવાદ પર વેલ્સે કહ્યુ હતુ કે, સીમા પર તનાવની ઘટનાએ એ વાત યાદ દેવડાવે છે કે. ચીનના અતિક્રમણનો ખતરો વાસ્તવિક છે. એ પછી દક્ષિણ ચીન સમુદ્ર હોય કે ભારતીય સીમા, અમે સતત ચીન તરફથી થતી ઉશ્કેરણીજનક હરકતો જોઈ રહ્યા છે. તેનાથી એ પણ સવાલ ઉભો થાય છે

અનુસંધાન પાના નં. ૫

દેશના સાત રાજ્યોમાં કોરોના બેકાબૂ: ચિંતામાં વધારો

ન્યુ દિલ્હી

લોકડાઉનમાં ઢીલની વચ્ચે કોરાનાએ સૌથી મોટું ટેન્શન આપી દીધું છે. આજે આવેલા કોરોનાના લેટેસ્ટ ડેટાના મતે છેલ્લાં ૨૪ કલાકમાં દેશમાં ૬૦૮૮ નવા કેસ આવ્યા છે. દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાની સ્પીડ ખબ જ ઝડપથી વધી છે. મહારાષ્ટ્રમાં પણ આ વાયરસ થોભતો નથી. બીજીબાજુ પંજાબથી સારા સમાચાર છે જ્યાં છેલ્લાં એક સપ્તાહથી નવા કેસ ખૂબ ઓછા સામે આવ્યા છે. ગુરૂવારે ત્યાં માત્ર ૩ નવા કેસ સામે આવ્યા. જો કે બિહારમાં ઝડપથી કેસ વધ્યા છે જે ચિંતા વધારનારી વાત છે.

દિલ્હીમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો

ગુરુવારે દિલ્હીમાં કોરોનાના ૫૭૧ નવા કેસ નોંધાયા છે, જે રાષ્ટ્રીય રાજધાનીમાં કોઈ પણ એક દિવસનો સૌથી મોટો ઉછાળો છે. છેલ્લા ૩ દિવસમાં ૫૦૦ થી વધુ નવા કેસો નોંધાયા છે. મંગળવાર અને બુધવારે અહીં ૫૦૦ અને ૫૩૪ નવા કેસ નોંધાયા હતા. કોરોનામાં દિલ્હીમાં કુલ ૧૧,૬૫૯ કેસ છે. તેમાંથી ૫,૫૬૭ લોકો મટાડયા છે જ્યારે મૃત્યુઆંક ૧૯૪ છે. અહીં કેસો ૧૫.૪૨ દિવસમાં બમણા થઈ રહ્યા છે.

મહારાષ્ટ્રમાં સતત ચાર દિવસથી ૨૦૦૦+ કેસ

કોરાનાથી સૌથી વધુ અસરગ્રસ્ત મહારાષ્ટ્રમાં કુલ ૩૯,૨૯૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. અહીં કોરોનાએ અત્યાર સુધીમાં ૧૩૯૦ લોકોના જીવ લીધા છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૨,૧૬૧ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ચાર દિવસથી રાજ્યમાં દરરોજ ૨૦૦૦થી વધુ નવા કેસ આવી રહ્યા છે. અહીં ૭ દિવસમાં સરેરાશ ૬.૧૨ ટકા નવા કેસ વધી રહ્યા છે. દક્ષિણ રાજ્ય તામિલનાડુ બીજા નંબરે સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય બન્યું છે. ત્યાં કુલ ૧૩,૧૯૧ કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં તામિલનાડુમાં નવા ૭૪૩ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં ૪ દિવસથી દરરોજ લગભગ ૪૦૦ કેસ

૧૭ મેના રોજ ગુજરાતમાં ૧ હજારથી વધુ નવા કેસ નોંધાયા હતા. પરંતુ તે પછી લગભગ ૪ દિવસથી દરરોજ ૪૦૦ નવા કેસ આવી રહ્યા છે. ગુરુવારે ૩૯૭, બુધવારે ૩૯૫, મંગળવારે ૩૬૬ અને સોમવારે ૩૯૧ નવા કેસ નોંધાયા. ગુજરાતમાં કોરોનાના કુલ ૧૨,૫૩૭ કેસ છે અને ત્રીજું સૌથી અસરગ્રસ્ત રાજ્ય છે. તેમાંથી ૫,૨૧૯ દર્દીઓ સાજા થયા છે, જ્યારે ૭૪૯ લોકો મૃત્યુ પામ્યા છે.

યુપીમાં પણ નવા કેસો સામે આવ્યા

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસો ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. કુલ કેસ ૫ હજારને પાર થઈ ગયા છે. તેમાંથી ૩,૦૬૬ સાજા થઈ ચૂક્યા છે. જ્યારે ૧૨૭ લોકો મૃત્યુ પામ્યા છે. ગુરુવારે, યુપીમાં ૨૪૯ નવા કેસ નોંધાયા હતા. બુધવારે ૩૨૧, મંગળવારે ૩૪૬ અને સોમવારે ૨૦૧ નોંધાયા હતા.

બિહારમાં ૨ હજારની નજીક પહોંચ્યા કેસ

બિહારમાં ૧૦ મેથી કોરોના કેસ ઝડપથી વધી ગયા છે જે ચિંતાનો વિષય છે. રાજ્યમાં કુલ કેસ ૨ હજારની નજીક પહોંચી ગયા છે. બિહારમાં અત્યાર સુધીમાં ૧,૯૮૭ લોકો સંક્રમિત થયા છે. તેમાંથી ૫૭૧ લોકો સાજા થયા છે, જ્યારે ૯ લોકોનાં મોત નીપજ્યાં છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ગુરુવારની રાત સુધીમાં, બિહારમાં કુલ ૧૬૭૪ કેસ નોંધાયા હતા, પરંતુ જિલ્લાઓમાંથી એકત્રિત કરવામાં આવેલા આંકડા પર કુલ કેસની સંખ્યા બે હજારની નજીક રહી છે.

રાજસ્થાનમાં કુલ કેસ ૬૦૦૦ને પાર

રાજસ્થાનમાં કોરોના ચેપના કુલ ૬,૦૧૫ કેસ નોંધાયા છે. તેમાંથી ૩,૪૦૪ દર્દીઓ સાજા થયા છે જ્યારે ૧૪૭ લોકો મૃત્યુ પામ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૧૭૦ નવા કેસ નોંધાયા છે. રાજસ્થાનમાં ૭ દિવસનો સરેરાશ ગ્રોથ રેટ ૪.૯ ટકા છે.

મધ્યપ્રદેશમાં લગભગ ૬૦૦૦ કેસ

મધ્યપ્રદેશમાં કોરોના કુલ ૫,૭૩૫ કેસ નોંધાયા છે. તેમાંથી ૨,૭૩૩ દર્દીઓ સાજા થયા છે, જ્યારે ૨૬૭ લોકો મૃત્યુ પામ્યા છે. ગુરુવારે અહીં ૨૭૦ નવા કેસ નોંધાયા હતા.

રાજસ્થાન સરકારે યોગી સરકારને મોકલ્યું ૩૬ લાખ રૂપિયાનું બિલ..!!

જયપુર

ભાજપ અને કોંગ્રેસની વચ્ચે બસ રાજકારણ બીજા તબક્કામાં પહોંચી ગયું છે. ઉત્તર પ્રદેશના સરકારને ૧૦૦૦ બસ આપવાના કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પ્રસ્તાવ પર હવે રાજકારણ ગરમાયું છે. રાજસ્થાનની કોંગ્રેસ સરકારે ઉત્તર પ્રદેશ સરકારને ૩૬.૩૬ લાખ રૂપિયાનું બિલ મોકલ્યુ છે. આ બિલ કોટાથી લાવવામાં બાળકો માટે ૭૦ બસ ઉપલબ્ધ કરાવવાનું છે.

આ બિલ વિદ્યાર્થીઓના નામનથી મોકલવામાં આવ્યો છે જેમને રાજસ્થાન પરિવહનની બસો દ્વારા કોટાથી ઉત્તર પ્રદેશ મોકલવામાં આવ્યા. ગેહલોત સરકારે બિલ મોકલીને તાત્કાલિક ચૂકવણી કરવા જણાવ્યું છે.

લોકડાઉન દરમિયન કોટામાં ફસાંયેલા વિદ્યાર્થીઓને ઘરે પરત મોકલવા માટે ઉત્તર પ્રદેશ સરકારે કેટલીક બસો રાજસ્થાન મોકલી હતી પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોવાથી રાજસ્થાન સરકારે પોતાની કેટલીક બસો દ્વારા વિદ્યાર્થીઓને ઘરે પહોંચાડવામાં મદદ કરી હતી. રાજસ્થાન સરકારે ઉત્તર પ્રદેશ સરકારને કુલ ૩૬,૩૬,૬૬૪ રૂપિયાનું બિલ મોકલ્યું છે.



દેશના વિવિધ રાજ્યમાંથી પટણા આવીને બસ પકડવા ધક્કામુક્કી કરતા શ્રમિકો.

એક જ મહિનામાં જિયો એ કર્યો પાંચમો સૌથી મોટો ધમાકો

કેકેઆર જિયોમાં ૨.૩૨ ટકાનો હિસ્સો ખરીદશે: ૧૧૩૬૭ કરોડનું રોકાણ કરશે

મુંબઈ

ગણતરીના સપ્તાહમાં જ રિલાયન્સ જિયો પ્લેટફોર્મ્સે વધુ એક મોટી ડીલ કરી છે. જિયો એ જાહેરાત કરી છે કે અમેરિકન કંપની KKR તેમાં ૧૧૩૬૭ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ ડીલ બાદ Jio પ્લેટફોર્મસની ઈક્વિટી વેલ્યુ ૪.૯૧ લાખ કરોડ રૂપિયા અને એન્ટરપ્રાઈઝ વેલ્યુ ૫.૧૬ લાખ કરોડ થશે. જિયો પ્લેટફોર્મમાં કેકેઆરનું એશિયામાં સૌથી મોટું રોકાણ છે.

KKR આ રોકાણ દ્વારા જિયો પ્લેટફોર્મ્સમાં ૨.૩૨ ટકા ઈક્વિટી હિસ્સેદારી ખરીદી લેશે. ગયા મહિનાથી લઈ અત્યાર સુધીમાં ફેસબુક, સિલ્વર લેક, વિસ્ટા, જનરલ એટલાન્ટિક અને કેકેઆર જિયો પ્લેટફોર્મ્સમાં અત્યાર સુધીમાં કુલ ૭૮,૫૬૨ કરોડ રૂપિયાનું કુલ રોકાણ કરવાની જાહેરાત કરી ચૂકયા છે.

તાજેતરમાં અમેરિકાની કંપની જનરલ એટલાન્ટિક એ પણ જિયો પ્લેટફોર્મ્સમાં અંદાજે ૬૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે કહ્યું હતું કે જનરલ એટલાન્ટિકે તેના ડિજિટલ એકમ જિયો પ્લેટફોર્મમાં ૧.૩૪ ટકા હિસ્સાના બદલામાં ૬૫૯૮.૩૮ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

અમેરિકામાં કોરોનાથી મરનાર લોકોના સન્માનમાં ત્રણ દિવસ ધ્વજ અડધી કાઠીએ ફરકશે

બ્રાઝિલમાં એક દિવસમાં રેકોર્ડબ્રેક ૧૧૮૮ના મોત: વિશ્વમાં ૫૧.૯૪ લાખ લોકો સંક્રમિત

વૉશિંગ્ટન/બ્રાઝિલ

વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોનાના ૫૧.૯૪ લાખ કેસ નોંધાયા છે. ૩ લાખ ૩૪ હજાર ૬૨૧ લોકોના મોત થયા છે. ૨૧.૮૧ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.

બ્રાઝીલમાં એક દિવસમાં સૌથી વધારે મૃત્યુઆંક નોંધાયો છે. ૧૧૮૮ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૨૦ હજારને પાર કરી ગયો છે. અહીં ૩.૧૧ લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે. બ્રાઝીલમાં સંક્રમણના દરને જોતા તે એક દિવસની અંદર સૌથી પ્રભાવિત દેશોની યાદીમાં બીજા નંબરે આવી જશે. હાલ ૩.૧૭ લાખ સંક્રમણ સાથે રશિયા બીજા નંબરે છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૬.૨૧ લાખ કેસ નોંધાયા છે. જેમાં ૯૬ હજાર ૩૫૪ હજાર લોકોના મોત થયા છે. ૩.૮૨ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યું કે કોરોનામાં મરનાર લોકોના સન્માનમાં આગામી ત્રણ દિવસ સુધી તમામ સરકારી બિલ્ડિંગ અને રાષ્ટ્રીય ધરોહરો પર રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે.

મોસ્કોમાં ૨૪ કલાકમાં ૭૩ લોકોના મોત થયા છે. આ સાથે મોસ્કોમાં મૃત્યુઆંક ૧૮૬૭ પહોંચી ગયો છે. રશિયામાં કુલ પોઝિટિવ કેસ ૩ લાખ ૧૭ હજાર ૫૫૪ થયા છે અને ૩૦૯૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કોરોના વાઈરસની લડાઈમાં જર્મનીની અસરકારક કામગીરી સમગ્ર વિશ્વએ જોઈ છે. અહીં કુલ ૧.૭૯ લાખ કેસ નોંધાય છે. જેમાંથી ૧.૫૮ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. હાલ અહીં ૧૨ હજાર ૭૧૨ એક્ટિવ કેસ છે. જર્મનીમાં ૮૩૦૯ લોકોના મોત થયા છે. જર્મનીમાં ૩૬ લાખ લોકોના ટેસ્ટ કરાયા છે. સુદાનમાં એક દિવસમાં ૪૧૦ નવા કેસ અને ૧૦ લોકોના મોત થયા છે . આ સાથે અહીં કુલ પોઝિટિવ કેસ ૩૧૩૮ થયા છે અને મૃત્યુઆંક ૧૨૧ થયો છે.

કોંગ્રેસ નેતા સંજય ઝાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ: હોમ ક્વોરેન્ટાઈન થયા

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસ ચેપની સંખ્યા ૧,૦૦,૦૦૦ ને વટાવી ગઈ છે. કોંગ્રેસનાં નેતા સંજય ઝા પણ આ જીવલેણ રોગચાળોની ઝપટમાં આવી ગયા છે. શુક્રવારે, તેમણે ટ્વિટ કર્યું હતું કે તેમનો ર્ંફેંદ્ધ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે, ત્યારથી તે હવે ક્વોરેન્ટાઈનમાં છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે તેઓ આગામી ૧૦-૧૨ દિવસ માટે એક અલગ હોમ ક્વોરેન્ટાઈનમાં રહેશે. સંજય ઝા એ કહ્યું કે, આ રોગચાળાનાં સંક્રમણને હલ્કામાં ન લો, આ ખૂબ ખતરનાક સાબિત થઈ શકે છે. સંજય ઝા એ પોતાના ટ્વિટમાં લખ્યું છે, "મારો કોવિડ-૧૯ ટે,ટ પોઝિટિવ આવ્યો છે, કારણ કે હવે હું સામાજિક ફેલાવાનાં રોગની પકડમાં છું, તેથી મેં ઘરેથી પોતાને અલગ કરી દીધેલ છે." તેમણે લોકોને અપીલ કરી કે રોગચાળાનાં ચેપને હળવાશમાં ન લો, તે ખૂબ જોખમી સાબિત થઈ શકે છે.

સંજય ઝા નાં પૂર્વ સાથી અને હવે ભાજપનાં નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ ટ્વીટ પર પ્રતિક્રિયા આપી છે અને શુભેચ્છા પાઠવી છે. સિંધિયાએ લખ્યું, 'સંજય, ટૂંક સમયમાં તમારી સ્વસ્થ થવાની કામના કરુ છુ. કૃપા કરીને તમારી કાળજી લો. ' સિંધિયા સિવાય પૂર્વ કોંગ્રેસનાં નેતા અને હવે શિવસેનાનાં નેતા પ્રિયંકા ચતુર્વેદીએ પણ સંજય ઝા નાં ટ્વીટ પર ટિપ્પણી કરી છે. તેમણે લખ્યું, 'સંજય, તમારી જલ્દી જ સ્વસ્થ્ થવાની કામના છે, જો તમને કંઈક સહાયની જરૂર હોય તો મને જણાવો.'

ટ્રમ્પે માસ્ક પહેરવાની ઘસીને ના પાડી દીધી

હું પ્રેસને માસ્ક પહેર્યું હોય તેવું સુખ આપવા નથી માંગતો: ટ્રમ્પ

વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના સંકટના સમયે ખુદ સેફ્ટી નિયમોનું ઉલ્લંઘન કરતાં દેખાઈ રહ્યા છે. તેમણે મિશિગનમાં ફોર્ડ ફેકટરીની મુલાકાત લીધી હતી ત્યારે માસ્ક પહેર્યું નહોતું, જ્યારે આ રાજ્યમાં માસ્કર પહેરવું ફરજીયાત કરી દેવાયું છે. આ પ્લાન્ટમાં કોરોના દર્દીઓ માટે વેન્ટિલેટર બનાવામાં આવી રહ્યા છે અને આ કામને જોવા માટે ટ્રમ્પ ત્યાં ગયા હતા. આ દરમ્યાન તેમની આસપાસ તમામ લોકો માસ્કમાં દેખાયા હતા.

ટ્રમ્પ ત્યારબાદ પ્રેસની સામે દેખાયા અને દાવો કર્યો કે તેમણે પ્લાન્ટની અંદર માસ્ક પહેરી રાખ્યું હતું. પરંતુ ટ્રમ્પ પત્રકારોને તેમને માસ્કમાં જોવાનું સુખ આપવા માંગતા નથી. તેમણે કહ્યું કે મેં અંદર માસ્ક પહેર્યું હતું. હું પ્રેસને મેં માસ્ક પહેર્યું હોય તેવું સુખ આપવા માંગતો નથી. મેં ગોગલ્સ અને માસ્ક પહેરી રાખ્યા હતા.

તેઓ મીડિયાને માસ્કની સાથે ફોટો આપવા માંગતા નથી. જો કે તેનું કારણ એ છે કે તેઓ દેશમાં કોઈ ખોટો સંદેશ આપવા માંગતા નથી ત્યારે જ્યારે લોકડાઉન હટાવાની વકાલત કરી રહ્યા છે. અત્યાર સુધીમાં અમેરિકામાં ૧૫ લાખથી વધુ લોકો સંક્રમિત છે અને અંદાજે ૧ લાખ લોકોના મોત થઈ ચૂકયા છે. જો કે તેઓ ફેસ શીલ્ડની સાથે મીડિયા સામે આવ્યા અને આ તસવીરો આપી.

ટ્રમ્પ ગયા બાદ ફોર્ડ મોટર કંપનીએ નિવેદન રજૂ કર્યું કે તેમના એક્ઝિક્યુટિવ ચેરમેને તેમને માસ્કર પહેરવાનું કહ્યું હતું. રાજ્યના એટોર્ની જનરલે એ ધમકી આપી હતી કે જો ટ્રમ્પને માસ્કર પહેરવાનું કહેશે નહીં તો ફોર્ડની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી થશે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે ટ્વિટ કરીને માહિતી આપી

લોકડાઉન દરમિયાન પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ પરનો પ્રતિબંધ હટાવાયો

ન્યુ દિલ્હી

કોરોના લોકડાઉન વચ્ચે મોદી સરકારે દેશના મૂર્તિકારોને મોટી રાહત આપવામાં આવી છે. સરકારે પ્લાસ્ટર ઓફ પેરિસથી બનાવવામાં આવેલ ગણેશની મૂર્તિઓ પરથી એક વર્ષ માટે પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. જે અંગેની માહિતી કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે ટ્વિટ્ કરીને આપી છે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે ટ્વિટમાં લખ્યું ગણેશ મૂર્તિ માટે પ્લાસ્ટર ઓફ પેરિસ પરના પ્રતિબંધનો નિર્ણય ૧ વર્ષ માટે સ્થગિત કરી દેવામાં આવ્યો છે. તેનાથી આ વર્ષે જેમની મૂર્તિઓ તૈયાર છે તેમને નુકશાન થશે નહીં.

સરકારના આ નિર્ણયથી મૂર્તિકારોને રાહત મળી છે, જેમની પાસે પહેલાથી જ પ્લાસ્ટર ઓફ પેરિસથી બનાવવામાં આવેલી મૂર્તિઓનો સ્ટોક છે. ઉલ્લેખનીય છે કે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ પાણીમાં જલ્દી ઓગળતી નથી. તેનાથી પર્યાવરણને ઘણુ નુકશાન થાય છે. એવામાં સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડે પ્લાસ્ટર ઓફ પેરિસ, પ્લાસ્ટિક અથવા થર્મોકોલથી બનતી મૂર્તિઓ પર પ્રતિબંધ મુક્યો હતો. આ વર્ષે ૨૨ ઓગષ્ટના દિવસે ગણેશ સ્થાપના અને ૧ સપ્ટેમ્બરે વિસર્જન થશે.

પાકિસ્તાનને હવે ભાન થયુ: પીઓકે ગિલગિત-બાલ્ટિસ્તાનને ભારતનો ભાગ ગણાવ્યો

ઈસ્લામાબાદ

પાકિસ્તાને પોતાના નકશામાં સંપૂર્ણ જમ્મૂ–કાશ્મીરને ભારતનો ભાગ માન્યો છે. આ પ્રકારે કોરોના સંક્રમણની જાણકારી માટે બનાવવામાં આવેલી સરકારી વેબસાઈટ પર જે નકશો જાહેર કરવામાં આવ્યો છે, તેમાં પાકિસ્તાન કાશ્મીર એટલે કે ભારતનો ભાગ બતાવવામાં આવ્યો છે, એટલે કે નકશામાં જે ભાગ પર પાકિસ્તાનાન કબજા પર રાખવામાં આવ્યો છે, તેને ભારતના નકશામાં બતાવવામાં આવ્યો છે. મીડિયામાં સમાચાર આવ્યા બાદ પાકિસ્તાને તેને બદલી દીધો છે પરંતુ હવે તેના સ્કીનશોટ લઈ લેવામાં આવ્યા હતા.

આમ પણ ગત વર્ષ પાંચ ઓગસ્ટને જમ્મૂ–કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કર્યા બાદ પીઓકેને પણ ભારતમાં સામેલ કરવાની માંગ ઉઠી રહી છે. સરકારે પણ સ્પષ્ટપથી કહ્યું કે તે પીઓકેને ભારતનો ભાગ ગણે છે અને સંપૂર્ણ જમ્મૂ–કાશ્મીરનો ભાગ છે. અહીં સુધી કે આઠ મેના રોજ સૂચના અને પ્રસારણ મંત્રાલયે કહ્યું કે ડીડી ન્યૂઝ અને ઓલ ઈન્ડીયા રેડિયો (આકાશવાણી) પોતાના પ્રાઈમ ટાઈમ ન્યૂઝ બુલેટિનોમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)ના મીરપુર, મુજફરબાદ અને ગિલગિત્તા તાપમાન અને હવામાન રિપોર્ટ પ્રસારિત કરશે. આ જાહેરાત બાદ એક દિવસ પહેલાં ભારત હવામાન વિભાગે કહ્યું હતું કે આ શહેર ભારતનો ભાગ છે.

મંત્રાલયના સચિવ અમિત ખરેએ કહ્યું કે ''ડીડી ન્યૂઝ અને અને ઓલ ઈન્ડીયા રેડિયો (આકાશવાણી) પોતાના પ્રાઈમ ટાઈમ ન્યૂઝ બુલેટિનોમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)ના મીરપુર, મુજફરબાદ અને ગિલગિત્તા તાપમાન અને હવામાન રિપોર્ટ પ્રસારિત કરશે.

ભારત સૌથી વધુ પીપીઇ કિટ્સ બનાવનારો વિશ્વનો બીજો દેશ બન્યો

ન્યુ દિલ્હી

કોરોનાના સંકટ સમયે ભારત આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધી રહ્યો છે. કોરોના વાઈરસની લડતમાં વ્યક્તિગત સલામતી પોશાક એટલે કે પીપીઈ કિટ મુખ્ય સુરક્ષા કવચ છે. પીપીઈ કિટ કોરોના વોરિયર્સને કોરોના સંક્રમણથી બચાવે છે અને માત્ર બે મહિનામાં ભારત દુનિયામાં સૌથી વધારે પીપીઈ કિટ બનાવનારો બીજો દેશ બની ગયો છે.

સરકારે જાણકારી આપી કે ભારત બે મહિના કરતા ઓછા સમયમાં જ વ્યક્તિગત સલામતી પોશાકનુ ઉત્પાદન કરતો દુનિયાનો બીજો દેશ બન્યો છે. આ ક્ષેત્રે માત્ર ચીન ભારત કરતા આગળ છે. ચીન પીપીઈનુ સૌથી મોટુ મેન્યુફેક્ચરીંગ કરે છે.

કાપડ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યુ હતુ કે તેમણે પીપીઈની ગુણવત્તા અને જથ્થો બંનેમાં સુધારો લાવવા માટે કેટલાક પગલા ઉઠાવ્યા છે. એ જ કારણ છે કે ભારત બે મહિનાથી પણ ઓછા સમયમાં પીપીઈનુ બીજુ સૌથી મોટુ મેન્યુફેક્ચર બની ગયુ છે.

મંત્રાલયે એ પણ નક્કી કરવા માટે પગલા ઉઠાવ્યા છે કે સમગ્ર સપ્લાય ચેઈનમાં માત્ર પ્રમાણિત કંપનીઓ જ પીપીઈનો પુરવઠો પૂરો કરે. હવે કાપડ સમિતિ, મુંબઈ પણ સ્વાસ્થ્ય કર્મચારીઓ અને અન્ય કોરોના વોરિયર્સ માટે જરૂરી પીપીઈનુ પરીક્ષણ અને પ્રમાણીકરણ કરશે.

ઝૂમ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી અરજી પર સુપ્રિમે કેન્દ્ર પાસે જવાબ માંગ્યો

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ભારતમાં અમેરિકન વીડિયો કોન્ફરન્સિંગ એપ્લિકેશન 'ઝૂમ' પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દે કેન્દ્ર પાસેથી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. તેમજ સુપ્રીમ કોર્ટે ઝૂમ ને પણ કોર્ટને નોટિસ મોકલી છે.બુધવારે દાખલ કરેલી પીઆઈએલમાં ઝૂમ એપ્લિકેશન પર પ્રતિબંધ મૂકવાની માંગ પાછળ ગોપનીયતાનાં અધિકારને ટાંકવામાં આવ્યો છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે શાસકીય અને વ્યક્તિગત સ્તરે ઝૂમનાં ઉપયોગ અંગે યોગ્ય કાયદો નિર્દેશિત કરવો જોઈએ અને જ્યાં સુધી વિગતવાર તપાસ ન થાય ત્યાં સુધી આ એપ્લિકેશનનો ઉપયોગ બંધ કરવો જોઈએ. રિપોર્ટ અનુસાર, દિલ્હીનાં રહેવાસી હર્ષ ચૂઘ વતી ઉક્ત પીઆઈએલ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, આ એપ્લિકેશનનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષાને ખતરો આપી શકે છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી સુરક્ષા દળો સામે જમ્મુ કાશ્મીરમાં અનેક પ્રકારના પડકારો હજુ આવી રહ્યા છે. થોડાક સમય માટે બ્રેકની સ્થિતી રહ્યા બાદ ફરી ત્રાસવાદીઓ સક્રિય દેખાઈ રહ્યા છે. સ્થાનિક પડકારોની સાથે સાથે સરહદ પર પણ નવા પડકારો રહેલા છે. આ કલમ નાબુદ કરવામાં આવ્યા બાદ એકબાજુ પાકિસ્તાને ઉશ્કેરણીજનક કૃત્યો કોરોના કાળમાં પણ યથાવતરીતે જારી રાખ્યા છે. સરહદ પર તે સ્થિતીનો લાભ લઈને વારંવાર ગોળીબાર કરે છે. જેમાં કેટલાક ભારતીય જવાનો શહીદ થયા છે. આ ઉપરાંત રાજ્યમાં જુદા જુદા સ્થળો પર હુમલા કરવાના તેના સમર્થકો દ્વારા પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. કાશ્મીરમાં સ્થાનિક લોકોની વચ્ચે છુપાયેલા તત્વોથી સાવધાન રહેવાની પણ સુરક્ષા દળોને જરૂર છે. સાથે સાથે લોકોની અંદર આત્મવિશ્વાસ પણ જગાવવાની જરૂર છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હવે સ્થિતી ધીમે ધીમે સામાન્ય બની રહી છે. અહીં છેલ્લા કેટલાક મહિનાથી હાલત કફોડી બનેલી હતી. પહેલા દરરોજ ત્રાસવાદી હુમલા કરવામાં આવી રહ્યા હતા. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા હતા. હજુ પણ ત્રાસવાદીઓને કેટલાક વિસ્તારોમાં સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઈ ગયા છે. આવી જટિલ સ્થિતી વચ્ચે સુરક્ષા દળોને સાવધાન રહેવાની જરૂર છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઇને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઈ રહી નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી બાદ બે લોકસભા સીટની પેટાચૂંટણી થઈ હતી. જેમાં ખુબ ઓછુ મતદાન થયુ હોવા છતાં ફારૂખ અબ્દુલ્લા વિજેતા બની ગયા હતા. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. જ્યાં સુધી શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી થશે નહીં ત્યાં સુધી સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઈ શકશે નહી.સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા શ્રેણીબદ્ધ નવી જાહેરાતો જમ્મુ કાશ્મીર માટે કરવામાં આવી ચુકી છે. રાજ્યમાં વિકાસની ગતિ હવે ધીમે ધીમે ઝડપી બની રહી છે. જે સારા સંકેત તરીકે છે.

કલમ ૩૭૦ની નાબુદી બાદ સુરક્ષા દળો સામે અનેક પ્રકારના નવા પડકારો આવ્યા

મલ્ટિનેશનલ કંપનીઓના દબાણ વચ્ચે આત્મનિર્ભર કે સ્વદેશ પ્રેમ ચાલશે કે નહી.....?

વિશ્વભરમાં કોરોના વાયરસ અટકવાનું નામ નથી લેતો જેના કારણે વિશ્વના દેશોને માનવ સહિત આર્થિક તંત્રને પણ હચમચાવી નાખ્યું છે. વિશ્વભરમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા ૫૦.૯૧ લાખને પાર કરી ગઈ છે જ્યારે મૃતાક ૩,૨૭,૦૧૬ થી આગળ વધી રહ્યો છે. સૌથી વધુ તબાહી અમેરિકામાં સર્જાઈ છે તેનું કારણ ખુદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ છે. ટ્રમ્પે કોરોનાને ગંભીરતાથી ન લેતા અમેરિકાના અર્થતંત્રને મહત્વ આપ્યું હતું. જેને કારણે કોરોનાગ્રસ્તોનો આંક ૧૬ લાખ તરફ પહોંચવાની નજીક છે. તો મૃતાંક ૧ લાખને ટચ કરવાની નજીક પહોંચી ગયો છે. ટ્રમ્પે દરેક અમેરિકન નાગરિકોને આર્થિક સહાય બેંક દ્વારા પહોંચાડી દીધી છે...દરેકના ખાતામાં ૨૦૦૦ ડોલર જમા થઈ ગયા છે પરંતુ અમેરિકન પ્રજા ટ્રમ્પથી ભારે નારાજ છે...! તે બાબત સમજી જતા ટ્રમ્પે ચીન ઉપર કોરોના ફેલાવવાનો આક્ષેપ કરવા સાથે ચીનનું માર્કેટ તોડી પાડવા કમર કસી લીધી છે. તો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચીનના વુહાનમા તપાસ કરવા મક્કમ બન્યુ છે. આ બધું છતાં ટ્રમ્પ માટે રાષ્ટ્રપતિ પદ હાંસલ થઈ શકશે કે કેમ....?, તે મોટો સવાલ છે....! કારણ અમેરિકન પ્રજા હવે ટ્રમ્પથી વાજ આવી ગઈ છે.....! વિશ્વના અન્ય દેશોમાં ઈટલી, સ્પેન,યુરોપિયન દેશઘમાં કોરોનાએ ભારે કેર વર્તાવ્યો છે. અને આ મહામારીના સમયમાં ચીન ઈટલીમા ૩૦૦ જેટલી કંપનીઓમા પોતાનો પગદંડો જમાવી દીધઘ છે. ચીને તેની વિસ્તારવાદી નીતિ વધુ મજબૂત બનાવવા તરફ આગળ વધી રહ્યું છે..... નેપાળમાં પોતાની મનચાહી સરકાર બનાવ્યા પછી ભારતમાં ઘૂસણખોરી કરવા પ્રયત્નો કરી રહ્યું છે. ત્યારે ચીનની વિશ્વના અર્થતંત્ર અને કબજે કરવાની ચાલને ઓળખી જતા હવે અમેરિકાએ સ્ટોક એકસચેન્જ દ્વારા ચીનને ઘેરવાની શરૂઆત કરી દીધી છે.... હવે સમય બતાવશે કે ચીન કયા ખૂણામાં છે.....!!

ભારતમાં લાબા સમયના lockdown પછી મોદી સરકારે દેશનું આર્થિક તંત્ર સુધારવા કોરોના સાથે જીવન જીવવાનું નક્કી કરી તમામ રાજ્યોને લોકડાઉન ઉઠાવવા કે જરૂરિયાત અનુસાર છૂટછાટ આપવા સત્તા આપી દીધી છે... તો દેશભરના રાજ્યો પર કેટલીક આર્થિક જવાબદારીઓ પણ થોપી દીધી છે....! અને એ પણ એવા સમયે કે દેશના મોટાભાગના રાજ્યો આર્થિક તંગી ભોગવી રહ્યા છે.... એટલા માટે કેટલાક રાજ્યોએ તે બાબતે વિરોધ કર્યો છે. ભારતમાં લોકડાઉનમા છૂટછાટ આપ્યા પછી કોરોનાગ્રસ્ત કેસોની સંખ્યા અને મૃતાક રોજે રોજ વધતો જઈ રહ્યો છે. દેશભરમા કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૧૩૦૦૦ તરફ આગળ વધી રહી છે.... તો. મૃતાક ૪૦૦૦ આંબવા તરફ આગળ વધી રહ્યો છે. છતાં સરકારે આત્મનિર્ભર નો મંત્ર આપી આમ પ્રજાને ઉત્સાહિત કરી છે.... અને દેશભરના મોટાભાગના ઔદ્યોગિક એકમો, વિવિધ માર્કેટો ધંધા,રોજગાર શરૂ થઈ ગયા છે પરંતુ પરપ્રાંતી શ્રમજીવીઓ વતન તરફ જતા રહેતા.... પહેલાની જેમ ધમધમતા થતા લાંબો સમય લાગી જશે શકે તેવી સ્થિતિ ઉદભવવા પામી છે.....!

વડાપ્રધાન શ્રી મોદીજીએ દેશના લોકોને આત્મનિર્ભર નો મહામંત્ર આપીને દેશની પ્રજાને સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદવા અને ઉપયોગ કરવા આહ્વાન કર્યુ.... જેનો ભાગના લોકોએ અંમલ શરૂ કરી દીધો છે... જો કે દેશભરના ગ્રામ્ય જીવનમાં આજે પણ સ્વદેશી ચીજ વસ્તુઓનો જ ઉપયોગ થઈ રહ્યો છે. જે વિદેશી વસ્તુઓનો મોહ છે તે વિદેશ ગયેલાઓમા કે એનઆરઆઈ ઓ કે શ્રીમંતો, કેટલાક સાંસદો અને ધારાસભ્યો માં છે. ત્યારે વિદેશી વસ્તુઓનો મોહ કે ખરીદી આવા મહાનુભાવો બંધ કરે અને વિદેશી વસ્તુઓનો ત્યાગ કરી દે એટલે તેનો અમલ દરેક કરતા થઈ જશે... અને દેશના અર્થતંત્રની ગાડીને પાટે ચડાવવા દેશમાં જ ઉત્પાદન થયેલી ચીજ વસ્તુઓની ખરીદી વધે તે જરૂરી છે. તો જ આત્મનિર્ભર મંત્ર સાકાર થાય પરંતુ..... અમિત શાહ માટે આત્મનિર્ભર બનવાનો અમલ કરવા જતા પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું બની ગયું.... શ્રી અમિત શાહે દેશની તમામ સેન્ટ્રલ પોલીસ ફોર્સીસ કેન્દુનોમા સ્વદેશી અપનાવવાની જાહેરાત કરી હતી અને તેનો જોરદાર રીતે અમલ શરૂ થઈ ગયો... પરિણામે વિદેશી મલ્ટીનેશનલ કંપનીઓને કરોડોનો ફટકો પડયો અને પછી મલ્ટીનેશનલ કંપનીઓનું અમિતજી ઉપર દબાણ આવી પડ્યું.....! મલ્ટિનેશનલ કંપનીઓમાં અમેરિકાની પણ છે પરિણામે ગૃહ મંત્રાલયે સ્વદેશી ચીજ વસ્તુઓ બાબતે આપેલો આદેશ ચૂપચાપ પાછો ખેંચવો પડ્યો.....! હવે કહો આત્મનિર્ભર બનવાનું કે અમિતજીનિ સ્વદેશ પ્રેમનું ગજુ કેટલું.....? અને દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવાની છે..... આમાં કઈ રીતે ચડી શકે.....? વંદે માતરમ્

ચીને સૈન્ય ખર્ચ માટે ૧૭૮.૧૧ અબજ ડોલર ફાળવ્યા

કોરોના સંકટ વચ્ચે ચીને પોતાના રક્ષા બજેટમાં ૬.૬ ટકાનો વધારો કર્યો

બેઇજિંગ

કોરોના વાયરસની મહામારીના સંકટની વચ્ચે ચીને આ વર્ષે પોતાના રક્ષા બજેટમાં ૬.૬ ટકાનો વધારો કર્યો છે. શુક્રવારે ચીનની સાંસદની વર્ષાની બેઠકમાં જાહેર કરવામાં આવેલી રીપોર્ટમા આ જાણકારી આપવામાં આવી છે. જોકે, ચીનના સૈન્ય ખર્તમાં વધારાનો દર છેલ્લા વર્ષની સરખામણીમાં ઓછો છે. ચીને વર્ષ ૨૦૧૯ના રક્ષા બજેટમાં ૭.૫ ટકાનો વધારો કર્યો છે. ચીને સૈન્ય ખર્ત માટે ૧.૨૬૮ ટ્રિલિયન યુઆન એટલે કે, ૧૭૮.૧૧ અબજ ડોલર ફાળવ્યા છે. ચીનના ભઆરેખમ બજેટથી જ જાણવા મળે છે કે, તે પોતાની સૈન્યની તાકત વધારવા માટે કેટલી હદ સુધી આક્રમક છે. છેલ્લા કેટલાક સમયછી અમેરિકાની સાથે ચીનનો ટકરાવ વધ્યો છે. ભારતીય સીમા પર પણ ચીની સેનાની ગતિવિધિઓ વધી ગઈ છે.

ચીનના વુહાનમાં કોરોના વાયરસ સંક્રમણ ફેલાવવાને કારણે ચીનની અર્થવ્યવસ્થાને ભારેખમ નુકસાન પહોંચ્યુ છે. છેલ્લા વર્ષની પ્રથમ ત્રિમાસિકની સરખામણીમાં ૨૦૨૦ની ત્રિમાસિકમાં ચીનની અર્થવ્યવસ્થાનો આકાર ૬.૮ ટકા ઘટ્યો છે. શુક્રવારે સંસદમાં હાદર થયેલી પ્રીમિયર લી કેકિયાંગ વર્ક રિપોર્ટ પ્રમાણે ચીને વર્ષ ૨૦૨૦ માટે નક્કી આર્થિક વૃદ્ધિ દરનો લક્ષ્ય હટાવીને અર્થવ્યવસ્થાને સરકારી મદદ આપવાનો સંકલ્પ કર્યો છે.

કોરોના વાયરસની મહામારી હોવા છતા ચીન અને અમેરિકાની સેનાઓ દક્ષિણ ચીન સાગર અને તાઈવાનની આસ-પાસ ચહલ-પહલ વધી ગયો છે. કોરોના વાયરસના કારણે બંને દેશના સંબંધ વધારે ખરાબ થઈ ગયા છે. ચીનના રક્ષા મંત્રાલયે હાલમાં જ એક રીપોર્ટમાં ચેતવણી આપી હતી કે, કોરોના વાયરસના કારણે ચીન પ્રત્યે વેમનસ્ય વધ્યો છે અને તેની પરિણતિ અમેરિકાના સાથે સૈન્ય ટકરાવના રૂપમાં પણ થઈ શકે છે. ચીનનુ ૨૦૨૦નુ રક્ષા હજેટ અમેરિકાના છેલ્લા વર્ષના રક્ષા બજેટનુ ૧/૪ છે. અમેરિકાનું છેલ્લા વર્ષનુ રક્ષા બજેટ ૬૮૬ અબજ ડોલરનુ હતુ. ચીન લાંબા સમયથી તે દલીલ કરી રહ્યુ છે કે, અમેરિકાની સરખામણી કરવા માટે તેને રક્ષા બજેટ વધારે વધારવુ પડશે. ઉદાહરણ તરીકે, ચીનની પાસે માત્ર ૨ એરક્રાફ્ટ કેરિયક છે જ્યારે કે, અમેરિકાની પાસે ૧૨ એરક્રાફ્ટ કેરિયાર છે.

અમદાવાદ લૉકડાઉનમાં પતિએ શંકા રાખી પત્ની પર ગુજાર્યો જુલ્મ, નોંધાઈ ફરિયાદ

અમદાવાદ

એક તરફ દેશમાં લૉકડાઉન ચાલી રહ્યું છે અને લોકો કોરોના વાયરસથી બચવા તમામ પ્રયત્નો કરી રહ્યાં છે. એવામાં શહેરમાં એવી ઘટના સામે આવી રહી છે જે ખરેખર ચિંતાનો વિષય છે. શહેરના સોલા વિસ્તારમાં આવી જ એક ઘટના સામે આવી છે. રૂપિયે ટકે સુખી એક એવા પરિવારની મહિલાએ આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

પરિણીતાએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે કે તેનો પતિ દારૂ પીને તેની સાથે મારપીટ કરે છે અને નાની નાની વાતે પરેશાન કરે છે. ફરિયાદીનું કહેવું છે કે છેલ્લા ૨ મહિનામાં જ્યારે લૉકડાઉન ચાલી રહ્યું છે તેવા સમય તેનો પતિ દારૂ પીને બબાલ કરતો હતો. તેના પર શંકા રાખી પાંચ વખત ઘરમાંથી પણ કાઢી મૂકી હતી.

આ બધાથી કંટાળી તે પોતાના પિયરમાં જતી રહી હતી. જોકે, પિયરમાં લોકોએ સમજાવી અને ઘર ન તૂટે તે માટે પરત મોકલી દીધી હતી. ફરિયાદી પરત અમદાવાદ પોતાના સાસરે આવી છતાં પતિ હેરાન કરતો હતો. હદ તો ત્યારે થઈ જ્યારે ફરિયાદીએ નાસ્તો બનાવી તેમના પતિને આપ્યો હતો ત્યારે આરોપી પતિએ ચા કેમ આટલી ગળી છે? તેમ કહી ફરિયાદી અને તેની પુત્રીને માર માર્યા હતો. આ મામલે પોલીસે IPC ૪૯૮ક્ક, ૩૨૩, ૨૯૪(b) હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગાંધીધામમાં યુવતીને નોકરીની લાલચ આપી નરાધમે આચર્યું દુષ્કર્મ, નોંધાઈ ફરિયાદ

કચ્છ

શહેરમાં રહેતી અને ધોરણ ૮માં અભ્યાસ કરતી કિશોરીને નોકરી અપાવવાની લાલચ આપીને એક ઈસમે તેણીને મોપેડમાં બેસાડી ભદ્રનગર નજીક બાવળોની ઝાડીમાં લઈ ગયો હતો. જ્યા નરાધમે કિશોરીને મારઝૂડ કરીને પોતાની સાથે નહીં ચાલે તો પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારબાદ કિશોરી પર બદકામ કર્યું હતું. ગુરુવારે સવારના ૭:૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન આ બનાવ બન્યો હતો. શહેરમાં રહેતી અને ધોરણ ૮માં અભ્યાસ કરતી કિશોરીની માતાએ આરોપી પ્રવીણકુમાર હેમા તુરી બારોટ, રહે. જૂની સુંદરપુરીએ નોકરી અપાવવાની લાલચ આપી હતી. નોકરી અપાવવાની લાલચ આપીને આજે સવારના બે ત્રણ સ્થળોએ કામ જોવા જવાનું કહ્યું હતું. જેથી કિશોરી અને તેની બહેન બંને એક્ટીવા લઈ કિશોરીએ તેને હોસ્પિટલમાં મૂકી પરત એક્ટીવા લઈ કોલોની આવી ગઈ હતી. કિશોરી પ્રવીણ પાસે આવતાં આરોપીએ તેની પાસેથી મોપેડની ચાવી લઈ લીધી હતી અને પાછળ બેસી જવાનું કહ્યું હતું. કિશોરીને ના પાડતાં આરોપીએ ધમકાવી તેને પાછળ બેસાડી દીધી હતી. જ્યાંથી કિશોરીને ઈક્કો પાછળ ભદ્રનગર વિસ્તારમાં આવેલી બાવળોની ઝાડીમાં લઈ ગયો હતો. જ્યાં પણ કિશોરીએ સાથે ચાલવાની ના પાડતાં આરોપીએ થપ્પડ મારીને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને કિશોરી પર બદકામ કર્યું હતું. ઘટના બાદ કિશોરી મામલતદાર કચેરી પાસે આવી બહેનને જાણ કરી હતી, જેથી મોટી બહેને તેની માતાને જાણ કરતાં સમગ્ર મામલો સપાટી પર આવ્યો હતો. ઘટના બાદ મહિલાએ આરોપી પ્રવીણ વિરુદ્ધ પોલીસે મથકે ફોજદારી નોંધાવી હતી.

વિવિધ કારણો આપી કર્મચારીઓનાં પગાર નિયમીત ન કરવામાં આવતા

BSNLની કર્મચારી નીતિના વિરોધમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રની કચેરીઓમાં દેખાવો

રાજકોટ

ભારત સંચાર નિગમ લી.ની કર્મચારી વિરોધી નીતી અને આર્થિક સંકટ જેવા કારણો આપી કર્મચારીઓનાં પગાર નિયમીત કરવામાં આવતા ન હોવા સહિતનાં મામલે આજે બીએસએનએલના કર્મચારી યુનિયને રાષ્ટ્રવ્યાપી દેખાવો યોજવાનું એલાન આપ્યુ હતુ તેના પગલે આજે રાજકોટ સહિત સૌરાષ્ટ્રની કચેરીઓમાં દેખાવો યોજી કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજકોટ બીએસએનએલની જિલ્લાની કચેરીઓમાંથી ૫૮૬ કર્મચારીઓએ સ્વૈચ્છિક નિવૃતિ લીધી હતી હવે માત્ર ૨૩૦ જેટલા કર્મચારીઓ માંડ રહ્યા છે આમ છતાં મેનેજમેન્ટ દ્વારા કર્મચારીઓનાં નિયમીત પગાર થતા નથી. એપ્રિલનો પગાર મે મહિનામાં આજે આંદોલન કરવાના આગલે દિવસે તા. ૨૦ મીએ કરવામાં આવતા કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત મેડિકલ એલાઉન્સમાં મોટો કાપ મુકવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી મેડિકલ બીલો મંજૂર કરી ચૂકવવામાં આવ્યા નથી. કરાર આધારિત કર્મચારીઓના પગાર તો છેલ્લા દસેક મહિનાથી કરવામાં આવ્યા નથી. કર્મચારી યુનિયને ચાર જેટલી માગણીઓને લઈને બપોરે લંચના સમયમાં દોઢથી બે વાગ્યા દરમિયાન દેખાવો યોજી મેનેજમેન્ટની નીતીઓ સામે વિરોધ વ્યકત કરવામાં આવ્યો હતો. હજારો લોકોએ સ્વૈચ્છિક નિવૃતિ લીધી હોવા છતાં આર્થિક ભારણનું કારણ આપીને કર્મચારીઓના પગાર નિયમીત કરવામાં આવતા નથી. કર્મચારી યુનિયનનાં અગ્રણીઓએ જણાંવ્યુ હતું કે જયારે દેખાવો કે આંદોલનની નોટીસ આપવામાં આવે ત્યારે તેના આગલા દિવસે પગાર કરી કર્મચારીઓના રોષને ઠંડો પાડવાની કોશિશ કરવામાં આવે છે આ રીત યોગ્ય નથી. સંસદમાં પણ બીએસએનએલના કર્મચારીઓના પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છતાં મેનેજમેન્ટ એવા કાયદાઓ લાવી રહયુ છે કે કર્મચારીઓની ગમે ત્યારે છટણી કરી શકાય. આમ કર્મચારી વિરોધી નીતીઓ અમલમાં આવી રહી હોય તેની સામે વિરોધ ઉઠયો છે. આજે રાજકોટ સહિત સૌરાષ્ટ્રની બીએસએનએલ કચેરીઓમાં દેખાયો યોજયા હતા.

સાવરકુંડલામાં ઝૂપડામાં રહેતી ૩ વર્ષની બાળકીનું અપહરણ બાદ દુષ્કર્મ

સાવરકુંડલા

સાવરકુંડલાની નાવલી નદીના પટમાં ઝૂપડામાં ભિક્ષાવૃત્તિ કરતા પરિવારની ત્રણ વર્ષની બાળકીને અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા હતા. નારાધમો બાળકીને સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામ ખાતે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં બાળકીને ગામના બસસ્ટેન્ડમાં ફેંકીને જતા રહ્યા હતા. આજે વહેલી સવારે ગામના લોકોએ બાળકીને લોહીલૂહાણ હાલતમાં જોતા પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. બાળકીને સારવાર માટે હોસ્પિટલ ખસેડી પોલીસે આજાણ્યા શખ્સો વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધી શોધખોળ હાથ ધરી છે. સાવરકુંડલા પોલીસ દ્વારા નાકાબંધી કરવામાં આવી છે.

વર્ષમાં એક જ વાર થતી અલૌકિક ખગોળિય ઘટના

કોબામાં ભગવાન મહાવીર સ્વામીના ભાલ પર કુદરતી રીતે સુર્યતિલક

કોબા

કોબામાં આવેલા મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે વર્ષમાં એક જ વાર થતી અલૌકિક ખગોળિય ઘટના જોવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા.. અહીં સૂર્યના કિરણો બપોરે જિનાલયમાં સ્થાપિત પ્રભુ મહાવીરની પ્રતિમા પર તિલક કરતાં હોય તેવું દ્રશ્ય સર્જાયુ હતું. ઠીક બરોબર બપોરે ૨ વાગીને ૭ મીનીટે ભગવાન મહાવીર સ્વામીના ભાલ પર કુદરતી રીતે સુર્યતિલક થયો અને લોકોએ તે નજારો જોવાનો આનંદ લીધો હતો.



મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં આ દ્રશ્ય જોવા માટે લોકો દુર દુરથી અહી આવી પહોચ્યા અને આ અલોકીક કુદરતી દર્શન કરી ભાવવિભોર થઈ ગયા હતા. પહેલીવાર ૧૯૮૭ના વર્ષે આ ઘટના બની હતી. તેના બાદ દર વર્ષે ૨૨ મેના રોજ બપોરે ૨ વાગીને ૭ મિનીટે મહાવીર સ્વામીના ભાલ પર સૂર્યતિલક દેખાય છે. ૩થી ૪ મિનીટ સુધી ભક્તોને આ નજારો માણવા મળે છે, જે જોઈને તેઓ ધન્યતા અનુભવે છે. અહીં ઘણીવાર એવા ચમત્કાર પણ સર્જાયા છે, વાદળો ઘેરાયા હોય, તો પણ આ સમયે સૂર્ય દેખાઈને સૂર્યતિલક સર્જાય છે. આ કોઈ ચમત્કાર નથી પરંતુ શિલ્પ શાસ્ત્રા, ગણિત શાસ્ત્ર અને જયોતિષ શાસ્ત્રના સમન્વયથી બનતી ઘટના છે. રાષ્ટ્રસંત જૈનાચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી ગણિતજ્ઞ અરવિંદસાગરજી મહારાજ સાહેબ અને અજયસાગરજી મહારાજ સાહેબે શિલ્પ-ગણિત અને જયોતિષ શાસ્ત્રના સમન્વયથી એવી રીતે આ દેરાસરનું નિર્માણ કરાવ્યું છે. જૈનચાર્ય કૈલાસસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબના અંતિમ સંસ્કાર આ દિવસે અને સમયે આપવામાં આવ્યા હતા. તેની સ્મૃતિ કાયમી રહે તે હેતુથી આ દિવસ અને સમય પસંદ કરવામાં આવ્યો છે. જયોતિષ શાસ્ત્ર મુજબ પણ સૂર્ય ક્યારેય વક્ર ગતિ નથી કરતો. જેને આધારે આ દેરાસરનું નિર્માણ થયું છે કે દર વર્ષે ૨૨મી મેના રોજ બપોરે ૨.૦૭ મિનિટે અહીં સૂર્ય તિલક થાય છે અને દેશભરમાંથી લોકો આ નજારો જોવા કોબા આવે છે.



કોવિડ-૧૯ લોકડાઉન વચ્ચે નવી દિલ્હીમાં મુસાફરોને તેમની મુસાફરી દરમિયાન પોલીસ દ્વારા અટકાવ્યા પછી, ગાઝીપુર ખાતે ફ્લાયઓવર નજીક સૂઈ ગયા હતા.

ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનના સંશોધકોએ કહ્યું

દેશમાં ૫ કરોડ લોકો પાસે હાથ ધોવા માટે સાબુ નથી, કોરોનાથી આમને વધારે ખતરો

ન્યુ દિલ્હી

ભારત પર થયેલી એક રિસર્ચમાં ચોંકાવનારા પરિણામ સામે આવ્યા છે. જેમને કોરોના વાયરસનો ચેપ લાગવાનો ખતરો સૌથી વધારે છે. અમેરિકામાં વોશિંગટન યુનિવર્સિટીમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનના સંશોધકોએ કહ્યું કે ઓછામાં ઓછી અને મધ્ય આવકવાળા દેશોના બે કરોડ કરતા પણ વધારે લોકો પાસે હાથ ધોવા માટે સાબુ અને સાફ પાણી નથી. જેના કારણે આ દેશોમાં ધનાઢ્ય દેશો કરતા કોરોના સંક્રમણ વધારે ફેલાવાનું જોખમ છે. આ વસ્તી દુનિયાની વસ્તીનો એક ચતુર્થાંશ વસ્તી છે.

જર્નલ એનવાયરમેન્ટ હેલ્થ પર્સપેક્ટિવ્સમાં પબ્લિસ રિસર્ચ મુજબ, સબ-સહારા આફ્રિકા અને ઓસિયાનાની ૫૦ ટકા કરતા વધારે લોકો પાસે સારી રીતે હાથ ધોવા માટેની સુવિધા નથી. IHMEના પ્રોફેસર માઈકલ બ્રેઉરે કહ્યું, "કોવિડ-૧૯ સંક્રમણને રોકવા માટે મહત્વપૂર્ણ ઉપાયોમાં હાથ ધોવાનો સમાવેશ થાય છે. આ નિરાશાજનક છે કે ઘણાં દેશોમાં તેની સુવિધા જ નથી. આ દેશોમાં સ્વાસ્થ્ય સંભાળની સુવિધા પુરતા પ્રમાણમાં નથી." રિસર્ચમાં જાણવા મળ્યું કે ૪૬ દેશોમાં અડધાથી વધુ વસ્તી પાસે સાબુ અને સાફ પાણી ઉપલબ્ધ નથી.

આ શોધ મુજબ, ભારત, પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ, નાઈઝીરિયા, કાંગો અને ઈન્ડોનેશિયામાં પ્રત્યેક પાંચ કરોડ કરતા વધારે લોકો પાસે હાથ ધોવાની સુવિધા નથી. બ્રાઉરે કહ્યું, "હેન્ડ સેનિટાઈઝર જેવી વસ્તુઓની પુરતી વ્યવસ્થા નથી., કોરોના વાયરસથી બચવા માટે ઉપાયો જરુરી છે. હાથ ધોવાની પુરતી વ્યવસ્થા ના હોવાના કારણે દર વર્ષે સાત લાખ કરતા વધારે લોકોના જીવ જાય છે."

તેમણે દુનિયાની ૨૫ ટકા વસ્તી પાસે પુરતા પ્રમાણમાં હાથ ધોવા માટેની વ્યવસ્થા ના હોવાનું જણાવ્યું છે. તેમણે ૧૯૯૦થી'૨૦૧૯વચ્ચેતેમાંમોટો સુધારો આવ્યો છે, જેમાં સાઉદી અરબ, મોરક્કો, નેપાળ અને તાન્ઝાનિયાનો સમાવેશ થાય છે. આ મહિનાની શરુઆતમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસથી આ વર્ષેના અંત સુધીમાં ૧ લાખ ૯૦ હજાર લોકોના મોત થવાનું અનુમાન હતું.

તેલંગણામાં કૂવામાંથી એક બાળક સહિત નવ પ્રવાસીઓના મૃતદેહ મળતા હડકંપ

વારંગલ

તેલંગાણાનાં વારંગલથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક કૂવામાંથી એક બાદ એક ૯ મૃતદેહ મળી આવતા હડકંપ મચી ગયો. અહિયાં એક કૂવામાંથી ૯ પ્રવાસી શ્રમિકોના શવ મળી આવ્યા છે. પોલીસે દરેક મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. જાણકરી મુજબ મૃતક શ્રમિકો બંગાળ અને બિહારનાં છે. મૃતકોમાં બાળકો અને મહિલાઓના શવ પણ મળી આવ્યા છે.

પોલીસે જણાવ્યું કે આ કેસ વારંગલના ગ્રામીણ વિસ્તારનો છે. અહીં કૂવામાંથી ૯ મૃતદેહો કાઢવામાં આવ્યાં છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓને ગિસુગોંડા વિભાગના ગોર્ટેકુંતા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં બનેલા કુવામાં અંદર પ્રવાસી શ્રમિકોની લાશ મળી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને મૃતદેહોને બહાર કાઢ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ મળતી માહિતી મુજબ તમામ મજૂરો ત્યાં કોલ્ડ સ્ટોરેજમાં કામ કરતા હતા. પોલીસે જણાવ્યું કે નવ મૃતદેહોમાં એક બાળક અને એક મહિલાનો મૃતદેહ પણ શામેલ છે. તપાસમાં બહાર આવ્યું છે કે સાત લોકો પશ્ચિમ બંગાળના અને બે મજૂર બિહારના હતા. આ લોકો તેલંગાણામાં કમાણીના અર્થે આવ્યાં હતાં. લોકડાઉન થયા બાદ તેમની આવક અટકી ગઈ હતી અને તે લોકો પરેશાન હતા. તેઓ પોતાના વતન જવાના હતા પણ અચાનક ગુમ થઈ ગયા. પોલીસે જણાવ્યું કે, તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે છપ્પ્રહોસ્પિટલમાં મોકલવામાં આવી છે. કેસ નોંધવામાં આવ્યો છે અને કેસની તપાસ કરવામાં આવી રહી છે.

પંજાબ સરકારે શિક્ષકોને દારૂના સપ્લાય પર નજર રાખવાની ડ્યૂટી સોંપતા વિવાદ

ચંડીગઢ

કોરોના વાયરસના ખતરના કારણે વધી રહેલી આર્થિક મંદીને જોતાં પંજાબમાં દારુની દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. તેની વચ્ચે ગુરદાસપુર જિલ્લા વહીવટીતંત્રએ દારુની સપ્લાય પર નજર રાખવાની કામગીરી શાળાના ૨૪ શિક્ષકોને સોંપાતા ભારે વિવાદ સર્જાયો હતો. વિપક્ષે પંજાબ સરકારની આકરી ટીકા કરી હતી.

ગુરદાસપુરના ડેપ્યુટી કમિશનરની કચેરીએ જારી કરેલા આદેસ મુજબ, કોરોના સંકટને ધ્યાનમાં રાખીને દારુના પુરવઠા પર નજર રાખવા માટે ૨૪ શિક્ષકોને દારુની ફેક્ટરીમાં તૈનાત કરવાના હતા. જો કે, આદેશ પર વિપક્ષ પાર્ટીઓ અને શિક્ષક સંઘે ભારે આલોચના કરી હતી. વિપક્ષી દળ શિરોમણી અકાલી દળ અને આમ આદમી પાર્ટીએ જિલ્લા પ્રશાસનના આ પગલાને શરમનજક ગણાવ્યું હતું. ભારે વિવાદ વધતા આદેશ પરત લેવામાં આવ્યા હતો. જિલ્લા શિક્ષણ અધિકારી(માધ્યમિક) હરદીપ સિંહે જણાવ્યું હતું કે, બુધવારે જાહેર કરેલો આદેશ પરત લેવામાં આવ્યો છે. AAP ધારાસભ્ય અમન અરોડાએ ટ્વિટ કરીને કહ્યું કે, "ખુબ જ શરમનજક ! નાકા, માર્કેટ બાદ શિક્ષકોને દારુની સપ્લાય પર નજર રાખવા માટે ભટ્ટીઓ પર તૈનાત કરીને કેપ્ટન અમરિન્દર સિંહ સરકારની રાષ્ટ્ર નિર્માતાઓ પ્રત્યે માનસિકતા પ્રદર્શિત થાય છે.

પાકિસ્તાનમાં કોરોનાને કારણે ૫ હજાર લોકોના મોત થઈ શકે છે

ઓગસ્ટ સુધીમાં ભારતમાં કોરોનાથી ૩૪ હજાર લોકોના મોત થઈ શકે છે: રિસર્ચ

વૉશિંગ્ટન

સમગ્ર દુનિયા કોરોના સંકટથી ઝઝૂમી રહી છે. ભારતમાં ચોથી વખત લોકડાઉન લાગુ કર્યા બાદ પણ કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યાંજ પાકિસ્તાન પણ કોરોના સંકટનો સામનો કરી રહ્યુ છે. હવે એક શોધમાં અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે કે, બંને દેશમાં જો કોરોના વાયરસના કેસ આ જ ગતિથી વધતા રહ્યા તો ઓગસ્ટ સુધીમાં ભારતમાં મૃત્યુઆંક ૩૪ હજાર અને પાકિસ્તાનમાં ૫ હજારને પાર થઈ જશે.

અમેરિકાની યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડના ચેપી રોગના નિષ્ણાંત ફહીમ યૂનૂસના જણાવ્યા મુજબ, ભારત અને પાકિસ્તાનમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જો આ જ રીતે આંકડા વધતા રહ્યા તો ૪ ઓગસ્ટ સુધી મૃત્યુઆંક અનેક ગણો વધી જશે. તેમણે અંદાજ વ્યક્ત કર્યો છે કે ૪ ઓગસ્ટ સુધી કોરોના વાયરસને કારણે લગભગ ૩૪,૧૫૫ લોકોના મોત થઈ શક છે. જો કે તેમણે જણાવ્યું છે કે અંદાજ ખોટા હોઈ શકે છે.

યૂનૂસે જણાવ્યું છે કે, પાકિસ્તાનમાં ૪ ઓગસ્ટ સુધી કોરોના વાયરસને કારણે ૫,૩૩૨ લોકોના મોત થઈ શકે છે. પાકિસ્તાનમાં હાલ કોરોના વાયરસ ૫૦,૬૯૪ કેસ સામે આવ્યા છે. કોરોના વાયરસને કારણે પાકિસ્તાનમાં ૧,૦૬૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

૨૦૫૦ ટ્રેનો દોડાવાઈ છતા ૭૦ ટકા મજૂરોની ઘર વાપસી બાકી

ન્યુ દિલ્હી

કોરોનાની મહામારી વચ્ચે ભારતમાં ઈતિહાસનુ સૌથી મોટુ પલાયન આપણી નજર સામે જ જોવા મળી રહ્યુ છે. આઝાદી વખતે થયેલા ભાગલા કરતા પણ આ મોટુ સ્થળાંતર હોવાનુ ઘણા કહી રહ્યા છે.

પ્રવાસી મજૂરો પોતાના વતનમાં જવા માટે હજી પણ અલગ અલગ રાજયોમાં તંત્રની કચેરીઓ સામે ભીડ લગાવી રહ્યા છે. રેલવે દ્વારા પ્રવાસી મજૂરો માટે અત્યાર સુધીમાં ૨૦૫૦ટ્રેનો દોડાવાઈ છે છતા હજી પણ ૭૦ ટકા પ્રવાસી મજૂરોની ઘરવાપસી બાકી છે.

રેલવે દ્વારા ૩૦ લાખ લોકોને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા છે. આમ છતા હજી લાખો લોકો પોતાના ઘરે જવા માટે ટ્રેનો, બસોની રાહ જોઈ રહ્યા છે.

એક અહેવાલ પ્રમાણે મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, હરિયાણા, પંજાબથી માત્ર ૩૦ ટકા જ પ્રવાસીઓ ઘરે પાછા ફરવામાં સફળ રહ્યા છે. રેલવેએ ૩૦ લાખ લોકોને ઘરે મોકલવાની યોજના બનાવી હતી પણ એવુ લાગે છે કે, આ સંખ્યા અંદાજ કરતા ઘણી વધારે છે. એટલા માટ જ રેલવે રોજ ૩૦૦ જેટલી ટ્રેનો દોડાવવા માટે તૈયારી કરી રહ્યુ છે.

રેલવે મંત્રી પિયુષ ગોયેલે કહ્યુ હતુ કે, અત્યાર સુધીમાં મજૂરોને લઈને સૌથી વધારે ૬૩૬ ટ્રેનો ગુજરાતમાંથી પાછી ફરી છે. જે બીજા કોઈ પણ રાજ્ય કરતા વધારે છે. બીજી તરફ પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને ઝારખંડ જેવા રાજયો મજૂરોને ઘર સુધી પહોંચાડવા માટે ટ્રેનો ચલાવવા માટે સહયોગ કરી રહ્યા નથી.

અમેરિકાએ અલકાયદાના આતંકવાદી ઈબ્રાહિમ ઝુબૈરને ભારતને સોંપ્યો

ન્યુ દિલ્હી

અમેરિકામાં આતંકવાદી સંગઠન માટે ભંડોળ એકત્ર કરવા બદલ દોષિત અલ કાયદાના આતંકી મોહમ્મદ ઈબ્રાહિમ ઝુબૈરને તેની સજા પુરી થયા બાદ ભારતને સોંપવામાં આવ્યો છે.

જાસુસી અધિકારીઓએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા ૧૬૭ અન્ય ભારતીયોની સાથે તેને ભારત મોકલવામાં આવ્યો છે.ઓળખાણ ન બતાવવાની શરતે જાસુસી અધિકારીએ જણાવ્યું કે, ઈબ્રાહિમ ઝુબૈરને ૧૯ મેના એક વિશેષ ફ્લાઈટથી અમૃતસર લાવવામાં આવ્યો હતો, જ્યાં તેને ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યો છે. વધુમાં અધિકારીએ જણાવ્યું હતું કે, તેલંગાણાની રાજધાની હૈદરાબાદના એક એન્જિનિયર ઝુબૈરને ૨૦૧૧માં આતંકીઓને ભંડોળ પુરું પાડવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમણે ૨૦૦૯માં અલકાયદા નેતા અનવર અલ-અવલાકી માટે ભંડોળ એકઠું કરવાના ગુનામાં દોષી ગણાવ્યો હતો.

અમેરિકી ન્યાય વિભાગ અનુસાર ઝુબૈર પર ઈરાકમાં અમેરિકી સૈન્ય કર્મીઓ વિરુદ્ધ હિંસક જિહાદનું સમર્થન કરવા માટે આતંકવાદને ભંડોળ પુરું પાડવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

ડીએમકે નેતા દુરાઈ સામી ભાજપમાં જોડાયા

ચેન્નાઈ

તામિલનાડુના મુખ્ય વિપક્ષી પાર્ટી, ટ્રવિડા મુનેત્ર કડગમના નેતા વી.પી. દુરાઈ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. દુરાઈ સામીને દ્રસ્દ્રના ડેપ્યુટી જનરલ સેક્રેટરી પદેથી હટાવવામાં આવ્યા હતા. દુરાઈ સામીએ કહ્યું હતું કે 'હું પીએમ નરેન્દ્ર મોદીની સરકારને ખૂબ નજીકથી જોઈ રહ્યો છું. તેઓ દલિત સમુદાયોના જીવનને ઉત્થાન માટે સખત મહેનત કરી રહ્યા છે.

પાકિસ્તાનની આડોડાઈ: સતત પાંચમા દિવસે કર્યું યુદ્ધવિરામનું ઉલ્લંઘન

શ્રીનગર

પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના પૂંછ અને રાજૌરી જિલ્લામાં શુક્રવારે યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. પાકિસ્તાન સતત છેલ્લા ૪ દિવસથી યુદ્ધવિરામનો ભંગ કરી રહ્યું છે. શુક્રવારે યુદ્ધવિરામનો ભંગ કરવાનો પમો દિવસ છે.ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન સતત મોર્ટારના શેલ ફાયરિંગ કરી રહ્યું છે. કોરોના વાઈરસના રોગચાળા વચ્ચે પણ પાક પોતાના નાપાક ઈરાદા જાહેર કરી રહ્યું છે.

અર્થતંત્રને વધુ પહેલા પાનાથી ચાલુ

લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે.

શક્તિકાંતા દાસે વિવિધ બેંકોમાંથી લોન લેનાર લોનધારકોને રાહત આપતા વધુ ત્રણ માસ લોન-EMI ચૂકવવા માટે સમય આપ્યો હતો. આ અગાઉ લોકડાઉનની શરૂઆતમાં તેઓએ પત્રકાર પરિષદ યોજીને લોકડાઉનના સમયગાળા દરમિયાન લોનધારકોને રાહત આપવા માટે ૧લી માર્ચથી ૩૧મી મે, ૨૦૨૦ સુધી તમામ લોનના હપ્તાની ચૂકવણીમાં રાહત આપી હતી. આજે જાહેર થયા મુજબ રિઝર્વ બેંકે લોન મોરેટોરિયમને વધુ ૩ મહિના માટે લંબાવ્યું છે. હવે લોનધારકોએ EMI ચૂકવવા માટે વધુ ત્રણ મહિના એટલે કે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી રાહત મળી છે. જો કે વ્યાજમાં રાહત મળી નથી. માત્ર તેમને ભમા ભરવાની મુદત લંબાવી આપવામાં આવી છે.

તેમણે કોરોના લોકડાઉનનો ઉલ્લેખ કરીને કહ્યું કે સતત બે મહીનાના લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. RBI સતત સ્થિતિ પર નજર રાખી રહી છે. ઈકોનોમિના તમામ ક્ષેત્રો પર અમારી ટીમની નજર છે. ઈન્ડસ્ટ્રીવાળા ટોપ-૬ રાજયોના મોટા ભાગના વિસ્તારો રેડ અને ઓરેન્જ ઝોનમાં છે. આ રાજયોની ઈન્ડસ્ટ્રીઓનું આર્થિક ગતિવિધિઓમાં ૬૦ ટકા કન્ટ્રીબ્યુશન હોય છે. કોરોનાની અસરને જોતા ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં GDP ગ્રોથ નેગેટિવ રહેવાનું અનુમાન છે. બીજા છ મહિનામાં કેટલીક તેજી આવી શકે છે.

લોકડાઉનના કારણે મોંઘવારી વધવાની આશંકા છે. દેશમાં રવિ પાક સારો થયો છે. સારા ચોમાસાથી ખેતીને ઘણી આશા છે. માંગ અને પૂરવઠા વચ્ચે સમતુલન ખોરવાની અર્થ વ્યવસ્થા ખોરંભે ચડી છે. સરકારના પ્રયત્નો અને રિઝર્વ બેંક તરફથી ઉઠાવવામાં આવેલા પગલાની અસર સપ્ટેમ્બર બાદ દેખાવાની શરૂ થશે. ૨૦૨૦-૨૧માં ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૯.૨ અબજ ડોલરનો વધારો નોંધાયો. ભારતનું વિદેશી મુદ્રા ભંડાર અત્યારે ૪૮૭ બિલિયન ડોલરનું છે.

ખરીફની વાવણીમાં ૪૪ ટકાનો વધારો નોંધાયો છે. ખાદ્ય ફુગાવામાં ફરીથી એપ્રિલમાં વધીને ૮.૬ ટકા થઈ ગયો છે. ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની ક્રેડિટ લાઈન એક્ઝિમ બેંકને આપવામાં આવશે.

રિઝર્વ બેંકના નિયમ મુજબ ઋણની જવાબદારીની ચૂકવણીમાં નિષ્ફળ રહેવાનો મતલબ એ છે કે આ લોન નોન પર્ફોર્મિંગ એસેટ્સ બની શકે છે. રિપોર્ટમાં રિઝર્વ બેંકને વધારે ઉદાર વલણ અપનાવવા જણાવ્યુ છે.

પાકિસ્તાનમાં પહેલા પાનાથી ચાલુ

એમ કુલ ૯૧ યાત્રીઓ હતા. આ ઉપરાંત ૭ ક્રૂ મેમ્બર્સ પણ હોવાની માહિતી મળી છે. જોકે હજી સુધી સત્તાવાર મોતનો આંક જાહેર કરવામાં આવ્યો નથી.આ પ્લેન રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હોવાથી ઘણાં ઘરોને પણ નુકસાન થયું છે. વિમાન ઉતરતી વખતે જ તૂટી પડ્યું હતું.

પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાયન્સના પ્રવક્તા અબ્દુલ સત્તારે આ સમાચારને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે આ છ-૩૨૦ ફ્લાઈટ ૯૦ મુસાફરોને લઈને લાહોરથી કરાચી જઈ રહી હતી. પ્લેન ક્રેશન થયાની જાણ થતા રેસ્ક્યુ ટીમ અને ૫૦ જેટલી એમ્બ્યુલન્સનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

ઈન્ટર સર્વિસ પબ્લિક રિલેશન્સ (ISPR)ના કહેવા મુજબ આર્મી ક્વિક રિએક્શન ફોર્સ અને સિંધ પાકિસ્તાન રેન્જર્સ ઘટના સ્થળે પહોંચી ગયા છે અને બચાવ અને રાહત કામગીરી કરી રહ્યા છે. પાકિસ્તાનનાઆરોગ્ય મંત્રીએ પ્લેન ક્રેશના કારણે કરાચીની તમામ મોટી હોસ્પિટલમાં ઈમરજન્સી જાહેર કરી દીધી છે.

છેલ્લા ચોવીસ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

કલાકમાં અહીં ૨૩૪૫ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં કુલ ૧૨,૯૧૦ કેસ છે, અહીં ૨૪ કલાકમાં ૩૭૧ કેસ નોંધાયા છે. જયારે તમિલનાડુમાં ગુજરાતથી વધારે કુલ ૧૩,૯૬૭ કેસ નોંધાયા છે, અહીં ૨૪ કલાકમાં ૭૭૬ નવા કેસ સામે આવ્યા છે.

દિલ્હીમાં દર્દીઓની સંખ્યા ૧૧,૬૫૯ સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં દિલ્હીમાં ૧૯૪ લોકોના મૃત્યુ થયા છે, જયારે ૫૫૬૭ લોકો સાજા થઈ ચુક્યા છે. રાજસ્થાનમાં કોરોના દર્દીઓનો આંકડો ૬૨૨૭ છે. અહીં અત્યાર સુધીમાં ૧૫૧ લોકોના મૃત્યુ થયા છે. ત્યારે મધ્યપ્રદેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૫૯૮૧ છે, જેમાંથી ૨૭૦ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

બે સપ્તાહમા ૫૬,૦૦૦ કેસ મળ્યા

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર આઠ મે પછી બે સપ્તાહમાં કોરાના વાઈરસના અડધોઅડધ કેસો આશરે ૫૬,૦૦૦ દર્દીઓ સામે આવ્યા છે. પાછલા ૨૪ કલાકમાં અત્યાર સુધી સૌથી વધુ નવા કેસ સામે આવ્યા છે. આઠ મેએ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૬,૩૪૨ હતી.

ચીન ભારતને પહેલા પાનાથી ચાલુ

કે, ચીન પોતાની વધતી જતી તાકાતનો ઉપયોગ કેવી રીતે કરવા માંગે છે.

તેમણે કહ્યુ હતુ કે, અમેરિકા એવી આંતરરાષ્ટ્રિય વ્યવસ્થા ઈચ્છે છે જેમાં તમામ દેશોને ફાયદો થાય અને માત્ર ચીનનુ જ વર્ચસ્વ ના હોય. મને લાગે છે કે, આ પ્રકારના સીમા વિવાદ ચીનના વધતા જતા ભય તરફ ઈશારો કરી રહયા છે.

ઉત્તરપ્રદેશના પહેલા પાનાથી ચાલુ

સુરક્ષામાં ચોવીસ કલાક કમાન્ડો તૈનાત રહે છે. યોગી આદિત્યનાથ જ્યારે સાંસદ હતા, ત્યારે પણ તેમની સુરક્ષા ખૂબ કડક હતી.

તે હંમેશા વિશેષ સુરક્ષા ઘેરામાં જ રહ્યા છે. તેમ છતાંય ધમકીભર્યા આ મેસેજને ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે.

અમ્ફાન વાવાઝોડુ પહેલા પાનાથી ચાલુ

છે. આ સમીક્ષા બેઠકમાં તેમણે કહ્યું કે મુશ્કેલ સમય છે પણ હું પશ્ચિમ બંગાળનાં ભાઈ-બહેનોને કહેવા માંગુ છું કે દરેક તમારી સાથે ઉભા છે. રાજયો અને કેન્દ્ર તેમના માટે મળીને કામ કરી રહ્યા છે જે તોફાનથી પ્રભાવિત છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ માટે એક હજાર કરોડનાં રાહત પેકેજની જાહેરાત કરી છે. જે કેન્દ્ર દ્વારા રાજ્યને આપવામાં આવશે. આની ઘોષણા કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે, "હાલમાં તુરંત રાજય સરકારને મુસિબત ન થાય તે માટે ૧ હજાર કરોડ ભારત સરકાર તરફથી વ્યવસ્થા કરવામાં આવશે." આ સાથે જ જે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે તેમને વડા પ્રધાન રાહત ભંડોળ તરફથી ૨ લાખ રૂપિયા અને ઘાયલ થયેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અમ્ફાન વાવાઝોડાને કારણે રાજ્યમાં ૮૦ લોકોનાં મોત થયાં છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું, બંગાળનાં આ દુ:ખમાં અમે પૂર્ણ સમર્થન આપીશું. બંગાળ વહેલી તકે ઉભુ થઈને ઝડપી ગતિએ આગળ વધે. આ માટે ભારત સરકાર બંગાળ સાથે મળીને ઉભા રહીને કામ કરશે અને જે પણ જરૂરીયાતો હશે, અમે બંગાળની સાથે ઉભા રહીને મદદ કરીશું.

પીએમ મોદીએ કહ્યું કે, રાજય સરકાર અને કેન્દ્ર સરકારે અમ્ફાન ચક્રવાતનો સામનો કરવા માટે પ્રયત્નશીલ પ્રયાસ કર્યા, પરંતુ તેમ છતાં આશરે ૮૦ લોકોનાં જીવ બચી શક્યા નહીં, તેનો અમને દરેકને દુ:ખ છે અને જે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે તેમના પ્રત્યે કેન્દ્ર અને રાજય સરકારની સંવેદનાઓ છે.

મૂળ નડિયાદના યુવાનનું ન્યૂજર્સીમાં મોત, કોરોનાથી મોતની ફેલાઈ અફવા

નડીયાદ

કોરોના મહામારી વચ્ચે વિદેશોમાં વસતા અનેક ભારતીયો વાયરસના સંક્રમણના કારણે પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. ત્યારે ગુજરાતના નડિયાદમાં એક યુવાનનું અમેરિકાના ન્યૂજર્સીમાં મોત થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. પરંતુ આ કેસમાં યુવાનનું મોત કોરોનાના કારણે થયું કે કોઈ બીજા કારણે તે હજુ સુધી નક્કી કરાઈ શક્યું નથી. છેલ્લા ૪૮ કલાકથી સોશિયલ મીડિયામાં આ યુવાનને લઈ અનેક ચર્ચાઓ ચાલી હતી. આ યુવાનનું મોત કોરોનાથી થયું હોવાની અફવા જોરશોરથી ચાલી હતી, પરંતુ હજુ સુધી હકીકત નક્કી થઈ શકી નહોતી, પરંતુ થોડા સમય બાદ યુવાનનું મોત બ્રેઈન હેમરેજના કારણે થયું હોવાની પુષ્ટિ ત્યાંના આડોશી પાડોશીએ કરી હતી. જેથી પરિવારજનો ચિંતામુક્ત થયા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમેરિકામાં ન્યુજર્સીના આઈસેલીનના હાર્ડીંગ એવ. ખાતે રહેતા આતિશ પટેલ નામના યુવાન પોતાના ઘરમાં બ્રેઈન હેમરેજને કારણે બેભાન થઈને પડયા હતા. ગત્ રોજ તેમના ઘરમાંથી તેઓ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. આથી તેમને તાત્કાલિક ત્યાંની સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ તેમના મોતના સમાચાર પરિવારજનોને મળે તે પહેલા સોશિયલ મીડિયામાં કોરોનાના કારણે આતિશભાઈનું મોત થયું હોવાની અફવાહ ઉડી હતી.

પરંતુ આખરે તમામ હકીકત ખોટી સાબિત થઈ હતી. યુવાનનું મોત માત્ર બ્રેઈન હેમરેજથી જ થયું હોવાની અને તેના પરિવારજનો પણ હયાત હોવાની બાતમી મળી હતી. અમેરિકામાં રહેતા આ યુવાન મૂળ નડિયાદનો વતની છે, તેના માતાપિતા અમદાવાદમાં રહે છે, તેઓનું પણ મૃત્યુ થઈ ગયું છે એવી વિગતો પણ સોશ્યલ મિડિયામાં આ યુવાનના ઘણાં ફોટાઓ અને મૃતદેહના ફોટા પણ વાઈરલ થયા હતા. પરંતુ તમામ વાતો અફવાહ સાબિત થઈ હતી.

રાજકોટ એસટી બસ સ્ટેશનથી વધુ ૯ જિલ્લાઓની બસ ઉપડવાનો કરાયો નિર્ણય

રાજકોટ

રાજયમાં કોરોના મહામારી વચ્ચે લોકડાઉનમાં કેટલીક છૂટછાટ આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાંથી અન્ય જિલ્લામાં જવા માંગતા લોકો માટે સારા સમાચાર મળી રહ્યા છે. હવેથી રાજકોટ એસટીથી વધુ ૯ જિલ્લાઓની બસ ઉપડવાનો નિર્ણય કરી દેવામાં આવ્યો છે. એસટી વિભાગે લીધેલા નિર્ણય પ્રમાણે રાજકોટથી મોરબી, સુરેન્દ્રનગરની બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ સિવાય રાજકોટથી સુરેન્દ્રનગર, જૂનાગઢની બસ સેવા શરૂ કરાઈ છે. રાજકોટથી જામનગર, સાવરકુંડલાની બસ, ભાવનગર, પોરબંદર, દ્વારકા અને ભૂજ રૂટની એસટી બસો શરૂ થવા જઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોરબંદર એસટી ડેપો પરથી ઉપડતી બસોમાં મુસાફરી કરવા માટે ટીકીટ ઓનલાઈન બુકિંગ કરવાની રહેશે. અને પેમેન્ટ પણ ઓનલાઈન ચૂકવવાનું રહેશે. બસમાં કંડકટર ટીકીટ નહિ આપે, માત્ર સામાજિક અંતર જળવાઈ અને અન્ય વ્યવસ્થા માટે કંડક્ટર હાજર રહેશે. ઓનલાઈન ટીકીટ બુકિંગ ક્ષજષ્ઠિ.ૈહ પર થશે.

પોરબંદર એસટી ડેપો પરથી રાજકોટ માટે સવારે ૮ વાગ્યે અને સવારે ૯ વાગ્યે એક્સપ્રેસ બસ ઉપડશે, જે વાયા રાણાવાવ, કુતિયાણા, ઉપલેટા, જેતપુર થઈને રાજકોટ જશે,અને ત્યાંથી બપોરે ૧ વાગ્યે અને ૨ વાગ્યે પોરબંદર આવવા ઉપડશે. પોરબંદરથી જૂનાગઢ સવારે ૯ કલાકે અને ૧૦ કલાકે ઉપડશે જે રાણાવાવ, કુતિયાણા, બાટવા થઈને જૂનાગઢ જશે. ત્યાંથી બપોરે ૧૨:૩૦ અને ૧:૩૦ કલાકે પરત આવવા ઉપડશે, પોરબંદરથી વેરાવળ સવારે ૯ કલાકે બસ ઉપડશે જે માધવપુર, માંગરોળ થઈ વેરાવળ પહોંચશે. અને ત્યાંથી પોરબંદર આવવા બપોરે ૧:૧૫ કલાકે ઉપડશે.

કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાએ જામીન મુક્ત થયા બાદ કર્યો મોટા ખુલાસો

પોલીસ અને તંત્ર દ્વારા ભાજપના કાર્યકરની જેમ કામગીરી, વળતો જવાબ આપીશું

રાજકોટ

રાજકોટમાં કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાની ધરપકડ બાદ કોંગ્રેસના દેખાવા બાદ રાજકારણ ગરમાયું હતું. ત્યારબાદ કોંગ્રેસના અગ્રણી નેતાઓ તેમના વ્હારે દોડ્યા હતા અને રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર પર અનેક મોટા આરોપ મૂક્યા હતા. આજે જામીન મુક્ત થયા બાદ ગુજરાત કિસાન કોંગ્રેસ ચેરમેન પાલભાઈ આંબલિયાની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે જણાવ્યું કે પોલીસે માકી ૧૮૮ મુજબ ધરપકડ અને ત્યારબાદ જામીન મુક્ત કર્યો હતો અને પાછો ફરીથી ૧૫૧ મુજબ ધરપકડ કરી હતી. ગુજરાત કિસાન કોંગ્રેસ ચેરમેન પાલભાઈ આંબલિયાએ ધરપકડને લઈને અનેક ખુલાસા કર્યા હતા. તેમણે જણાવ્યું કે, રાજકોટના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનથી પોલીસ કમિશ્નર કચેરીએ લઈ જઈ મને ઢોર માર મરાયો હતો.

ત્યારબાદ મારી હાલત લથડતા મને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટેના ઓર્ડર મેળવવામાં ૪થી ૫ કલાકનો ઈરાદાપૂર્વકનો વિલંબ કરવામાં આવ્યો હતો. મોડી સાંજે ૧૫૧ની કલમમાં જેલ મોકલવાનો ઓર્ડર કર્યો હતો. હું હોસ્પિટલમાં દાખલ હોઈ ડોક્ટરના કોઈ અભિપ્રાય વગર જ મને પોલીસે જેલ મોકલવાનો ઓર્ડર કરાયો હતો. પોલીસ અને તંત્ર દ્વારા ભાજપના કાર્યકરની જેમ કામગીરી થઈ રહી છે તેવા મોટા આક્ષેપ કર્યા હતા. કાયદાનો મારા વિરુદ્ધ દૂરઉપયોગ કરી ખેડૂતોના અવાજ દબાવવાનો પ્રયત્ન કરવો તે કેટલું વ્યાજબી છે. હું પરિસ્થિતિ અનુરૂપ જામીન લઈ હું ઘરે આવ્યો છું. હું થાક્યો નથી, હાર્યા નથી, લડત મૂકી નથી, લડશું અને જીતશું. ખેડૂતોના અવાજને દબાવનાર અધિકારીઓને વળતો જવાબ પણ આપશું.

તેમણે છેલ્લે જણાવ્યું હતું કે, આવનાર દિવસોમાં નવી ઉર્જા સાથે લડતની રણનીતી જાહેર કરીશ. અત્રે નોંધનીય છે કે, કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાની ધરપકડ બાદ તેમને પોલીસ દ્વારા ઢોર મારવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે જણાવ્યું હતું કે, રાજયમાં હાલ ગાંધીનગરના ઈશારે પોલીસ કામ કરી રહી છે. કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખને પોલીસે કસ્ટડી દરમિયાન ઢોર માર મરાયો છે. પાલ આંબલિયાએ પણ ઢોર માર માર્યો હોવાનો આરોપ લગાવ્યો છે. તમને જણાવ્યું કે, બુધવારે પાલ આંબલિયાની ધરપકડ કરાઈ હતી.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ ૨૮ મેએ મળશે: બોર્ડે જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે જે દિવસે પરિણામ જાહેર કરવામાં આવે તે જ દિવસે બપોરે દરેક વિદ્યાર્થીઓને માર્કશીટ આપી દેવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ વિતરણ ૨૮ મી મે ના રોજ કરવામાં આવશે. આ વખતે બોર્ડ દ્વારા જિલ્લાવાર નહીં, પરંતુ તાલુકાવાર માર્કશીટનું વિતરણ કરવામાં આવશે.

શાળાઓ દ્વારા પણ માસ્ક, સેનિટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ જેવા જરૂરી પગલાં ભરીને વિદ્યાર્થીઓને માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્કશીટગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં સંપન્ન કરવામાં આવેલી બોર્ડની પરીક્ષાઓમાં વાલીઓ, વિદ્યાર્થીઓને અને આચાર્યોને મૂંઝવતા પ્રશ્નો માટે હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યા છે. આ નંબર પર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તેમજ ગુજકેટ આપનારા વિદ્યાર્થીઓ સવારે ૧૦:૩૦ થી સાંજના ૬:૩૦ દરમ્યાન ફોન કરીને માહિતી મેળવી શકશે. આ ઉપરાંત કોરોના વાયરસને કારણે ટપાલ વ્યવહાર બંધ હોવાથી સાથે ઈ-મેઈલ આઈડી પણ આપવામાં આવેલ છે. જેની પર પ્રશ્નો કરી શકાશે અને રીપ્લાયમાં તમને ઈ-મેઈલ મળશે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્કશીટધોરણ-૧૦હે ૯પલાઈન-૬૩૫૯૪૧૮૯૮૮ઈ-મેઈલ-gshsebexamssc@gmail.com

ધોરણ-૧૨ અને ગુજકેટ :હે ૯પલાઈન-૭૫૬૭૯૧૮૯૬૮ઈ-મેઈલ-gshsebexamscience@gmail.com ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ :હેલ્પલાઈન-૭૫૬૭૯૧૮૯૩૮ઈ-મેઈલ: gshsebexamgeneral@gmail.com

ઝઘડો કરતા પતિ-પત્નીને પાડોશીએ લોખંડની પાઈપથી ફટકાર્યા, નોંધાઈ ફરિયાદ

વડોદરા

વાડી શાસ્ત્રીબાગ પાસે વુડાના મકાનમાં દંપતી વચ્ચે જમવા બાબતે બોલાચાલી થઈ હતી. જે ઝઘડાથી ઉશ્કેરાઈને નજીકમાં રહેતો શખ્સ લોખંડની પાઈપ લઈને ધસી આવ્યો હતો અને પતિ-પત્ની પૈકી પતિને માર માર્યો હતો. આ અંગેની વિગત એવી છે કે ચંદ્રપ્રભાનગરમાં રહેતો કનુ આત્મારામભાઈ છૂટક મજુરી કરે છે. ગત મોડીરાત્રે કનુ અને તેની પત્ની વચ્ચે જમવાનું બનાવવાના મુદ્દે તકરાર થઈ હતી.

તે સમયે બાજુના બ્લોકમાં રહેતો રાજુભાઈ સોધલે ઉશ્કેરાઈને લોખંડની પાઈપ લઈને ધસી આવ્યો હતો. તમે ઝઘડો કેમ કરો છો ? તેવું કહીને રાજુએ કનુને લોખંડની પાઈપના ફટકા મારી ઈજા પહોંચાડી હતી અને ત્યારબાદ ભાગી છૂટયો હતો. દરમિયાન આજુબાજુના લોકો ભેગા થઈ જતા ઈજાગ્રસ્ત કનુને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ઉપરોક્ત ફરિયાદ અંગે પાણીગેટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના પરાપીપળીયા ગામે ફરી દીપડાનો આતંક, ગ્રામજનોમાં ભયનો માહોલ

રાજકોટ

રાજકોટના જામનગર હાઈવે પર આવેલા પરાપીપળીયા ગામે ફરી એક વાર દીપડાએ તેનો આતંક મચાવ્યો છે, દીપડાને પકડવા માટે હજુ સુધી વન વિભાગની ગામમાં ટીમ નથી પહોચી. ત્યારે આ મામલે ગ્રામજનોમાં રોષની સાથે સાથે ડરનો માહોલ છે. ઉલ્લેખનીય છે કે સતત બીજા દિવસે રાત્રે પણ ત્રણથી ચાર વખત દેખાતો દીપડો ગ્રામજનોમાં ફફડાટ જોવા મળ્યો છે.

જેના કારણે ગ્રામજનો રોષનો માહોલ ફેલાયેલો છે. સતત બે દિવસથી ગામમાં ત્રણથી ચાર વાર દીપડો દેખાયો છે. વન વિભાગની ટીમ દીપડાનું રેસ્કયુ કરવા નથી આવતી જેના કારણે ગ્રામજનો ખેતરોમાં રાતવાસો કરી રહ્યા છે.

કોરોના સામેની જંગમાં ઉત્તર ગુજરાતમાં પોલીસ સાથે જોડાયા ૧૨૭ માજી સૈનિકો

મહેસાણા

વિશ્વ આખુ કોરોનાની મહામારીથી પીડાઈ રહ્યું છે ત્યારે આ સંક્રમણને રોકવા માટે લોક-ડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ઉત્તર ગુજરાતમાં ૧૨૭ નિવૃત્ત સૈનિકો કોરોનાના પગલે લોક-ડાઉનમાં પોલીસની મદદ કરી કોરોનાની જંગમાં પોતાની સેવા આપી રહ્યા છે. દેશ સેવા જ જેનો જીવન મંત્ર બની ગયો છે તેવા આ જવાનો નિવૃતિના સમયગાળામાં દેશ પર આવેલી આફતના સમયમાં લોક-ડાઉન દરમિયાન પોલીસ અને પ્રજા વચ્ચે સેતુરૂપ બનવા અને પોતાની ફરજ અદા કરવા તત્પર બન્યા છે.

મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી હિરેનભાઈ લિમ્બાચીયાએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લા સહિત પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નિવૃત જવાનો સ્વૈચ્છિક સેવા આપી રહ્યા છે અને લોકોને લોક-ડાઉનનો અમલ કરવા સમજાવી રહ્યા છે. મહેસાણામાં ૬૮, બનાસકાંઠામાં ૪૫ અને પાટણમાં ૧૪ મળી જિલ્લામાં ૧૨૭ નિવૃત સૈનિકો કોરાના યોધ્ધા બની રાષ્ટ્રસેવામાં જોડાયા હતા. નિવૃત સૈનિક દેવેન્દ્ર શુક્લાએ જણાવ્યું હતું કે જ્યારે દેશને જરૂર પડે અમે દેશ સેવા માટે તૈયાર છીએ. ભારત દેશની સેવા એજ અમારો જીવનમંત્ર છે. દેશ સેવામાં નિવૃતિ હોય જ નહી. દેશની હાકલ થાય એટલે સૈનિક ફરજ પર હાજર થઈ જાય એ સૈનિકનો સ્વભાવ છે.

જિલ્લા વિકાસ અધિકારીનો લોકોને રોજગારી ઉપલબ્ધ કરાવવા માટેની જાહેરાત

રાજકોટ જિલ્લામાં કામની જરૂરીયાતવાળા શ્રમિકો ગામના સરપંચ-તલાટીનો સંપર્ક કરે

રાજકોટ જિલ્લાના ૯૧ ગામોમાં મનરેગાના શ્રમિકોનો આંકડો ૧૨ હજારને પાર

રાજકોટ

કોરોના વૈશ્વિક મહામારીના પ્રવર્તમાન સંજોગોમાં ગ્રામ્ય શ્રમિકોને રોજગારી અને રાહત મળી રહે તે માટે સરકાર દ્વારા મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર યોજના - મનરેગા યોજના હેઠળ જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં કામો શરૂ કરવા જણાવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી અનિલ રાણાવસિયાએ જણાવ્યું હતું કે, જિલ્લાના ૧૧ તાલુકાના ૯૧ ગામોમાં હાલ મનરેગાના કામો ચાલી રહ્યા છે. જેમાં ૧૨૩૫૬ જેટલા શ્રમિકો કામ કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ શ્રમિકોને હાલના કોરોના મહામારીના સંજોગોમાં ગુજરાન ચલાવવા માટે આજીવિકા મળી રહે તે માટે વધુમાં વધુ શ્રમિકો મનરેગા યોજનામાં જોડાય તે માટે જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના તમામ સદસ્યોને તથા તમામ ગામના સરપંચોને ખાસ પત્ર લખી તેમના વિસ્તાર ગામમાં શ્રમિકો ઉપલબ્ધ હોય અને મનરેગા યોજનામાં કામ કરવા ઈચ્છુક હોય તેવા તમામ શ્રમિકોને કામ અપાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે કોઈ શ્રમિકોને કામની જરૂરિયાત હોય તેઓ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ફોન નંબર ૦૨૮૧-૨૪૭ ૪૩૦૬ ઉપર સવારના ૧૧થી સાંજના ૫ દરમિયાન સંપર્ક કરી શકે છે. અથવા શ્રમિકો તેમનું નામ, સંપર્ક નંબર, ગામનું નામ અને તાલુકાના નામની વિગત સાથે ફોન નંબર ૯૯૦૪૩ ૪૧૫૫૮ ઉપર વોટ્સએપ પણ કરી શકે છે. મનરેગા યોજના હેઠળ જળસંચયના વિવિધ સામૂહિક કામો, ગામની ગૌશાળા, સ્મશાન, હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા તથા જાહેર સ્થળે

મહીસાગરથી ૪૦ કિમી દૂરથી તીડનું ટોળું મધ્યપ્રદેશ તરફ ફંટાતા ખેડૂતોમાં રાહત

મહીસાગર

રાજસ્થાનની સરહદે ત્રાટકેલા તીડ મહીસાગર જિલ્લા તરફ આવી ૪૦ કિમી દૂરથી એમપી તરફ ફંટાઈ જતાં હાલ પુરતું ખેડૂતોનું સંકટ ટળ્યું છે.આમ છતાં સંકટ પુરેપુરું ટળ્યું નહીં હોવાથી વહીવટી અધિકારીઓ ખેડૂતો સાથે સતત સંપર્કમાં છે. વડોદરા,ખેડા,પંચમહાલ અને દાહોદ જિલ્લાની નજીક આવેલા મહીસાગર જિલ્લાનો ખાનપુર તાલુકો રાજસ્થાનની સરહદને અડીને આવેલો છે.ગઈકાલે મહીસાગરથી ૧૫૦ કિમી દૂર તીડનું ટોળું દેખાયું હતું.જેના કારણે મહીસાગર અને આસપાસના જિલ્લાના ખેડૂતોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

ખાનપુરના તાલુકા વિકાસ અધિકારી અને ખેતીવાડી અધિકારીઓએ તીડના આતંકથી બચવા માટે ખેડૂતો સાથે મીટિંગો કરી તીડનો સામનો કરવા માટે સૂચનો કર્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ,તીડનું ટોળું મહીસાગર જિલ્લા તરફ આગળ વધ્યુ હતું અને ખાનપુર તાલુકાથી ૪૦ કિમી દૂર ડુંગરપુરના ગોલ ગામ સુધી આવી ગયું હતું.જેથી ત્યાંના ખેડૂતોએ તીડનો મુકાબલો પણ કર્યો હતો.પરંતુ ત્યારબાદ પવનની દિશાબદલાતા આ તીડ મધ્યપ્રદેશ તરફ ફંટાઈ ગયા છે.જેથી હાલ પુરતુ તીડનું સંકટ દુર થયુ છે.

આ અંગે મદદનીશ ખેતીવાડી અધિકારી સુમિતભાઈએ જણાવ્યુ હતું કે,તીડ ભલે મધ્યપ્રદેશ તરફ વળ્યા છે પરંતુ ખેતીવાડી તંત્ર દ્વારા તીડના સંક્રમણ પર નજર રાખવામાં આવી રહી છે.ગ્રામસેવકો અને ખેતી વિસ્તરણ અધિકારીઓને તીડની ગતિવિધિથી વાકેફ રહી ખેતીવાડી કચેરીને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી યોજના હેઠળ ૨૦૧૨ના પ્રોજેક્ટમાં ૧૦ કરોડનો ભ્રષ્ટાચારનો કોંગ્રેસનો આક્ષેપ

ભાવનગર

ભાવનગર જિલ્લાના સિહોરમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી યોજના હેઠળ સમગ્ર શહેરને પાણી પૂરું પડવાના રૂપિયા ૧૧ કરોડના વર્ષ ૨૦૧૨ના પ્રોજેક્ટમાં રૂપિયા ૧૦ કરોડનો ભ્રષ્ટાચાર જે તે સમયના નગરસેવકો અને અધિકારીઓ તેમજ નગરપાલિકા સ્ટાફ દ્વારા આચરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. જ્યારે આ કથિત ભ્રષ્ટાચારમાં સત્તારૂઢ ભાજપના જ નગરસેવકો પણ કોંગ્રેસના આક્ષેપને સમર્થન આપી યોગ્ય તપાસની માંગ તેમજ ભ્રષ્ટાચારીઓ સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

ભાવનગર જિલ્લાનું સિહોર કે જે વર્ષોથી પાણીની સમસ્યાથી પીડાઈ રહ્યું છે. અહીંયા આજદિન સુધીમાં કોઈ પણ પક્ષની નગરપાલિકા પાણીની સમસ્યાનું નિરાકરણ કરી શકી નથી. સિહોર કે જ્યાંની રચના ડુંગરાળ છે. અહીં અનેક વિસ્તારો ઉંચાઈ પર આવેલા છે. જેથી પાણીની સમસ્યા કાયમી રહે છે. આ પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨માં મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી યોજના હેઠળ ૧૧ કરોડની ખાસ ગ્રાન્ટ સિહોર નગરપાલિકાને ફાળવવામાં આવી હતી. જેમાં સિહોરમાં આગામી ૪૫ વર્ષને ધ્યાનમાં રાખી પાણીની કોઈ પારાયણ ન સર્જાય અને ઉચાણવાળા વિસ્તારોમાં પણ પ્રેશરથી પાણી પહોંચે તે પ્રમાણે શહેરના ગરીબ શાપરથી ગોહીલનગર, લીલાપીરથી રામનાથ, જીના દરબારગઢ, જૂનું ગામતળ, રાજીવનગર, ગુંદાળાથી લાલજીનગર સુધીના વિસ્તારમાં લોખંડની ડીઆઈ લાઈન દ્વારા પાણી પહોચતું કરવાનું હતું. જે કામ જે તે સમયના નગરસેવકો, નગરપાલિકાના અધિકારીઓ, સ્ટાફ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી પૂર્ણ થયું હતું.

આ ભ્રષ્ટાચાર અંગે કલેક્ટરને પણ લેખિત ફરિયાદ કરતા તેની તપાસ સિહોર ડે. કલેકટર સૈયદ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને ૧૩૬૫ પાનાનો ચુકાદો પણ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારે હવે સિહોરના નગરસેવકો સિહોર ગામના પાણીના પ્રશ્ન બાબતે ભાજપ કે કોંગ્રેસ ભૂલી એક બની આ યોજના અંગેની કામગીરી કોઈ પણ સંજોગોમાં પૂર્ણ થાય, જે લોકોએ ભ્રષ્ટાચાર કર્યો છે તે કસુરવારો સામે પગલા ભરી રકમની વસુલાત કરવામાં આવે અને સિહોરને પાણીની સમસ્યામાંથી મુક્તિ મળે તેવી કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ નગરસેવકો કરી રહ્યા છે.

જૂનાગઢ જીલ્લાના કેશોદ તાલુકામાં કોરોનાના વધુ ત્રણ કેસ આવતાં ખળભળાટ

જૂનાગઢ

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ જીલ્લાના કેશોદ તાલુકામાં વધુ ત્રણ કેસ પોઝિટિવ આવતાં ખળભળાટ મચી ગયો છે. પોઝિટિવ કેસમાં વધારો થતાં જ લોકોમાં ભયના માહોલ જોવા મળી રહ્યો છે. તમામ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જૂનાગઢના કેશોદમાં મુંબઈથી કેશો બસમાં પોતાના વતને આવ્યા હતા જેમાંથી ત્રણ લોકોને કોરોના પોઝિટિવ આવતાં ખળભળાટ મચી ગયો હતો. તમામ દર્દીઓને હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યાં છે. જ્યારે કુલ સખ્યામાં ૧૭ પર પહોંચી ગઈ છે. આ તમામ લોકો ૧૫ તારીખે મુંબઈથી કેશોદ આવ્યા હતાં. સમગ્ર જૂનાગઢમાં હાલ ૧૫ પોઝિટિવ કેસો છે જ્યારે ૩ લોકો સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૮ પોઝિટિવ કેસ સામે સવતા તંત્રમાં ગભરાટ

હિંમતનગર

ગુજરાતમાં લોકડાઉન ૪ આવ્યા બાદ કોરોના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. એક જીલ્લામાંથી બીજી જીલ્લામાં જવાની છૂટ મળતા હવે કોરોનાનો કહેર મોટા શહેરથી આગળ વધીને ગામડામાં પણ જોવા મળી રહ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં પણ આજે કોરોનાના વધુ ૮ પોઝિટિવ કેસ જોવા મળ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં આજે જે નવા કેસ આવ્યા છે તેમાં ઈડરમાં જલારામ મંદિર પાસે ૩૫ વર્ષીય યુવકને કોરોનાનો ચેપ લાગ્યો છે. ખેડબ્રહ્માના વરતોલ ગામના ૨૭ વર્ષીય મહિલા અને ૪ વર્ષીય બાળક, ખેડબ્રહ્માના નવાનાના ગામના ૨૩ વર્ષીય પુરુષ, વિજયનગરના ચિઠોડામાં ૫૦ વર્ષીય અને ૨૫ વર્ષીય પુરુષ, વિજયનગરના લીમડા ગામે ૪૨ વર્ષીય પુરુષને અને હિંમતનગરની ્સ્ઈઈજી કોલેજમાં નર્સના પતિને કોરોનો ચેપ લાગ્યો છે.

આ સાથે જ સાબરકાંઠામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૦એ પહોંચી ગઈ છે. જિલ્લામાં કુલ ૩ લોકોના કોરોનાને કારણે મોત થયા છે જ્યારે ૨૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૨૧ તારીખે સાંજે સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલી વિગતો અનુસાર રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૪ લોકોનાં મોત થયા છે. જેમાંથી ૬ નાં મોત પ્રાથમિક રીતે કોવિડ-૧૯નાં કારણે જ્યારે ૧૮નાં મોત કોરોના તથા કોમોબીડીટી, હાઈરીસ્ક જેવી અન્ય બીમારીના કારણે થયા છે. આજે અમદાવાદમાં ૧૭ , વડોદરા ૩, સુરત, આણંદ,ખેડા અને મહેસાણામાં ૧-૧ મોત થયું છે. રાજ્યમાં અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસ પૈકી ૫૨ દર્દી વેન્ટિલેટર પર છે અને ૬૫૯૭ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૫૪૮૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૬૬૧૫૨ ટેસ્ટ થયા જેમાંથી ૧૨૯૧૦ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે.

રાજ્ય સરકારનાં સબસલામતના દાવા પોકળ...!!?

ગુજરાતમાં કોરોનાના કુલ મૃત્યુઆંકના ૫૦ ટકા મોત માત્ર અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૭૭૪ પર પહોંચી ગયો છે. ત્યારે તેમાંથી ૩૫૧ મોત માત્ર અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલ અમદાવાદ સિવિલ હોસ્પિટલ માં થયા છે. અમદાવાદમાં કોરોના વાયરસ રોગીઓની સારવાર કરનારી અન્ય સરકારી હોસ્પિટલમાં સોલા સિવિલ હોસ્પિટલ અને એસવીપી હોસ્પિટલ છે. અસારવા વિસ્તારમાં આવેલ આ મોટી સિવિલ હોસ્પિટલને એશિયાની સૌથી મોટી નગરનિગમની હોસ્પિટલમાં સ્થાન મળ્યું છે. અહીં કોવિડ-૧૯ રોગીઓની સારવાર માટે ૧૨૦૦ બેડ ફાળવવામાં આવ્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકા નિગમ તરફથી મળેલ આંકડા અનુસાર, બુધવાર સુધી અસારવાની સિવિલ હોસ્પિટલમાં ૩૫૧ કોરોનાના દર્દીઓના મોત થઈ ચૂક્યા છે. તો અહીંથી અનેક લોકો રિકવર થઈને પરત પણ ફર્યા છે. આ ઉપરાંત એસવીપી હોસ્પિટલમાં પણ ૧૨૦ દર્દીઓના મોત થઈ ચૂક્યા છે. અહીં ૯૩૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામા આવી છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૯ કોરોનાના દર્દીઓનો જીવ ગયો છે. તો અહીં ભરતી થયેલ ૫૩ દર્દીઓ કોરોનાને માત આપી ચૂક્યા છે.

અમદાવાદના કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે મંગળવારે સિવિલ હોસ્પિટલમાં ઉચ્ચ મૃત્યુ દર અને રિકવર રેટ ઓછો હોવા પર સવાલ ઉઠાવ્યા હતા. તેઓએ આ મામલામાં નેશનલ માનવાધિકાર આયોગ (એનએચઆરસી)ને દખલ કરવાની માંગ કરે છે. દેશમાં હવે કોરોના દર્દીઓની સંખ્યા તેજીથી વધી રહી છે. તો ગુજરાતમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧૨૯૧૦ પર પહોંચી ગયો છે. તેમાંથી ૫૪૮૮ દર્દીઓ હોસ્પિટલમાંથી રિકવર થઈને પરત ફર્યા છે.

ઓડ ઈવન ફોર્મ્યુલા પ્રમાણે રવિવારે પણ રાજકોટમાં દુકાન ખોલી શકાશે, મનપાની જાહેરાત

રાજકોટ

રાજકોટમાં હવે રવિવારે પણ દુકાનો ખોલી શકાશે તેવી જાહેરાત મનપા કમિશનર ઉદિત અગ્રવાલ દ્વારા કરવામાં આવી છે. તેઓએ જણાવ્યું છે કે, રાજકોટમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દુકાન સિવાય રાજકોટમાં ઓડ ઈવન ફોર્મ્યુલા લાગુ કરવામાં આવી છે. સામાન્ય રીતે રવિવારે લોકો પોતાની દુકાનો બંધ રાખતા હોય છે. પરંતુ હવે વેપારીઓ પોતાની દુકાન રવિવારે પણ ઓડ ઈવન ફોર્મ્યુલા પ્રમાણે ખોલી શકશે. આવતા રવિવારે ૨૪ તારીખ છે તો બેકી સંખ્યામાં એટલે કે જે દુકાન પર બે નંબરના સ્ટીકર લાગ્યા છે તેઓ દુકાન ખોલી શકશે. જ્યારે તેના પછીના રવિવારે ૩૧ તારીખ આવે છે તો જે દુકાનની બહાર એક નંબનું સ્ટીકર લાગેલું છે તેઓ દુકાન ખોલી શકશે.

ઓડ ઈવન ફોર્મ્યુલમાં ઓડ એટલે કે એકી તારીખ હોય અને તેની દુકાન બહાર એક નંબરનું સ્ટીકર લગાવેલું તે વેપારીઓ દુકાન ખોલી શકે છે. જ્યારે ઈવન એટલે બેકી સંખ્યા કે જેની દુકાન બહાર બે નંબરનું સ્ટીકર લાગેલું હોય તેઓ દુકાન ખોલી શકે છે. આથી રવિવારે પણ ઓડ ઈવન ફોર્મ્યુલા પ્રમાણે દુકાન ખોલી શકાશે. સંખ્યા પ્રમાણે દુકાનો ખોલવામાં આવે છે પરંતુ આ મહિનાના અંતમાં એક સાથે બે એકી તારીખ આવે તો કઈ રીતે પાલન કરવાનું તે અંગે તંત્રએ કોઈ સ્પષ્ટતા કરી નથી.

સુરેન્દ્રનગરની કોવિડ હોસ્પિટલમાં દાખલ વિરમગામની મહિલાએ કોરોનાને હરાવ્યો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં હાલ કોરોનાના કેસોમાં ભારે વધારો થઈ રહ્યો છે, ત્યારે લોકો માટે સારા સમાચાર આવ્યા છે. સુરેન્દ્રનગરની કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી વિરમગામની મહિલાએ કોરોનાને મ્હાત આપી છે. ૧૧ મે, ૨૦૨૦ના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં મૂળ વિરમગામના વતનીનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા સુરેન્દ્રનગર સ્થિત કોવિડ હોસ્પિટલ ખાતે તેમને દાખલ કરવામાં આવ્યા હતા.

સુરેન્દ્રનગર કોવિડ હોસ્પિટલ ખાતે સઘન સારવાર બાદ તેમને તાવ, શરદી, ખાંસી જેવા કોઈ લક્ષણો ન જણાતા રાજ્ય સરકારની માર્ગદર્શિકા અન્વયે તેમને સુરેન્દ્રનગર કોવિડ હોસ્પિટલમાંથી આજે રજા આપવામાં આવી હતી. નોંધનીય છે કે, અગાઉ વિરમગાની એક વ્યક્તિનું આ હોસ્પિટલ ખાતે નિધન પણ થયું હતું. સુરેન્દ્રનગરની વાત કરીએ તો આજે ફરી જિલ્લામાં ૪ નવા કેસ આવ્યા છે. આ સાથે સુરેન્દ્રનગરમાં કોરોનાના દર્દીઓની કુલ સંખ્યા ૨૦ થઈ છે,

જેમાંથી ત્રણ લોકોએ કોરોનાને મ્હાત આપી છે, જ્યારે ૧૭ લોકો સારવાર લઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ મુળી તાલુકાના મુળી, ટીડાણા અને દાણાવાડા ગામમાં ૩ અને લખતર તાલુકાના ઈંગરોળી ગામમાં ૧ કોરોના પોઝિટિવ નોંધાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. તમામ ચારેય કોરોના પોઝિટિવ દર્દીઓને સારવાર અર્થે સુરેન્દ્રનગર શહેરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં તમામની ટ્રાવેલ હિસ્ટ્રી અમદાવાદ હોવાનું બહાર આવ્યું છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ગામડામાં ૪ કોરોના કેસ મળી આવતા ગ્રામજનોમાં ફફડાટ

અમદાવાદ

લોકડાઉન ૪માં છૂટછાટ આપ્યા બાદ હવે ધીમે ધીમે કોરોનો વ્યાપ ગુજરાતના મોટા શહેરથી આગળ વધીને નાના શહેર અને ગામડામાં ફેલાઈ રહ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આજે વધુ ૪ કોરોનાના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જિલ્લાના લખતર અને મુળી તાલુકામાં નવા કેસ નોંધાયા છે.

મળતી માહિતી મુજબ મુળી તાલુકાના મુળી, ટીડાણા અને દાણાવાડા ગામમાં ૩ અને લખતર તાલુકાના ઈંગરોળી ગામમાં ૧ કોરોના પોઝિટિવ નોંધાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.તમામ ચારેય કોરોના પોઝિટિવ દર્દીઓને સારવાર અર્થે સુરેન્દ્રનગર શહેરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં તમામની ટ્રાવેલ હિસ્ટ્રી અમદાવાદ હોવાનું બહાર આવ્યું છે.

આ સાથે જ સુરેન્દ્ર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૨૦ પર પહોંચી ગઈ છે. સુરેન્દ્રનગર જિલ્લામાંથી કુલ ૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે જ્યારે ૧૭ હજુ પણ એક્ટિવસ કેસ છે. રાજ્યની વાત કરીએ તો અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસ પૈકી ૫૨ દર્દી વેન્ટિલેટર પર છે અને ૬૫૯૭ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૫૪૮૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૬૬૧૫૨ ટેસ્ટ થયા જેમાંથી ૧૨૯૧૦ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે.

લોકડાઉનમાં રાજકોટ મધ્યસ્થ જેલમાં ચાર મોબાઈલ મળી આવતા ચકચાર

રાજકોટ

લોકડાઉન વચ્ચે રાજકોટ મધ્યસ્થ જેલ માંથી બેટરી સાથે ૪ મોબાઈલ મળી આવ્યા છે. એક તરફ લોકડાઉન તો બીજી તફર જેલમાં મોબાઈલ મળવાનો સિલસિલો યથાવત છે. અમદાવાદની ઝડપી સ્કવોર્ડએ જેલમાં તપાસ કરતા મોબાઈલ ફોન મળી આવ્યા છે. નવી જેલ વિભાગ ૧ના યાર્ડ નંબર પની બેરક ૪ અને બેરક ૨માંથી ચારેય ફોન મળી આવ્યા છે. સમગ્ર મામલે પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી તપાસ હાથ ધરાઈ છે. આ અગાઉ પણ લોકડાઉનમાં દડાના ઘા કરી જેલની અંદર પ્રતિબંધિત વસ્તુ પહોંચાડવામાં આવી હતી.

વડોદરા લોકડાઉનમાં ફીની ઉઘરાણી કરતી ત્રણ સ્કૂલોને DDOએ ફટકારી નોટિસ

વડોદરા

વડોદરા શહેરમાં લોકડાઉન વચ્ચે પણ શાળાઓ વાલીઓ પર ફી ભરવા માટે દબાણ કરી રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે.મળતી વિગતો પ્રમાણે આવી ત્રણ સ્કૂલોને ડીઈઓ કચેરીએ નોટિસ ફટકારીને વાલીઓ પાસે ફી નહી લેવાની તાકીદ કરી છે.આ ત્રણ સ્કૂલોમાં ફતેગંજ વિસ્તારની એક સ્કૂલ, નિઝામપુરા વિસ્તારની એક સ્કૂલ અને માંજલપુર વિસ્તારની એક સ્કૂલનો સમાવેશ થાય છે.

સરકારે લોકડાઉન વચ્ચે વાલીઓ પાસેથી ફી માટે દબાણ નહી કરવાની સૂચના આપી હોવાથી સ્કૂલોએ વાલીઓ પર ફી માટે દબાણ નહી કરવુ તેવી તાકીદ ડીઈઓ ઓફિસ દ્વારા સ્કૂલોને કરવામાં આવી છે.

બીજી તરફ સ્કૂલો દ્વારા માંગવામાં આવતી ફીને લઈને કોંગ્રેસ દ્વારા ડીઈઓ કચેરીમાં રજૂઆત કરવામાં આવી હતી.કોંગ્રેસનુ કહેવુ છે કે, લોકડાઉનના કારણે વાલીઓની આર્થિક હાલત ખરાબ છે અને તેમની બે મહિનાથી આવક પણ બંધ થઈ ચુકી છે ત્યારે સ્કૂલો દ્વારા ફી માંગવામાં આવે તે વ્યાજબી નથી.જેથી દરેક શાળાને સ્કૂલો શરુ ના થાય ત્યાં સુધી ફીની ઉઘરાણી નહી કરવા માટે સૂચના આપવામાં આવે.જો ડીઈઓ કચેરી દ્વારા ત્રણ સ્કૂલોને નોટિસો આપવામાં આવી હોય તો આ જ નોટિસો બીજી સ્કૂલોને પણ આપવામાં આવે.જો ડીઈઓ કચેરી દ્વારા સ્કૂલો સામે પગલા નહી લેવાય તો વડોદરા કોંગ્રેસ વાલીઓ માટે આંદોલન કરશે તેવી ચીમકી પણ કોંગ્રેસે આપી છે.

વડોદરા લોકડાઉનમાં પ્રતિબંધ છતાં કેરીનું જથ્થાબંધ વેચાણ કરતી ૧૫ વખારો બંધ કરાવાઈ

વડોદરા

લોકડાઉનના નિયમોમાં છૂટછાટ અપાયા બાદ ધંધા રોજગાર ચાલુ થયા છે, ત્યારે વડોદરામાં હાલ કેરીની સીઝનમાં કેરીના જથ્થાબંધ વેચાણની પરવાનગી નહીં હોવા છતાં ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં વેરાઈમાતાના ચોકમાં કેરીની ત્રણ દુકાન ચાલુ હતી, તે બંધ કરાવી હતી. કેરી ખરીદવા લોકોનો ધસારો ન થાય અને સોશ્યિલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને જથ્થાબંધ વેચાણ કરવા દેવામાં આવતું નથી.

જથ્થાબંધ શાકભાજી અને ફૂટના વેચાણ માટે સયાજીપુરા ખાતે માર્કેટ છે જ. માર્કેટ એરિયામાં સામાન્ય દિવસોમાં પણ કેરીની ખરીદી માટે ભીડ હોય છે. હાલ કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને બીજી સૂચના ન મળે ત્યાં સુધી કેરીની જથ્થાબંધ વેચાણની દુકાનો બંધ રખાવી છે. સોશ્યિલ ડિસ્ટન્સિંગ ન જળવાતા એક દુકાનને રૂા.૫૦૦ દંડ કરાયો હતો. આ સિવાય માર્કેટ વિસ્તારમાં કેરીની ૧૫ મોટી વખાર બંધ કરાવી હતી. જથ્થાબંધ માર્કેટ બંધ રાખવાની સૂચના હોવાથી હાલ ખંડેરાવ માર્કેટ ખાતે શાકભાજી અને ફ્રુટનું જથ્થાબંધ માર્કેટ શરૂ કરી શક્યુ નથી. કોર્પોરેશન દ્વારા શહેરમાં ચેકિંગ કરાયું ત્યારે દબાણ શાખાની ટીમે નવાયાર્ડ – છાણી વિસ્તારમાં ચાની બે લારી ખુલ્લી હતી તે બંધ કરાવી લારી જપ્ત કરી હતી.

લોકડાઉન ૪.૦માં અપાયેલ છૂટ તરફ સરકારનું વધુ કે પગલું

૧ જૂનથી દેશભરમાં ટ્રેનો દોડશે, ગુજરાતને ૧૦ ટ્રેન મળી, વધારે અમદાવાદને ફાળે

અમદાવાદ

કોરોનાના કારણે દેશમાં પહેલીવાર લાંબો સમય સુધી ટ્રેન વ્યવહાર બંધ રહ્યો છે, ત્યારે ૧ જૂનથી ૨૦૦ સ્પેશિયલ ટ્રેન રેલવેના પાટા પર પરત ફરશે. આ વખતે આ ટ્રેનોને સ્પેશિયલ નંબર સાથે દોડાવવામાં આવશે. એટલે કે, આ ટ્રેનોનો નંબર સામાન્ય નંબરોથી અલગ હશે. તેઓને સ્પેશિયલ નંબર લગાવીને દોડાવવામા આવશે. હાલ છેલ્લા કેટલાક દિવસોથી દેશભરમાં શ્રમિકો માટે ટ્રેન દોડાવવામા આવી રહી છે. જેમાં સૌથી વધુ ટ્રેનો ગુજરાતમાંથી દોડી છે. ત્યારે ૧ જૂન, ૨૦૨૦થી શરૂ થવા જઈ રહેલ ટ્રેનોમાં ગુજરાતને પણ કેટલીક ટ્રેનો મળી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાતને ૧૦ ટ્રેનો મેળી છે. જેમાંથી મોટાભાગની અમદાવાદ રેલવે સ્ટેશનથી જ દોડશે.

૧ જૂનથી દેશભરમાંથી ૨૦૦ ટ્રેનો દોડવાની છે. આ ટ્રેનો માટે બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. ૨૦૦ ટ્રેનની યાદી સાથે તેનાં નીતિ નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે. ૨૦૦માંથી ૧૦ ટ્રેન ગુજરાતને ફાળવવામાં આવી છે. ૧ જૂનથી દિલ્હી, મુંબઈ, અમૃતસર અને અમદાવાદથી ટ્રેનો શરૂ થવા જઈ રહી છે. મહત્તમ ૩૦ દિવસનું એડવાન્સ બુકિંગ થઈ શકશે અને ઓનલાઈન જ બુકિંગ થઈ શકશે. માત્ર એટલું જ નહીં જેટલી સીટ હશે એટલી જ ટીકિટ ઈસ્યૂ કરવામાં આવશે. હવે ૨૦૦ ટ્રેનની યાદી સાથે તેનાં નીતિ નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે. ૨૦૦માંથી ૧૦ ટ્રેન ગુજરાતને ફાળવવામાં આવી છે. જેમાંની મોટાભાગની ટ્રેનો અમદાવાદની છે.

અમદાવાદ-હાવરા એક્સપ્રેસ
દિલ્હી-અમદાવાદ આશ્રમ એક્સપ્રેસ
અમદાવાદ-દરભંગા સાબરમતી એક્સપ્રેસ
મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ
અમદાવાદ-વારાસણી સાબરમતી એક્સપ્રેસ
સુરત-છાપરા તામિ ગંગા એક્સપ્રેસ
અમદાવાદ-પટના અઝીમાબાદ એક્સપ્રેસ
અમદાવાદ-મુઝ્ઝફરપુર (વાયા સુરત)
અમદાવાદ-ગોરખપુર (વાયા સુરત)
અમદાવાદ-નિઝામુદ્દીન (ગુજરાત સંપર્ક ક્રાંતિ)

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ, ભુજ, ગાંધીધામ, સાબરમતી, પાલનપુર, મહેસાણા અને વિરમગામ સ્ટેશનથી સોશિયલ ડિસ્ટનસિંગના નિયમો સાથે ૨૨ મેથી રિઝર્વેશન કાઉન્ટર ખુલશે. જેના પરથી માત્ર કન્ફર્મ ટિકીટ મળશે. હાલ ટિકીટનું રિફંડ નહિ થાય.

દેશમાંથી મોકલાયેલા ૩૧ લાખમાંથી એક તૃતિયાંશ શ્રમિકો માત્ર ગુજરાતમાંથી

સરકાર લોકોની લાગણી, અપેક્ષા મુજબ છૂટછાટ આપવા તત્પર અને તૈયાર

વધુ ૫૫ ટ્રેનો દોડાવી રાજ્યમાંથી ૮૫ હજાર શ્રમિકોને વતન મોકલાશે

ગાંધીનગર

લોકડાઉનના ચોથા તબક્કામાં અનેક છૂટછાટ આપવામાં આવી છે. આ કારણે તમામ જગ્યાઓએ નવો માહોલ જોવા મળ્યો છે. મોટાભાગના લોકો માસ્કનો ઉપયોગ કરી રહ્યાં છે. નવી જીવનશૈલીને લોકો જવાબદારીથી અપનાવી રહ્યાં છે. પહેલા દિવસે થોડા ઘણા દ્રશ્યો ભીડના જોવા મળ્યા હતા, તેમાં સુધારો થઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લોકોની લાગણી, અપેક્ષા મુજબ છૂટછાટ આપવા તત્પર અને તૈયાર છે. ગઈકાલે એવી જાહેરાત કરાઈ હતી કે, આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ સાથે જોડાયેલા દુકાનોને ઓડ ઈવન ફોરમ્યુલા લાગુ પડશે નહિ. જીવનજરૂરિયાતની દુકાનો રોજ પ્રતિદિન ચાલુ રાખી શકાશે. પેટ્રોલ પંપ સવારે ૮ સાંજે ૬ વાગ્યા સુધી ખુલ્લુ રાખવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ પેટ્રોલપંપ અંગે રજૂઆત થઈ હતી જેનાબાદ આ સમયમર્યાદા અંગે ચેન્જ કરાયો છે. હાઈવે પર પેટ્રોલ પંપ આવતા હોય તેને આ સમય મર્યાદામાંથી મુક્તિ મળશે, તેઓ વધુ સમય સુધી હાઈવે પર પેટ્રોલ પંપ અને જરૂર પડે તો ૨૪ કલાક ચાલુ રાખી શકાશે.

તેમણે જણાવ્યું કે, લોકડાઉને કારણે દેશભરમાં ફસાયેલા પરપ્રાંતિયોઓને પોતાના વતનમાં મોકલવા મામલે ગુજરાત હાલ નંબર વન છે. સૌથી વધુ ટ્રેનો ગુજરાતમાંથી દોડાવવામાં આવી છે. ગુજરાતમાંથી ૨ મેના રોજ ૨ ટ્રેન ચલાવવામાં આવી હતી. જેના બાદ ગઈકાલ રાત સુધી કુલ ૬૯૯ ટ્રેન શ્રમિકો માટે ગુજરાતમાંથી રવાના કરાઈ છે. કુલ ૩૧ લાખ શ્રમિકોને દેશભરમાંથી એક રાજ્યમંથી બીજા રાજ્યમાં મોકલાયા છે. આ ૩૧ લાખ શ્રમિકોમાંથી ૧૦ લાખ ૧૫ હજાર એટલે કે એક તૃતિયાંશ શ્રમિકો માત્ર ગુજરાતમાંથી મોકલાયા છે. ૨૧ સુધી ૬૯૯ ટ્રેન અલગ અલગ રાજ્યોમાં રવાના કરાયેલી ટ્રેનમાં તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

થેંકયુ અમદાવાદ પોલીસ કમિશનરઃ આશીષ ભાટિયાએ પોલીસ માટે લીધો મહત્વનો નિર્ણય

કોરાનાની છેલ્લા સાંઈઠ દિવસથી ચાલી રહેલી લડાઈમાં સૌથી વધારે કફોડી સ્થિતિ પોલીસ જવાનો અધિકારીઓની થઈ છે.દેશની પહેલી આ માહમારી છે જેમા માહમારીને રોકવા માટે પોલીસને રસ્તા ઉપર ઉતારવાની ફરજ પડી છે, જેના કારણે પ્રજા સાથે પણ સતત પોલીસને ઘર્ષણમાં ઉતરવું પડયું છે અને તેમની ઉપર પથ્થરમારાની અનેક ઘટનાઓ ઘટી છે, લોકોની ચીંતા કરતી પોલીસ પણ આ માહમારીનો ભોગ બની છે, એકલા અમદાવાદમાં ૨૮૦ કરતા વધુ પોલીસ જવાનો અધિકારીઓ કોરોનાનો ભોગ બન્યા છે.

કોરોનાનો ભોગ થનાર પોલીસ જયારે સારવાર માટે સરકારી દવાખાનામાં જતી હતી ત્યારે તેમને બહુ માઠા અનુભવો થતાં હતા, અને યોગ્ય સારવાર મળી રહી નથી, અથવા તેમની તકેદારી રાખનાર કોઈ નથી તેવી લાગણી તેવો અનુભવી રહ્યા હતા,તાજેતરમાં અમદાવાદ ટ્રાફિક બ્રાન્ચમાં ફરજ બજાવતા હેડ કોન્સટેબલ વિષ્ણુ ચૌહાણને કોરાના થયા પછી અમદાવાદ સિવિલમાં જે અનુભવ થયો તે તેમણે ફેસબુક ઉપર મુકતા અમદાવાદ પોલીસ કમિશનર આશીષ ભાટીયા સહિત આ બાબત અનેક ઉચ્ચ પોલીસ અધિકારીઓના ધ્યાનમાં આવી હતી.

સમયની વક્રતા એવી છે કે પોલીસ જે આરોપીને પોલીસ પકડે તે આરોપીનો કોરોનોના ટેસ્ટ કરાવી કોર્ટમાં રજુ કરવાનો આદેશ છે, પરંતુ જયારે પોલીસ પોતાનો કોરોનોના ટેસ્ટ કરાવવા સિવિલ જતી હતી ત્યારે ડૉકટરો ગાઈડ લાઈનના બહાને ટેસ્ટ કરતા ન્હોતા, જેઓ દાખલ છે. તેમને યોગ્ય સારવાર મળતી નહીં હોવાની ફરિયાદ પણ ઉઠી હતી. અમદાવાદ પોલીસ કમિશનર આશીષ ભાટીયા સુધી આ ફરિયાદ પહોંચી ત્યારે તેમણે વિકટ પરિસ્થિતિમાં કામ કરતી પોલીસને ઉત્તમ સારવાર મળે તેવો નિર્ણય કરતા અમદાવાદની પ્રસિધ્ધ ખાનગી શેલ્બી હોસ્પિટલમાં પોલીસની સારવાર કરાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદી ડીસીપી કંટ્રોલ રૂમ વિજય પટેલે જણાવ્યુ કે હમણા સુધી ૨૮૦ જેટલા પોલીસ જવાનો સંક્રમણનો ભોગ બન્યા છે જેમાંથી ૯૧ હાલમાં સારવાર હેઠળ છે પણ હવે નરોડા ખાતે આવેલી શેલ્બી હોસ્પિટલમાં સારવાર મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાત અન્ય ખાનગી હોસ્પિટલ સાથે ચર્ચા ચાલુ છે. અમદાવાદ પોલીસ સહિત પોલીસની મદદમાં રહેલા ટીઆરબી અને હોમગાર્ડ જવાનો, એસઆરપી અને પેરામીલેટરીને પણ આ સેવાનો લાભ મળશે, આ સારવારનો તમામ ખર્ચ અમદાવાદ પોલીસ ઉપાડશે.

તાપી જિલ્લામાં ઔદ્યોગિક એકમો શરૂ થતા શ્રમિકોની અછત

સ્થાનિક યુવકોને રોજગારી માટે મોટી તક

સુરત

"COVID-૧૯"ની મહામારીને કારણે લાગુ "લોકડાઉન"ને પગલે રાજ્ય સમસ્તની જેમ, તાપી જિલ્લામાંથી પણ અસંખ્ય પરપ્રાંતીય શ્રમિકો તેમના વતન તરફ પ્રયાણ કરી ગયા છે. જેને લઈને સ્થાનિક ઔદ્યોગીક એકમોમાં કામદારોનીઅછત વર્તાવા લાગી છે.જેની અસર તાપી જિલ્લાના ઔદ્યોગીક એકમો ઉપર પણ જોવા મળી રહી છે.

જિલ્લાનાનાના-મોટા ઔદ્યોગીક એકમોમાંથી ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરીસ્સા વગેરે રાજયના પરપ્રાંતી શ્રમીકો પોતાના વતન જતા રહ્યા હોવાથી, તાપી જિલ્લાના સ્થાનિક યુવકોને રોજગારી મળી રહેતેવા ઉમદા આશય સાથે, જિલ્લાના ઉદ્યોગ ગૃહો પણ ફરી ધમધમતા થાય તે માટે તાપી જિલ્લા કલેક્ટરશ્રી આર.જે.હાલાણીએ,જિલ્લા રોજગાર કચેરીને જરૂરી સુચનો અને માર્ગદર્શન આપી, જિલ્લામાંથી સ્થળાંતરીત થયેલ શ્રમિકોનો સર્વેકરી,અહીના એકમોમાં સ્થાનિક યુવકોને રોજગારી મળી રહે તે માટે જરૂરી કાર્યયોજના ઘડી કાઢવા માટે જણાવ્યુ હતું.

જે મુજબ જિલ્લારોજગાર અધિકારી શ્રી એન. ડી. ભીલ તથા તેમની કચેરીના કર્મયોગીઓએ જુદી જુદી ટીમ બનાવી સ્થાનિક ઔદ્યોગીક એકમોનીમુકાલાત લઈ, સ્થળાંતરીત થયેલા પરપ્રાંતીઓનો સર્વે કરી જિલ્લામાં રોજગારીની ખાલી જગ્યાઓ મેળવીને, આજગ્યાઓ પર પ્રથમ તબક્કામાં ૧૦૦ થી વધુ સ્થાનિક યુવકોને રોજગારી અપાવવામાં સફળતા મેળવી છે.

જિલ્લા રોજગાર અધિકારી શ્રી એન.ડી.ભીલના જણાવ્યા મુજબ હજુ પણ તાપી જીલ્લામાં રોજગારીની વિપુલ તકો રહેલીછે, જે યુવાનો જિલ્લાના ઔદ્યોગીક એકમોમાં સ્કિલ લેબર તરીકે રોજગારી મેળવવા માંગતા હોય તેઓએ, જિલ્લારોજગાર કચેરીની ઈ-મેલ આઈ.ડી. mcctapi@gmail.com પર પોતાનો બાયોડેટા મોકલી આપવો. કે જેથી જરૂરિયાત અને લાયકાત મુજબ તેમને રોજગારી પૂરી પાડવા સાથે, ઉદ્યોગ ગૃહોને પણ સ્કિલ લેબર સરળતાથી ઉપલબ્ધ કરાવી શકાય.

"લોકડાઉન"ની સ્થિતિ વચ્ચે કાર્યરત જિલ્લા રોજગાર કચેરીના આ પ્રયાસોને બિરદાવતા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ જિલ્લા રોજગાર અધિકારી શ્રી એન.ડી.ભીલ સહિત કેરિયર કાઉન્સેલર સર્વશ્રી વિનોદ મરાઠે,વિરલ ચૌધરી તથા તેમની ટીમને અભિનંદન પાઠવ્યા છે.

સુરત રૂયતે હિલાલ (ચાંદ) કમિટી દ્વારા રમઝાન ઈદના ચાંદની ગવાહી આપવા જણાવાયું

તા. ૨૩-૦૫-૨૦૨૦ મુજબ ઈસ્લામીક રમઝાન મહિનાની ૨૯મીના શનિવારના રોજ સાંજે ચાંદ દેખાય તો આ બાબતે ગવાહી આપવા સુરત રૂયતે હિલાલ (ચાંદ) કમિટીની યાદીમાં જણાવાયું છે.

આ સંદર્ભે સુરત રૂયતે હિલાલ (ચાંદ) કમિટીના પ્રમુખ (સદર) મીર સૈયદ ફિરોઝ મીર સૈયદ ઈબ્રાહીમે જણાવ્યું હતું કે માહે રમઝાન ઈદનો ૨૯મીનો ચાંદ સર્વે મુસ્લિમભાઈઓએ જોવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જો ચાંદ દેખાય તો આ બાબતની ગવાહી તરતજ સુરત રૂયતે હિલાલ (ચાંદ) કમિટીને આપવી જેથી કરીને ચાંદ અંગેની જાણ સૌને કરી શકાય.

બહારગામના લોકોએ ચાંદ અંગે ૯૪૨૭૧ ૭૦૭૧૫, ૯૮૯૮૧ ૯૯૯૧૫, ૯૮૨૫૪ ૩૦૮૬૭, ૯૮૨૪૩ ૭૫૮૭૫, ૯૮૨૫૯ ૭૦૪૧૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

કાઈમ બ્રાન્ચ પોલીસે હનીપાર્ક રોડ પરથી દારૂ ભરેલી કાર પકડી

રૂા.૩.૯૪ લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

સુરત

ડીસીબી પોલીસે અડાજણ હનીપાર્ક રોડ પીનલ રો હાઉસ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે કાર જપ્ત કરી હતી. ડીસીબી પોલીસે બેની ધરપકડ કરી કાર-દારૂ મળી કુલ રૂા.૩,૯૪,૯૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ડીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે હનીપાર્ક રોડ પીનલ રો હાઉસ પાસેથી કાર નં.જીજે-૫-બીએક્સ-૫૯૮૭ જપ્ત કરી હતી. પોલીસે રૂપિયા ૯૧૪૪૦ની કિંમતનો દારૂ અને કાર મોબાઈલ ફોન સાથે કુલ રૂા.૩,૯૪,૯૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ડીસીબી પોલીસે આરોપી અલાઉદ્દીન ઉર્ફે કાલુ દાઢી, મોહમદ સઈદ ઉર્ફે બાબા પ્રાયમસની ધરપકડ કરી આરોપી સરવર શેખને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ઉધનામાંથી ઘાતકી હત્યા કરાયેલી યુવાનની લાશ મળતા ચકચાર

પોલીસને ઘટના સ્થળેથી રેમ્બો છરી મળી આવ્યો

સુરત

ઉધનામાં એક વ્યક્તિની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પોલીસને ઘટના સ્થળેથી એક રેમ્બો છરો મળી આવ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે. ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉધના શૌચાલય પાસેથી બાબુ પવાર નામના ૨૪ વર્ષીય યુવકની લાશ મળી આવી હતી. લોહીમાં લથબથ આ યુવકની હત્યા કરવામાં આવી હતી. મૃતક બાબુ ઉધના પટેલનગરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ઘટના સ્થળેથી રેમ્બો છરો કબજે કર્યો હતો. ઉધના પોલીસે તપાસ હાથ ધરી છે.

રેડઝોન રૂસ્તમપુરામાં જુગાર રમતા પાંચ લોકો ઝડપાયા

સુરત

કોરોનાગ્રસ્ત રેડઝોન વિસ્તારમાં સાંજે સાત વાગ્યા પછી કર્ફ્યુનો અમલ હોવા છતાં પણ રૂસ્તમપુરા ચલમવાડમાં જુગાર રમતાં પાંચ જણાંની સલાબતપુરા પોલીસે ધરપકડ કરી રોકડા રૂા.૧૦,૧૩૦ કબ્જે કર્યા હતા. આ તમામ આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા અને એપેડેમીક ડીસીઝ એક્ટ અન્વયે કાર્યવાહી કરવામાં આવી હતી. સલાબતપુરા પોલીસે બાતમીના આધારે રૂસ્તમપુરા ચલમવાડ પાસે જુગાર રમતાં મુસ્તુફા યુનુસ મિર્ઝા, ગૌરવ દિનેશ, રોશન જશવંત રાણા, શશીકાંત રાવલીયા, પ્રતિક નરેશની ધરપકડ કરી રોકડા રૂા.૧૦૧૩૦ કબજે કર્યા હતા.

નવસારી પોલીસ દ્વારા વધુ ૧૧૦ વાહનો જપ્ત

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા.૨૦ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્મ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૦૦ સામે એફ.આઇ.આર. કરવામાં આવી છે તેમજ ૨૩૬ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૨૦ વાહનો ડીટેઈન કરાયા હતા. વાહનચાલકો પાસે રૂ.૨૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. તા.૨૦ મે સુધીમાં કુલ ૧૦૧૫૮ એફઆઇઆર તેમજ કુલ ૧૧૨૬૩ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

હિટવેવ દરમિયાન લોકોને તકેદારી રાખવા અપીલ

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વિવિધ સૂચના

નવસારી

સમગ્ર ગુજરાત રાજ્યમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધી રહયું છે. નવસારી જિલ્લાના તમામ નાગરીકોને હિટવેવ દરમ્યાન તકેદારી રાખવા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા અપીલ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જણાવવામાં આવે છે કે, આ દિવસો દરમિયાન વધુ પડતી ગરમી શરીરને નુકશાનકર્તા હોઈ જીવન માટે ખતરો ઉભો થવા સંભવ છે માટે ગરમીના દિવસોમાં હિટ વેવથી બચવા શક્ય હોય ત્યાં સુધી ઘરની બહાર ન નિકળવુ, ઉઘાડા શરીરે ફરવું નહીં, ઉપવાસ કરવા નહીં તેમજ સુતરાઉ ખુલ્લા કપડા પહેરવા જણાવવામાં આવ્યું છે. સાથે સાથે સીધા સૂર્યપ્રકાશથી બચવું, વારંવાર શક્ય તેટલુ વધારે પાણી પીવું, માથુ અને ચહેરો કપડા, ટોપી કે છત્રીથી ઢાંકવો તથા બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક ન ખાવા તથા બજારમાં વેચાતા બરફનો ઉપયોગ ન કરવા પણ જણાવવામાં આવ્યું છે. તાવ આવવો, ગરમ અને સુકી ત્વચા, ધબકારા વધી જવા, ઝાડા-ઉલ્ટી થવા, માથાનો દુખાવો તથા ચક્કર આવવા એ લૂ લાગવાના લક્ષણો છે. લુ લાગવાની સ્થિતિમાં લીંબુ શરબત, મોળી છાશ, નાળિયેરનું પાણી, ખાંડ-પાણી અને મીઠાનું દ્રાવણ કે ઓ.આર.એસ.નું દ્રાવણ પુષ્કળ પ્રમાણમાં લેવા જણાવવામાં આવ્યું છે. ઉપરાંત આવા કોઈ લક્ષણો જણાય તો તાત્કાલીક તબીબી સહાય માટે ૧૦૮ નંબર પર અથવા નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવા નવસારી જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

'છાંયડો'એ લોક ડાઉનમાં ૫૫ દિવસમાં ૪૭.૯૭ લાખ ફૂડ પેકેટનું વિતરણ કર્યું

સહયોગ કરનાર સર્વેનો આભાર વ્યક્ત કરતા ભરતભાઈ શાહ

સુરત

સુરત માનવ સેવા સંઘ છાયડોએ લોક ડાઉનના સતત ૫૫ દિવસમાં ૪૭.૯૭ લાખ ફુડ પેકેટનું વિતરણ કર્યું છે. સુરત માનવ સેવા સંઘ છાંયડો અને તેની સહયોગી સંસ્થાઓ જેવી કે માહેશ્વરીભવન સમિતિ અને શ્રી માનસ મંડળ, શ્રી લક્ષ્મીનાથ સેવા સમિતિ અને આશીર્વાદ કોમ્પલેક્ષ પરિવાર તથા ઉમા ભવન કચ્છ સમાજ પરિવાર, બાબા ભોલેનાથ ભંડારા અગ્રસેન ભવન, રાધાકૃષ્ણ મંદિર, રાજસ્થાન છાંયડો પરિવાર, અંજની ઈન્ડસ્ટ્રીઝ કોસાડ, સરેલાવાડી જેરામભાઈ માનવસેવા ટ્રસ્ટ, દાદા ભગવાન સિટીલાઈટ, સિંધી સમાજ, આદિનાથ ગૃપ, ભારત-ભારતી ગૃપ, માસમા જહાંગીરપુરા ગૃપ તથા મોટી સંખ્યામાં અનેક સંસ્થાઓ સોસાયટીઓ અને એપાર્ટમેન્ટોના સહકારથી લોકડાઉનના ૫૫ દિવસમાં ૪૦.૯૦ લાખ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહે સર્વે સેવાભાવી સહયોગી સંસ્થાઓનો તથા વિનામૂલ્ય ભોજન બનાવવા માટે અમીધારા વાડી આપી તેમનો, કામધેનુ પાર્ટી પ્લોટ આપનાર શ્યામજીભાઈ રાઠી, ઉમા ભવનનો તથા નામી-અનામી સહયોગ આપનાર સર્વેનો આભાર માન્યો છે.

લોક ડાઉનની છુટ છાટમાં નિયમનું ચૂસ્ત પાલન કરવાની સૂચના

કન્ટેઈનમેન્ટ ઝોનમાં સંક્રમણનું જોખમ વધુ

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા લોકડાઉન ૪.૦માં આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે વ્યાપાર ઉદ્યોગોને કેટલીક છૂટછાટ સહિત વ્યાપાર ઉદ્યોગ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. હાલમાં સુરત શહેરમાં દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત જે કોઈ વ્યકિત પોતે કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા હોય અને તેમની દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ નોન-કન્ટેઈનમેન્ટ ઝોનમાં હશે તો પણ તેઓ પોતાની દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ શરૂ કરી શકશે નહી કારણકે કોરોના વાયરસના વધુ પોઝિટીવ કેસો હોય તેવા વિસ્તારને સુરત મહાનગરપાલિકા દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં સંક્રમણનું વધુ પ્રમાણ હોવાથી તે વિસ્તારના વ્યકિતઓ જો નોન-કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં પ્રવેશે તો ત્યાં પણ કોરોના વાયરસના સંક્રમણ થવાની શકયતા રહેલી છે. તેમજ નોન-કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા વ્યકિતઓ દ્વારા શરૂ કરવામાં આવેલ દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ પોતાની દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસની બહાર સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે ગ્રાહકોને ઉભા રહેવા માટેના સર્કલ બનાવવાના રહેશે તેમજ માસ્ક પહેરવાનું અને વારંવાર હેન્ડ હાઈજીનનું ધ્યાન રાખવાનું રહેશે અને જો આ બધી બાબતોનું પાલન નહી કરવામાં આવે તો દંડની કાર્યવાહી કરવામાં આવશે.

ડાયમંડ બુર્સમાં ફોરેન પોસ્ટ ઓફિસ માટે જગા ફાળવવા દિલ્હીમાં રજુઆત

સુરતના વિવિદ વિસ્તારોમાં નવી પોસ્ટ ઓફિસો શરૂ કરવા માંગણી

સુરત

ભારતીય પોસ્ટલ યુનિયન (ન્યુ દિલ્હી) ના જનરલ સેક્રેટરી (વર્ગ ૩) માજી મહામંત્રીશ્રી ઈરશાદ શેખે તાજેદરમાં ન્યુ દિલીહતી પ્લાનિંગ સેક્રેટરીશ્રીના ઉચ્ચ અધિકારીનો ફોન આવતા તાત્કાલિક દિલ્હી ગયા હતા. સુરતના માનવતા સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, નવસારીના સાંસદ માનનીય શ્રી સી.આર.પાટીલ સાહેબે ૨૧ જુલાઈ , ૯ સપ્ટે, ૨૩ ડિસે.ના રોજ સુરત પોસ્ટલ વિભાગના સમગ્રતા પ્રશ્નોનું આવેદન પત્ર આક્રમક રજૂઆત કરતાં માનનીવ સંસાચર મંત્રી રવિશંકરજીને ડાકભવન ન્યુ દિલ્હી મોકલ્યું હતું. આવેદનપત્રમાં જે વિસ્તાર વિકસિત નથી આવા, ખજોદ કે જવા ઈન્ટરનેશનલ ડાયમંડ બુર્સ તૈયાર થઈ રહેલ છે. આ વિસ્તારનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થયેલ હોય ત્યાં ફોરેન પોસ્ટ ઓફિસ માટે ૩ હજાર સ્કવેરફીટ જગ્યા માટે, સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એરપોર્ટ શોર્ટિંગ ઓફિસ બનાવતા કે જેથી વિવિધ એરપોર્ટ પર મુંબઈ, કલકત્તા, દિલ્હી, ચેન્નઈ, અમદાવાદ વગેરે સુરતની જનતાના ડાયમંડના પાર્સલો સ્પીડપોસ્ટ, રજીસ્ટર્ડથી તાત્કાલિક+શોર્ટિંગ થઈ જનતાને લાભ મળે ત્યાં ઘોડદોડ રોડ, એલપી સવાણી, જહાંગીરપુરા, વેડ રોડ ચાર રસ્તા, અમરોલી, ગણેશપુરા, કોસાડ આવાસ પર નવી પોસ્ટઓફિસ ખુલવા તથા દરેક કેડરમાં સ્ટાફ વધારવા રજુઆત થઈ હતી.

આત્મ નિર્ભર સહાય યોજનાનું ફોર્મ લેવા લોકો ઉમટી પડ્યાં

નાના દુકાનદારોએ બેંકો બહાર લાઈનો લગાવી

સુરત

રાજયના નાના દુકાનદારો, વ્યકિતગત વ્યવસાયિકો, વાળંદ, દરજી કામ, પ્લમ્બીંગ કામ, ઈલેક્ટ્રિશીયન, રેકડી કે ફેરી કરનારાઓને લોકડાઉનની સ્થિતિમાંથી પુનઃ બેઠા કરવા રાજય સરકારે 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' જાહેર કરી છે. આ યોજના અન્વયે રૂ. એક લાખ સુધીની લોન માત્ર બે ટકા વ્યાજે ત્રણ વર્ષ માટે સહકારી બેન્કો, અર્બન કો-ઓપરેટિવ બેન્કો તથા ક્રેડિટ સોસાયટીઓ દ્વારા આપવામાં આવશે. જેનું છ ટકા વ્યાજ રાજય સરકાર ભોગવશે. તા.૨૧મી થી આ યોજના ફોર્મ વિતરણનો પ્રારંભ થતાં લોનસહાયનો લાભ મેળવવા ઈચ્છતાં સુરતના હજારો નાના વ્યવસાયિકોનો ઉમળકાભેર પ્રતિસાદ મળ્યો હતો. સહકારી બેન્કો, અર્બન, ક્રેડિટ સોસાયટીઓ પર યોજનાનું ફોર્મ મેળવવા મધ્યમ વર્ગના વેપારી, સ્વરોજગાર કરતા લોકો ઉમટી પડ્યા હતા. તેમણે સ્વનિર્ભર બનવા માટે અને સ્વરોજગારને ફરીથી જીવંત બનાવતી રાજય સરકારની આ યોજનાકીય સહાયને આવકારી હતી. ખાસ કરીને નાના વ્યવસાયોમાં આત્મનિર્ભર યોજનાની સહાય નવા પ્રાણ ફૂંકશે એવો સૌએ સૂર વ્યક્ત કર્યો હતો.

અમદાવાદમાં ફેસબુકમાં હિંદુ દેવી-દેવતાઓ વિશે બીભત્સ પોસ્ટ મુકતા ફરિયાદ

અમદાવાદ

સોશ્યલ મીડિયા પર ધાર્મિક લાગણી ન દુભાય અને વર્ગ વિગ્રહ ન સર્જાય તે માટે સાયબર ક્રાઈમની ટિમ સતત આ પ્રકારની પોસ્ટ પર વોચ રાખતી હોય છે. અને આવી જ પોસ્ટ ફેસબુક પર મળી આવતા આઠેક જેટલા ફેસબુક આઈડી ધારક સામે સાયબર ક્રાઈમમાં આઈપીસી અને આઈટી એકટની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ ચુકી છે. આ તમામ પોસ્ટમાં ભગવાન શ્રી રામ, કૃષ્ણ અને સીતા માતા પર બીભત્સ લખાણ લખાયા છે.

સાયબર ક્રાઈમ સેલમાં ફરજ બજાવતા વાયરલેસ પી.એસ.આઈ એચ.એન.પ્રજાપતિએ ફરિયાદ નોંધાવી છે. સાયબર ક્રાઈમ દ્વારા સોશ્યલ મીડિયા પર વિવાદિત પોસ્ટ મુકાતી હોય તો તેની પર નજર રાખવામાં આવે છે. અને આ ટીમને આવી જ એક પોસ્ટ નજરમાં આવી હતી. હાલમાં ચાલી રહેલી કોરોનાની મહામારીમાં જનતા ત્રસ્ત થઈ ગઈ છે. અને આવા સમયમાં ધર્મને લગતી જ વિવાદિત પોસ્ટ અને લખાણ ગાંધીનગર ડિજી ઓફિસના ધ્યાને આવ્યું હતું. જે મામલો સાયબર ક્રાઈમને મેલ દ્વારા જણાવવામાં આવ્યો હતો.

જેની તપાસ કરતા જગદીશ ગોસ્વામી નામના ફેસબુક આઈડી પર એક પોસ્ટ મુકાઈ હતી. જેમાં હિન્દૂ દેવી દેવતાઓના બીભત્સ ફોટો મુકવામાં આવ્યા હતા. અને હિન્દીમાં કૃષ્ણ ભગવાન, રામ ભગવાન, સીતા માતા પર વિવાદિત પોસ્ટ મળી આવી હતી. જ્યારે સ્ક્રં ક્રૂક્રૈં નામના આઈડી પર શ્રીરામ વિશે બીભત્સ લખાણ લખ્યું હતું. આવી એક બે નહીં પણ અનેક વિવાદિત પોસ્ટ મળી આવી હતી. જેમાં બીભત્સ શબ્દો પણ ભગવાન વિશે લખાયા હતા. ફેસબુક આઈડી અને ગ્રુપ માં આ પ્રકારની પોસ્ટ સામે આવતા જ હવે સાયબર ક્રાઈમે કુલ આઠ ફેસબુક આઈડી ધારક સામે ગુનો નોંધ્યો છે. આ તમામ લોકોના આઈડી ના યુઆરએલ પરથી હવે પોલીસ તપાસ કરશે.

ફેસબુક આઈડી પરથી લખાયેલી આ પ્રકારની પોસ્ટથી ધાર્મિક દુષમની ઉભી થાય અને એક કોમની બીજી કોમ સાથે દુષમનાવટ ઉભી થાય તે હેતુથી કરાઈ હોવાનું માનીને પોલીસે ફેસબુક એકાઉન્ટ ધારક જગદીશ ગોસ્વામી, Md ali, Mofizul hoque, Datta tilewad, sham singh, Md irfan, Bilal hussain અને એક ફેસબુક ગ્રુપના એડમીન સામે ફેસબુક આઈડી આઈપીસી ૧૫૩, ૧૫૩ છ, ૧૫૩ ૩, ૧૨૦ ૩, ૨૯૪(૩) અને આઈટી એકટ ૬૬ સી, ૬૭ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

કોરોના વોરિયર બની અભિયાનમાં જોડાયા સુરત કલેકટરની જાહેર અપીલ

હું પણ કોરોના વોરિયર અભિયાનમાં સૌ ત્રણ સંકલ્પ કરે એ કાયમ પાલન કરે

સુરત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણ સામેની સીધી લડાઇમાં રાજયના સૌ નાગરિકો-જનતા જનાર્દનને કોરોના વોરિયર્સની ભૂમિકા નિભાવવાનું પ્રેરક આહવાન કર્યુ છે. ''હું પણ કોરોના વોરિયર' અભિયાનની તા.૨૧ થી ૨૭મી સુધી એક સપ્તાહ દરમિયાન ચાલશે.

જેના ભાગરૂપે આજરોજ સુરત જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, ચેમ્બર્સના, ક્રેડાઈ તથા વિવિધ એન.જી.ઓના પ્રતિનિધિઓની હાજરીમાં ''હું પણ કોરોના વોરીયર'' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. અભિયાનમાં 'હું પણ કોરોના વોરિયર' અભિયાન અન્વયે સૌને ત્રણ મહત્વપૂર્ણ સંકલ્પો લેવાના રહેશે. જેમાં (૧) પરિવારના વડીલો અને બાળકો ઘરમાં જ રહે તેનું ખાસ ધ્યાન રાખવા (૨) માસ્ક પહેર્યા વગર અને કારણ વગર ઘરની બહાર ન નિકળવા તથા (૩) દો ગજ કી દૂરી રાખવા એટલે કે સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું અનુપાલન કરવાનું રહેશે.

અભિયાનના બીજા દિવસે તા.૨૨મી મેના રોજ સૌ પોતાના વડીલો દાદા-દાદી, માતા-પિતાનું સન્માન કરતાં તેમની સાથે સેલ્ફી લઈને 'હું પણ કોરોના વોરિયર'ના હેઝટેગ સાથે પોતાના સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરે અને વડીલોનું સન્માન આદર કરે.

જિલ્લા કલેકટરશ્રીએ સૌ પરિવારજનોની કાળજી રાખી કોરોના સંક્રમણથી બચવા સુરક્ષિત રહેવા 'હું પણ કોરોના વોરિયર' અભિયાનમાં સૌ જન-જન સહયોગી બને તેવી અનુરોધ કર્યો હતો.

ટ્રાફિકજામ સાથે ભાજપના સાંસદોએ પગપાળા નીકળીને સુરતવાસીઓનો આભાર માન્યો



સુરત

ભાજપના સાંસદો પગપાળા નીકળીને સુરતવાસીઓનો આભાર માન્યો હતો. પણ આ આભાર માનવા માટે નેતાઓ કાર્યકરોનો કાફલો લઈને નીકળી પડ્યા હતા જેને કારણે પોલીસનું કામ વધી પજ્યુ હતુ અને ટ્રાફિક જામ થઈ ગયો હતો. સુરતના સાંસદ અને ધારાસભ્યએ જનતાનો આભાર માન્યો. સાંસદ અને ધારાસભ્યએ કોરોનામાં લોકોના સહયોગ માટે ચાલતા નીકળી અને લોકોના આભાર માન્ય મજૂરા વિધાનસભામાં ધારાસભ્ય અને સાંસદ સાથે નીકળ્યા. તેમની સાથે કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. કાર્યકરોના કાફલા સાથે નીકળેલા ભાજપના આ નેતાને કારણે ટ્રાફિક જામ થયો હતો. C R પાટીલ સાથે જોડાયેલા કાર્યકરોને કારણે રોડ ઉપર ટ્રાફિક જામ્યો હતો. પોલીસે ઉપરથી આ વ્યવસ્થામાં જોતરાવું પડ્યુ હતુ.

સુરત જિલ્લામાં વધુ ૪ કેસ નોંધાતા કુલ સંખ્યા ૯૦: ૫૦ દર્દીઓ ડીસ્ચાર્જ

સુરત

સુરત જિલ્લામાં આજે ૦૩ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૫૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૮૬ હતી, જેમાં ૦૪ કેસનો વધારો થવાથી આજે કુલ ૯૦ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી પલસાણા તાલુકાના વરેલી ગામના ૦૧, ગંગાધરા ગામના ૦૧, ચોર્યાસી તાલુકાના લાજપોર ગામના ૦૧ તેમજ બારડોલી તાલુકાના કરચકા ગામના ૦૧ મળી આજે ૦૪ કેસો મળી કુલ ૯૦ કેસો આવ્યા છે. કુલ ૮૦૨૬ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૯૦ પોઝિટીવ અને ૭૯૯૧ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૯ એક્ટિવ ક્લસ્ટર જેમાં, અંધાત્રી, બડતલ-સરકુઈ, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દિવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી(ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ(શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લિંડીયાત, કપ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર(ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાદ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.) કન્ટેઈનમેન્ટ ક્લસ્ટર વિસ્તારનાં કુલ ૧૭,૧૧૫ ઘરો અને કુલ વસ્તી ૭૩,૨૨૪ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૪ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૩૯૦ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૭૦ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૫૬૦ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૧૭૭ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૩૮૩ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સ્ટેટ તથા નેશનલ હાઈ-વેના પેટ્રોલ પંપ રાબેતા મુજબ ચાલુ રહેશે

ઉદ્યોગો સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે

નવસારી

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. જે સંદર્ભે કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું, જે તા.૩૧/૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવ્યું છે. નવસારી જિલ્લામાં કોરોના વાઈરસનું સંક્રમણ ફેલાય નહીં તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ કેટલાક નિયંત્રણો જાહેર કર્યા છે.

જાહેરનામામાં જરૂરી સુધારા કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયની તમામ અન્ય પ્રવૃત્તિઓ ચાલુ રહેશે. ઉદ્યોગો તથા પેટ્રોલપંપ સવારે ૮-૦૦ થી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. તે દરમિયાન કોઈ પાસની મંજૂરીની આવશ્યકતા નથી. ઔદ્યોગિક વસાહતો ધરાવતાં કારખાનાં અને સતત પ્રક્રિયા જરૂરી હોય તેવા કારખાના કોઈપણ જાતની બાહ્ય અવર-જવર વિના ચાલુ રાખી શકાશે. સ્ટેટ હાઈવે તથા નેશનલ હાઈવે પરના પેટ્રોલપંપ સમયના કોઈપણ બાધ વગર ચાલુ રાખી શકાશે. તે સિવાયના વિસ્તારોમાં આવેલા પેટ્રોલપંપો સવારે ૮-૦૦ વાગ્યા થી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે.

વાપી બંધની અપીલને વેપારીઓ અને જનતાએ આપ્યું સંપૂર્ણ સમર્થન



વાપી

શહેરમાં અને નોટિફાઇડ વિસ્તારમાં કોરોનાના સંક્રમણ રોકવા કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં પાલિકા, વીઆઇએ, વેપારી મંડળના હોદેદારોની હાજરી વચ્ચે ૨૪ મે સુધી વાપી શહેરને સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો, જેના પ્રથમ દિવસે વેપારીઓએ અને લોકોએ સજ્જડ સમર્થન આપ્યું હતું. પ્રજાના આ સમર્થનનો વાપી નગરપાલિકાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે આભાર માન્યો હતો.શહેરમાં છેલ્લા થોડા દિવસોથી કોરોનાના કેસોની સંખ્યા વધી છે. આગામી દિવસોમાં કેસો ન વધે તે માટે બુધવારે કલેક્ટર સી. આર. ખરસાણની અધ્યક્ષતામાં વાપી તાલુકા સેવા સદનમાં બેઠક મળી હતી. જેમાં પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, વીઆઇએ પ્રમુખ પ્રકાશ ભદ્રા, પાલિકા પ્રમુખ વિઠ્ઠલ પટેલ, વેપારી એશોસિયનના હોદેદારો અને અધિકારીઓની હાજરી વચ્ચે વાપી શહેર ૨૪ મે સુધી સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી પારડીના ધારાસભ્યએ સ્વૈચ્છિક બંધ રાખવા અનુરોધ કરતાં આ નિર્ણય લેવાયો હતો. જો કે આવશ્યક ચીજ વસ્તુઓ સવારે ૮ થી ૧૨ સુધી મળી રહેશે. છેલ્લા ૪ દિવસમાં વાપીમાં ૮ કેસો નોંધાયા છે. જેને ધ્યાને રાખી લેવાયેલા આ નિર્ણય બાદ ગુરુવારે વાપીની મુખ્ય બજાર સહિત અન્ય વિસ્તારોની તમામ બજારો સ્વયંભું બંધ રહી હતી. આ અંગે વાપી નગરપાલિકાના અધ્યક્ષ વિઠ્ઠલભાઈ પટેલે લોકોનો આભાર માની જણાવ્યું હતું કે લોકડાઉન બાદ સરકારે દુકાનો ખોલવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

સુરતમાં વધુ ૩૫ શ્રમિક ટ્રેન ત્રણ ટ્રેનો ઓરિસ્સામાં પણ જશે

તા. ૨ મે બાદ સુરતથી ૨૬૫ શ્રમિક ટ્રેનોમાં હજારો શ્રમિકો વતન રવાના

સુરત

લોક ડાઉનમાં અટવાય પડેલા લાખો શ્રમિકોએ વતનની વાટ પકડી છે. પ્રતિદિન સુરતથી હજારો પરપ્રાંતિય શ્રમિકો સ્પેશિયલ ટ્રેન મારફતે વતન જઈ રહ્યાં છે. ગઈ કાલે સુરત અને ઉધના રેલવે સ્ટેશનથી ૨૪ ટ્રેનોમાં શ્રમિકો વતન રવાના થયા બાદ આજે વધુ ૩૫ સ્પેશિયલ ટ્રેનો વડી શ્રમિકો વતન જઈ રહ્યાં છે.

આજે સવારથી સુરત અને ઉધના રેલવે સ્ટેશનથી ક્રમશ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ઉપડી રહી છે. આજે સવારથી મોડી રાત સુધી ઉત્તર પ્રદેશ અને બિહાર માટે ૩૫ શ્રમિક ટ્રેનો ઉપાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજે સવારથી બપોર સુધીમાં સુરત અને ઉધના રેલવે સ્ટેશન પરથી ૧૪ જેટલી ટ્રેનોમાં શ્રમિકો ઉત્તર પ્રદેશ તથા બિહારમાં રવાના થયા છે. અને બાકીની ટ્રેનો ઉપડવાની તૈયારીઓ થઇ રહી છે. આજે રાત સુધીમાં ૩૫ ટ્રેનો ઉપાડવાનું આયોજન સુરત જિલ્લા કલેકટર દ્વારા કરાયું છે. ગઈ કાલે ૨૪ ટ્રેનોમાં હજારો શ્રમિકો વતન ગયા હતા. તેજ રીતે આજે આખો દિવસ દરમિયાન ૩૫ ટ્રેનો ઉપડવાની છે. આજે ૧૫ ટ્રેનો ઉત્તર પ્રદેશ માટે અને ૨૦ ટ્રેનો બિહાર તરફ રવાના થઈ રહી છે. સુરતમાં પાંડેસરા, સચિન, કડોદરા, કામરેજ, ઉધના , કતારગામ, એકે રોડ, હજીરા વગેરે વિસ્તારના પરપ્રાંતિય ચાર લાખ શ્રમિકો ટ્રેન મારફતે વતન પહોંચી ગયા છે. ગત તા. ૨ મે થી ગઈ કાલે રાત્રિ સુધી કુલ ૨૬૫ સ્પેશિયલ ટ્રેનો સુરતથી દોડાવાઈ હતી. જેમાં આજે વધુ ૩૫ ટ્રેનોં દોડાવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. વાવાઝોડાના કારણે ઓરિસ્સાની ટ્રેન રોકી દેવાઈ હતી. હવે આવતી કાલે શનિવારે ઓરિસ્સા માટે ત્રણ ટ્રેનો દોડાવાશે.

લોક ડાઉનમાં જૂનાગઢમાં ફસાયેલા ૨૩૦ લોકોને સુરત પરત લવાયા

સામાજીક અગ્રણી પ્રવીણ ભાલાળાએ સોશિયલ મીડિયા દ્વારા અભિયાન હાથ ધર્યું

સુરત

કોરોનની મહામારી અને ૫૦ દિવસથી દેશમાં લોક ડાઉનના કારણે જ્યાં ગયા હતા ત્યાં જ લોકો ફસાઈ ગયા હતા . આવા સમયે જૂનાગઢ જિલ્લાના અલગ અલગ ગામોમાં લોક ડાઉનના કારણે છેલ્લા ૫૦ દિવસથી ફસાયેલ હોય તેવા લોકોને સુરત પરત લાવવાનું એક અભિયાન ચાલુ થયું હતું

આ સમગ્ર કામગીરીમાં સુરતથી પ્રવીણ ભાલાળા અને જૂનાગઢથી કિરીટભાઈ પટેલે આગેવાની લીધી હતી. આ અંગે સુરતથી સમગ્ર અભિયાનના પ્રણેતા એવા પ્રવીણ ભાલાળાએ જણાવ્યું હતું કે જૂનાગઢ જિલ્લાના અલગ અલગ ગામમાં સિંગલ સિંગલ લોકો મહિલાઓ, વૃધો અને બાળકો સહીત મરણવિધિ અને પ્રસંગોપાત ગયા હોય તેવા તમામ લોકો છેલ્લા ૫૦ દિવસથી ફસાયેલ હતા તે સુરતના રહેવાસી હતા પણ લોક ડાઉનના કારણે છેલ્લા ૫૦ દિવસથી જૂનાગઢ જિલ્લામાં ફસાયેલા હોય તેવા લોકોને સુરત પરત લાવવાનું એક અભિયાન તારીખ.૮.૫.૨૦૨૦ ના રોજ ચાલુ થયું હતું.

આ આખું અભિયાન સોશ્યિલ મીડિયાના માધ્યમથી ચાલ્યું અને એક પછી એક ફસાયેલ લોકો અમારો સંપર્ક કરવા લાગ્યા. જૂનાગઢથી મંજૂરી મેળવીને ૭ બસના માધ્યમથી ૨૩૦ સાચા પીડિત લોકોને તેમના ઘરે સુરત લાવી પરિવાર સાથે મિલન કરાવાયું હતું.

સુરત થી જૂનાગઢના ટ્રાવેલ્સમાં ૧૨૦૦ રૂપિયા હતા ત્યારે અમે જૂનાગઢ થી સુરત ૬૦૦ અને ૭૦૦ રૂપિયાના સિંગલ ભાડામાં ૨૩૦ લોકોને સુરત લાવ્યા હતા.આ અભિયાન તારીખ.૧૮.૫.૨૦૨૦ ના રોજ ૧૦ દિવસ બાદ સંપન્ન થયું. જૂનાગઢ જિલ્લામાંથી સુરત પરત આવેલ તમામ ૨૩૦ મુસાફરને નવા માસ્ક આપી સેનિટાઈઝરથી હાથ સાફ કરાવીને જ પોતાના ઘરે જવા માટે વ્યવસ્થા કરવામા આવતી હતી..

રાત્રી સમયે કરફ્યુમાં કારણ વગર બહાર નિકળેલા ૫૪ની ધરપકડ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૫૪ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૧૩ લોકોના વાહનો જમ કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૪,૯૭૧ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૬,૫૪૮ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ચોથા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

પલસાણામાં કોરોના વાયરસના વધુ બે કેસ પોઝિટિવ નોંધાયા

કડોદરા

સુરત જીલ્લાના પલસાણા તાલુકામાં કોરોનાના બે અલગ અલગ કેસ ગઈ કાલે નોંધાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર પહેલા કેસમાં વરેલી ખાતે રહેતા અંશુ રાધેશ્યામ કનોજિયા ઉ.વ.આ. ૨૪ પરિવાર સાથે રહી ગુજરાત ચલાવે છે. બે રોજગાર બનતા ગઈકાલે પરિવાર સાથે વતન જવાનો હતો. દરમિયન અચાનક તાવ ખઆસી આવતા તબિયત લથડતા ચેક કરતા કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા કડોદરા પ્રાથમિક ારોગ્ય કેન્દ્ર દ્વારા તેમને તાત્કાલિક બારડોલી નજીક ઉકા, તરસાડીયા યુનિવ સિટી કેમ્પસમાં આવેલ કોવિડ ૧૯ હોસ્પિટલમાં ખસેડાયા છે. જ્યારે બીજા કેસમાં પલસાણા તાલુકાના ગંગાધરા ખાતે આવેલા ક્રિષ્ના વિલામાં રહેતી સબા મોહમ્મદ રેયાન ઉ.વ.આ. ૨૨ નામની મહિલા પાંચ માસના સંતાન સાથે ગઈ કાલે મહારાષ્ટ્રના ભીવડી ખાતે માયકામાંથી મગત રોજ રાત્રે ગંગાધરા ખાતે પોતાના સાસરે આવી હતી તે દરમિયાન સબાને ખાશી સરદી અને ગળામાં ખજવાલ સાથે કોરોનાના લક્ષણો દેખાતા તેના રિપોર્ટ લઈને સુરત સિવિલ ખાતે મોકલ્યા હતા. જ્યા સબા મોહમ્મદ રીયાનનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેને ગંગાધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા તેમને માલીબા કેમ્પસમાં કોવિડ હોસ્પિટલમાં મહુવા ખાતે ખસેડવામાં આવી છે. યોગ્ય વિસ્તાર કોરોન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

જામ કંડોરણા ચરેણ ગામમાં દલીત મહિલાની હત્યા કરનાર આરોપીની ધરપકડ કરવા માંગ

ગંભીર પ્રકરણમાં મુખ્યમંત્રીને હસ્તક્ષેપ કરવાની માંગણ

સુરત

મેઘવા સમાજના સામાજીક કાર્યકર્તા શ્રી ગોપાલ ગોહિલ એક નિવેદનમાં જામ કંડોરણા ચરેણે ગામમાં રહેતી દલિતા પરિવારની દિકરી ચંદીકા બેન બોરિચા અને તેમની બે બહેન પણીઓને સાથે ખેત મંજુરીના કામે જઈ રહી હતી ત્યારે આ ગામના માથા ભારેલ યુવરાજ સિંહ જાડેજા નામના શખ્શે પ્રાઘસી આવી ચંદ્રિકાબેન બોરિયાનો હાથ પકડીને આબરૂ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે મહિલાએ સામનો કરતા યુવકે ઉશ્કેરાય જઈ પાવડાના ફટકામારી ચંદ્રિકાબેનની ઘાતકી હત્યા કીર નાંખી હતી. તેમની સાથે રહેલા બે બહેનો ને પણ માર મારેલો હતો.

તેને કડક શબ્દોમાં વખોડી કાઢી મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી તથા ગૃહમંત્રી આ બાબતે તાકીદે તપાસ કરાવી આરોપીની ધરપકડ કરે તેવી માંગણી કરાઈ છે.

અમ્ફામ વાવાઝોડાની અસર નાબૂદ દક્ષિણ ગુજરાતના તાપમાનમાં વધારો

સુરત

બંગાળની ખાડીમાં સર્જાયેલા અમ્ફામ ચક્રવાત ની અસર પૂર્ણ થયા બાદ હવે દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી અને બફારાનો અનુભવાઈ રહ્યો છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશાથી ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. સાંજ સુધી ગરમીનો પારો બે થી ત્રણ ડિગ્રી વધી જાય તેવી પૂરી શક્યતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૭ % અને હવાનું દબાણ ૧,૦૦૭.૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના સરેરાશ ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઈ રહી છે. મે મહિના દરમિયાન તાપમાન નો પારો વધી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન વાતાવરણમાં પલટા નો અનુભવ થશે. આજે શુક્રવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાઈ છે.

કોંગ્રેસના ખેડૂત નેતાની રાજકોટમાં ધરપકડના વિરોધમાં સુરત NSUIએ આપ્યું આવેદનપત્ર



સુરત

રોજકોટમાં પીએમ ફંડમાં ખેત પેદાશો જમા કરાવવા ગયેલા કોંગ્રેસના ખેડૂત અગ્રણીની ધરપકડનો વિરોધ સુરતમાં પણ થયો છે. સુરતમાં એનએસયુઆઈના કાર્યકરો દ્વારા સમગ્ર ઘટનાને આકરા શબ્દોમાં વખોડી કાઢવામાં આવી છે. સાથે જ એનએસયુઆઈના કાર્યકરોએ કહ્યું કે, ધરપકડ કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ. કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપતાં એનએસયુઆઈના કાર્યકરોએ ચીમકી આપી કે,

જો ન્યાય નહીં મળે તો તેઓ આગામી દિવસોમાં ગુજરાતભરમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે. હાલના કપરા સમયમાં અગ્રણીઓ સાથે થતો દુર્વ્યવહાર સાંખી લેવામાં આવશે નહી તેમ પણ વધુમાં ઉમેર્યું છે. સુરત ક્લેક્ટર કચેરીએ આવેદનપત્ર આપવા પહોંચેલા એનએસયુઆઈના મિતેશ હડીયાએ જણાવ્યું હતું કે, હાલ કોરોનાના કારણે દેશના હાલ બેહાલ થઈ ગયા છે ત્યારે રાજકોટમાં કોંગ્રેસના ખેડૂત અગ્રણી પાલ આંબલીયા દ્વારા ખેત પેદાશો પીએમ ફંડમાં જમા કરાવવાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.

એ વખતે તેમને માર મારીને ધરપકડ કરવામાં આવી હતી. પાલ આંબલીયા બેભાન થઈ ગયાં હતાં. તો પણ તેમની તંત્ર દ્વારા ધરપકડ કરવામાં આવી જેનો એનએસયુઆઈએ વિરોધ કર્યો છે અને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

લોક ડાઉનમાં સુરતમાંથી ૩.૯૨ લાખ પ્રવાસી લોકોને વતન પરત મોકલાયા

સુરતમાં ૬૭.૬ ટકા રિકવરી રેટ સૌથી શ્રેષ્ઠ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૦ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રિકવરી રેટ જે ૬૭.૬ થયો છે એ સૌથી શ્રેષ્ઠ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા શરૂ કરવામાં આવેલા 'હું પણ કોરોના વોરિયર' અભિયાન અંતર્ગત શહેરના તમામ બાળકો તેમજ વડીલોની સુરક્ષાનો સંકલ્પ કરવામાં આવશે. વડીલોની સુરક્ષાની કાળજી રાખવામાં પાલિકા છેલ્લાં ઘણાં દિવસોથી અગ્રેસર છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૫૨૦૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં પ૬૮ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૪૭ લોકો છે. ૧૭૯૦ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૧૪ લાખ ૮૩ હજાર કરતા વધુ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યું છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૪૧ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. ૭૫ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

અત્યાર સુધીમાં ૧૮ લાખથી વધુ લોકોને હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે, આયુષ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ આ દવાનું વિતરણ થતું હોવાથી તમામ લોકોએ સવારે ઉઠ્યા પછી ભૂખ્યા પેટે હોમિયોપેથી દવાનું સેવન કરવું જોઈએ, જે સ્વાસ્થ્ય માટે હિતાવહ છે એમ કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું. અત્યાર સુધી ૩,૯૨,૩૯૫ કરતા વધુ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના ઘરે મોકલવામાં આવ્યા છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું સતર્કતાપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

લોકડાઉનમાં રાહત આપતાં ખોલવામાં આવેલી તમામ દુકાનો અને ઉદ્યોગોના કામદારોને આરોગ્ય સેતુ એપ્લીકેશન ડાઉનલોડ કરવી ફરજિયાત છે. હાલ, ૧૧,૫૪,૪૧૭ લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી છે. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૯૦ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૧૧૮૬ અને જિલ્લાના ૯૦ મળીને કુલ ૧,૨૭૬ કેસો નોંધાયા છે.

જલાલપોરના વિવિધ ગામોની મુલાકાત લેતા ડીડીઓ પારિક

વિવિધ કામગીરીનું જિલ્લા વિકાસ અધિકારીએ નિરીક્ષણ કર્યું

નવસારી

નવસારી જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશસ્તિ પારીકે જલાલપોર તાલુકાના દરિયાકાંઠાના વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમજ માછીમારો સાથે સંવાદ કરી તેમના પ્રશ્નો અને સમસ્યા સાંભળી હતી. કસ્તુરબા સેવાશ્રમ-મરોલી ખાતેની મુલાકાત દરમિયાન વિવિધ કામગીરી અને પ્રવૃત્તિનું જાત નિરીક્ષણ કર્યુ હતું. આશ્રમશાળાના બાળકો માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાનું સૂચન કર્યુ હતું.

મહુવર સી.એચ.સી.ની મુલાકાત લઈ વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. કોવિડ-૧૯ દરમિયાન કરેલી કામગીરી માટે અભિનંદન આપ્યા હતાં. તેમજ મનરેગા યોજનાના કામની મુલાકાત લઈ ત્યાં કામ કરતાં મજૂરો સાથે મુલાકાત કરી હતી. ૧૪ માં નાણાંપંચ અંતર્ગત ચાલતા કામોનું સ્થળ નિરિક્ષણ કર્યુ તથા પીવાના પાણીની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. નડોદ ખાતેના સરકારી આયુર્વેદ દવાખાનાની મુલાકાત લઈ ડોકટર સાથે તેમની કામગીરીની સમીક્ષા કરી હતી. હાલમાં કોરાના મહામારીમાં આયુર્વેદિક ઉકાળા વિતરણની કામગીરીની સમીક્ષા કરી હતી.

ઉભરાટ ખાતે દરિયા કિનારાની મુલાકાત લઈ તેના વિકાસ માટે શું કરી શકાય તે બાબતે સ્થાનિક પ્રશાસન તંત્ર સાથે ચર્ચા કરી તથા ગામની મુલાકાત લઇ વિકાસના કામોની સ્થળ મુલાકાત લીધી હતી. ગામના સમતોળ વિકાસ માટે ૧૫ મા નાણાંપંચમાં લેવાના કામો અંગે ચર્ચા કરી જરૂરી સૂચનો કર્યા હતાં.દિપલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ જલાલપોર તાલુકાના છેવાડાના માછીવાડ, દિવાદાંડી ખાતે માછીમાર આગેવાનો સાથે પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી. દરિયાકાંઠાની મુલાકાત લઇ સ્થાનિક આગેવાનોની રજૂઆત સાંભળી હતી. માછીવાડ ગામે બનેલી પ્રોટેકશન વોલની પણ મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી જલાલપોર તાલુકાના વિવિધ સરકારી સંસ્થાઓની મુલાકાત લઇ ગામોની સ્થિતિની તાથ મેળવ્યો હતો.

ભેદભાવભર્યું વર્તન થયાની અફવા સામે પાલિકા પ્રમુખે કરી સ્પષ્ટતા

વાપીમાં કન્ટેનમેન્ટ ઝોનમાં ભેદભાવ વગર પાલિકા જરૂરી મદદ પુરી પાડી રહી છે



વલસાડ

વાપીના ગોદાલ નગર વિસ્તારમાં ૫ કોરોના પોઝિટિવ કેસ આવ્યા બાદ આ આખા વિસ્તારને કોર્ડન કરવામાં આવ્યો છે. જે સમયગાળા દરમ્યાન જ ચલા વિસ્તારમાંથી પણ ૨ કેસ પોઝિટિવ આવતા પ્રથમ દિવસે નગરપાલિકાએ માત્ર સતાધાર સોસાયટીને જ કોર્ડન કરી હતી. જેને લઈને ગોદાલનગરના લોકોમાં નારાજગી ઉઠી હતી કે, તેઓ સાથે ભેદભાવભર્યું વર્તન થયું છે. આ અફવા સામે વાપી નગરપાલિકાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વહીવટી તંત્રના આદેશ મુજબ બંને વિસ્તારમાં કોર્ડન કરવામાં આવ્યું છે. નિયમોમાં ક્યાંય કોઈ છૂટછાટ નથી. બન્ને વિસ્તારમાં સરખું જ કોર્ડન કરવામાં આવ્યું છે.

વાપી નગરપાલિકાઆ ઉપરાંત નગરપાલિકા દ્વારા ૭ જેટલા વોલેન્ટીયર ની ટીમ બનાવી છે. જે બને સ્થળો પર જીવન આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડે છે. ગોદાલનગરના રહીશોને પણ જરૂરિયાત મુજબની ચીજવસ્તુઓ પુરી પાડવામાં આવે છે. બન્ને વિસ્તારમાં સાફસફાઈ અને સેનેટાઈઝર કરવામાં આવે છે. હાલ રમઝાન માસ ચાલે છે. તેમાં મુસ્લિમ બિરાદરો નિર્ભય બની બંદગી કરી શકે તે માટે પણ બનતી મદદ કરવામાં આવી રહી છે.

સુરતમાં દિવ્યાંગ બાળક સહિત ૨૯ દર્દીઓએ કોરોનાને હરાવી સાજા થયા



સુરત

શહેર જિલ્લામાં કુલ કેસનો આંક ૧૨૭૬ અને મૃત્યુઆંક ૫૭ થયો છે. ગ્રામ્યમાં કુલ ૯૦ કેસ અને બે મોત થયા છે. શહેર જિલ્લમાં કેસના વધારા સામે રિકવરી આંક પણ વધી રહ્યો છે. વધુ ૨૯ દર્દીને સાજા થતા રજા અપાઈ હતી. પાંડેસરાના ૧૭ વર્ષના દિવ્યાંગ મેહુલ જૈન અને તેના માતા-પિતાએ કોરોનાને માત આપી છે. જેથી તેમને રજા આપવામાં આવી છે. દર્દીઓને રજા આપવા સમયે હોસ્પિટલ સ્ટાફ દ્વારા તાળીઓથી વિદાય આપવામાં આવી હતી. સિવિલ ખાતે બે બાળકોને કોરોના વોર્ડમાંથી સાજા થઈ જતા રજા અપાઈ હતી. જેમાં એક દિવ્યાંગ બાળક મેહુલ જૈન અને ભવ્ય શાહ હતો. જેમને રજા અપાતા હોસ્પિટલના સ્ટાફ દ્વારા તાળીઓથી વિદાય આપી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, શહેર જિલ્લામાં વધતા કોરોના પોઝિટિવની કેસની સાથે રિકવરી આંક પણ વધી રહ્યો છે. હાલ રિકવરી આંક ૮૫૨ પર પહોંચ્યો છે. જેથી રિકવરી રેટ ૬૬.૭૭ થયો છે.

લોકડાઉનમાં બંધ રહેલી દુકાનોમાંથી એક્સપાયરીટેડ થયેલ ખાદ્યપદાર્થોનો નાશ કરવાની ઝૂંબેશ હાથ ધરાઈ

સુરત

શહેરના નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં શરુ થયેલી દુકાનોમાં પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. એક્સપાયરી ડેટવાળી ખાવાપીવાની ચીજવસ્તુઓનો નાશ કરવાનું અભિયાન છેડવામાં આવ્યું છે. બે મહિના પછી મિઠાઈ, માવા, ફરસાણ તથા બેકરીની દુકાનો શરૂ થતાં સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગે ચેકિંગ હાથ ધર્યું છે.

ત્રણ દિવસમાં શહેરની દુકાનોમાંથી ૫૭૪૨ કિલો અખાદ્ય પદાર્શનો નાશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નોન કન્ટેનમેન્ટ ઝોનમાં ધંધા રોજગાર શરુ કરવાની પરવાનગી આપવામાં આવી છે. બીજી તરફ સતત ૬૦ દિવસથી બંધ રહેલી દુકાનોમાં એક્સપાયરી ડેટવાળી ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ ન થાય તે માટે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ ઝોનમાં તપાસ હાથ ધરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસથી આ તપાસ કરવામા આવી રહી છે. ગુરુવારે ૧૨૪૦ કિલો અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં પણ આ કામગીરી શરુ રહેશે. ગુરુવાર સુધીમાં ૫૭૪૨ કિલો આઉટડેટેડ ખાદ્ય પદાર્થનો નાશ કર્યો હતો. આ ઝૂંબેશ હજુ આગળ વધારાશે તેવું ફૂડ વિભાગનું કહેવું હતું.



ભરૂચ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સ્વ.રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલી કરવામાં આવી હતી, સોશ્યલ ડિસ્ટન્સ સાથે કોંગ્રેસના આગેવાનોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં.

સુરતમાં વરરાજા સહિત ૯ યુવકો જુગારના આરોપમાં ધરપકડ, જામીન પર લગ્ન કર્યા



સુરત

નવાપુરામાં મહિધરપુરા પોલીસે રેડ કરી વરરાજા સહિત ૯ જેટલા યુવાનોને પકડી લોકઅપમાં પુરી દેતા ચર્ચાનો વિષય બન્યો હતો. જુગાર રમવામાં આરોપમાં પકડાયેલા તમામ મિત્રો હિતેશ(નામ બદલેલ છે)ના લગ્ન પ્રસંગ માટે ભેગા થયા હોવાનું તપાસમાં બહાર આવતા તમામને બીજે દિવસે છોડી મુકાયા બાદ હિતેશે ૨૪ કલાક બાદ લગ્નના ફેરા ફરી લગ્નગ્રંથીથી જોડાયો હતો. પોલીસની શંકાસ્પદ કામગીરીથી હિતેશના લગ્ન તૂટતા તૂટતા રહી ગયા હોવાનું હિતેશે જણાવી રોષ વ્યકત કર્યો હતો. હિતેશ (પીડિત, વરરાજા) એ જણાવ્યું હતું કે, ૧૮ મેના રોજ નવાપુરા સ્થિત તેઓ ઘરમાં લગ્ન પ્રસંગની તૈયારી કરી રહ્યા હતા. અચાનક ઓટલે બેસેલા કેટલાક યુવાનો ઘરમાં ઘૂસીને પોલીસ ની રેડ પડી હોવાની બુમો પાડી રહ્યા હતા.

લોકડાઉનને લઈ ડરના માર્યા તેઓ તમામ મિત્રો સાથે ઘરના પહેલા માળે ચાલી ગયા હતા. જોકે, પોલીસ જબરજસ્તી ઘરમાં ઘૂસીને તમામને પકડી લીધા હતા અને જુગાર રમો છો કહી પોલીસ સ્ટેશન લઈ જવાની વાત કરતી હતી. હિતેશે વધુમાં જણાવ્યું હતી કે ૧૮ મી સાંજે લગભગ ૬:૪૫ ની ઘટના બાદ લોકો ભેગા થઈ ગયા હતા. ૧૯ મીની સવારે મારા લગ્નનું મુહૂર્ત હતું. પોલીસને તમામે આજીજી કરી તેમ છતાં પોલીસ તમામને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી અને ૧૬ કલાક બાદ એટલે બીજા દિવસે મંગળવારે ૧૨ વાગે જામીન પર છોડ્યા હતા. હું ઘરે પહોંચતા જ મારા સાસરિયાઓને આ વાતની જાણ થઈ ગઈ હતી.

આખા મહોલ્લામાં જુગાર રમતા હિતેશ પકડાયો હોવાની વાત પ્રસરી ગઈ હતી. મારી ફિયાન્સી પણ મારાથી નારાજ થઈ ગઈ હતી. ઘણી સમજાવ્યા બાદ એ વાસ્તવિકતાથી વાકેફ થઈ હતી. ત્યારબાદ મારા ૧૯મીના લગ્ન બીજા દિવસે એટલે બુધવારે સવારે કરવાની ફરજ પડી હતી. જોકે, પોલીસની આવી શંકાસ્પદ વૃત્તિ ને કારણે મારું ઘર બનતા પહેલા જ તૂટી જતા રહી ગયું હતું એ વાત નું દુઃખ હંમેશા રહેશે.

લોકડાઉન છૂટ મળતા જ સુરતમાંથી બે દિવસમાં પકડાયો ૭.૮૮ લાખનો દારૂ



સુરત

કોરોના વાયરસના સંક્રમણને પ્રસરાતું અટકાવવા માટે સરકાર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યું હતું. આ લૉક ડાઉનમાં હવે ચોથા તબક્કામાં ગુજરાત સરકારે મોટી છૂટછાટ આપી છે. સરકારે વેપાર ધંધા માટે લૉકડાઉન હળવું કરતા જ હવે અસામાજિક તત્વો મેદાને છે. સુરત શહેરમાં ભૂગર્ભમાં ઉતરી ગયેલા બૂટલેગરોને જાણે મોકળું મેદાન મળ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. જોકે બૂટલેગરો સક્રિય થતા પોલીસ પણ ચુસ્તકામગીરી કરી રહી છે. શહેરમાં છેલ્લા બે જ દિવસમાં પીસીબીએ દરોડા પાડીને ૭.૮૮ લાખનો દારુ ઝડપી અને બે બૂટલેગરોને ઝડપી પાડ્યા છે. કોરોના વાયરસને લઈને લોકડાઉન વચ્ચે બુટલેગર પોલિયાની દુકાન ચાલુ રાખી હતી અને દારૂ પણ ગુટખા અને મસાલાની જેમ કળા બજારીમાં માં વેંચતા હતા

જોકે કોરોના લઈને સરકાર દ્વારા ચોથા તબક્કાના લૉકડાઉન વચ્ચે છૂટછાટ આપતા બુટલેગર ફરી શક્રિય થઈને ફરી પોતાની દુકાન શરૂ કરી છે અને દારૂનું વેચાણ કરી રહ્યા છે, તેવામાં સુરતની પીસીબી પોલીસે બે દિવસ પહેલાં સુરત ના ભેસ્તાન રેલવે સ્ટેશન નજીક ઉમ્મીદ નગર આવાસના બિલ્ડીંગ નં. ૧૩ ના રૂમ નં. ૧૦માંથી બુટલેગર ૨ઈશ ઉર્ફે ડબ્બુ અબ્દુલગની શેખને ત્યાં દરોડા પાડી રૂા. ૮૮ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. જોકે પીસીબી પોલીસે દરોડા પાડ્યા બાદ સચિન પોલીસ પણ હરકતમાં આવી હતી અને અને આજ બુટલેગરના બીજા ઠેકાણાને સચિન પોલીસે શોધી નાખી ઉમ્મીદ નગર આવાસના બિલ્ડીંગ નં. ૧૧ ના રૂમ નં. ૪ માં દરોડા પાડયા હતા.

પોલીસને બાતમી મળી હતી કે પીસીબીએ જે બુટલેગરનો દારૂ ઝડપી પાડયો છે તે ૨ઈશ ઉર્ફે ડબ્બુનો વધારેનો દારૂનો જથ્થો બિલ્ડીંગ નં. ૧૧ ના રૂમ નં. ૪ માં છુપાવેલો છે. જેથી પોલીસે દરોડા પાડી વિદેશી બનાવટનો અલગ-અલગ બ્રાન્ડની દારૂની બોટલ અને બિયરના ટીન ની બોટલ નંગ ૨૧૪૮ કિંમત રૂા. ૭.૮૮ લાખની મત્તાનો જથ્થો કબ્જે લઈ શાહનવાઝ ઉર્ફે બંટા ઉર્ફે સોનુ અખ્તર શેખની ધરપકડ કરી છે. જયારે ગુલામ દસ્તગીર અલ્લાહબક્ષ અંસારી, ૨ઈશ ઉર્ફે ડબ્બુ અબ્દુલગની શેખ અને શંકર ઉર્ફે નાના અન્ના શિંદેને વોન્ટેડ જાહેર કર્યા હતા આમ બે દિવસ માં બે પલાંગ અલગ પોલીસ દ્વારા એકજ બુટલેગરનો દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

ઝઘડીયા જીઆઈડીસી લેનેક્ષ કંપનીમાંથી ચોરી કરનાર પૈકી ત્રણને ઝડપી પાડતી જિલ્લા એલસીબી



નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

ઝઘડીયા જીઆઈડીસીમાં મોટા પાયે ચાલુ કંપનીઓમાંથી ચોરીની ઘટનાઓ અવિરત બનતી રહે છે. ઝઘડિયાની આસપાસના ગામોના જ લબરમુછીયા ચોરો દ્વારા આવી ઘટનાઓને અંજામ આપવામાં આવતો હોય છે. આ ઉપરાંત બંધ પડેલ કંપનીઓમાં પણ ભંગારીયાઓ દ્વારા મોટા પાયે ચોરી કરવામાં આવે છે જેનાથી પોલીસ વિભાગ અજાણ નથી. તેમ છતાં આવી ઘટનાઓ બન્યા જ કરે છે જે પોલીસ વિભાગની બેદરકારી નું ઉત્તમ ઉદાહરણ છે. ગત તા. ૨૮.૪.૨૦ના રોજ ઝઘડીયા જીઆઈડીસીમાં આવેલ લેનક્ષેસ કંપનીમાં સ્ટોર રૂમમાં રાખેલ પ્લેટિનમ કેટલિસ્ટ નામના પાવડરના ૨૫ પચીસ કિલોગ્રામના બે ડ્રમની ચોરી થવા પામી હતી. ચોરાયેલ પાવડરની કિંમત ૨૨ લાખ રૂપિયા જેટલી થઈ હતી. ચોરીની ઘટના બદલ લેનક્ષેસ કંપનીના સિનિયર મેનેજર એડમીનીસ્ટ્રેશન અતનુદાસ પંકજદાસે ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જિલ્લા એલસીબી ટીમ દ્વારા હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સથી ગુનામાં સંડોવાયેલા ત્રણ શકમંદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. એલસીબી દ્વારા ત્રણેય શકમંદોની ઊંડાણપૂર્વક ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવતાં તેઓ ભાંગી પડ્યા હતા અને ચોરીના મુદામાલ પ્લેટિનમ કેટલીસ્ટ સંતાડેલ જગ્યા બતાવવામાં આવી હતી. જિલ્લા એલસીબી દ્વારા પ્લેટિનમ કેટલીલીસ્ટના ૨૫ ૨૫ કિલોગ્રામના બે ડ્રમ જેની કિંમત રૂપિયા ૨૨ લાખ છે જે મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે. જિલ્લા એલસીબી દ્વારા ત્રણેય શકમંદ આરોપીઓની અટકાયત કરી છે જેમાં (૧) મિલન શશીકાંત વસાવા (૨) સતીશ હરેશ વસાવા (૩) સુનિલ રાજેન્દ્ર વસાવા ત્રણે રહેવાસી રાણીપુરા તા. ઝઘડિયાને આગળની કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

નર્મદા જિલ્લા માં રક્તદાન કરવા સરપંચ પરિષદ ના નિરજન વસાવાની ખાસ અપીલ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લો એ આદિવાસી બાહુલ્ય વસ્તી ધરાવતો વિસ્તાર છે અહીયાં કુપોષીત બાળકો અને સિકલસેલ એનીમીયા સહીત ની ઘણી એવી બિમારીઓ છે જે અન્ય વિસ્તારો ના પ્રમાણ મા વધુ છે.નર્મદા જીલ્લામા સમ ખાવા પુરતી એકજ બ્લડ બેંક આવેલી છે જેનુ સંચાલન સંસ્થાકીય રીતે ઈંડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સારી રીતે કરવામા આવે છે.

રોડ અકસ્માત વખતે અને ગર્ભવતી મહીલાઓને ડીલીવરી સમયે ખાસ કરી ને બ્લડ ની આકસ્મિક જરુર પડતી હોય છે,ત્યારે જીવન અને મરણ વચ્ચે એક કે બે બોટલ લોહી નું જ અંતર રહી જાય છે, તેવા સમયે જો જરુરી લોહી ના મળે ત્યારે જીવ ગુમાવવા નો વારો આવતો હોય છે. જો યુવાનો આ બાબતે જાગૃત બની ને નિયમિત રક્તદાન કરતાં થાય તો કેટલીક દુર્ભાગ્યપુર્ણ ઘટનાઓ ને ટાળી શકાય તેમ છે. રક્ત નુ ઉત્પાદન કરી શકાતુ નથી તે માત્ર માનવ શરીર માંજ બની શકે છે, એક વાર બ્લડ આપ્યાં બાદ માનવ શરીર ત્રણ મહીના મા એ આપેલ રક્ત જેટલું ફરીથી બનાવી લે છે એટલે કોઈ નુકશાન પણ નથી થતું. ત્યારે જીલ્લા ના તમામ યુવાનો ને વિનંતી કરતાં સરપંચ પરિષદ ના નિરજન વસાવા એ આગળ આવી નિયમિત રક્ત દાન કરવા ની ખાસ અપીલ કરી હતી.

ઝઘડીયા તાલુકાના ધારોલી ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરુચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ની વૈશ્વિક મહામારી માં વાયરસ નું સંક્રમણ અટકે તેમજ લોકડાઉન નો અસરકારક અમલ થાય તથા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ તેમજ દારૂ/જુગાર ની ગે.કા.પ્રવૃતિ અટકાવવા સારૂ ભરૂચ જીલ્લામાં પ્રોહી.ડ્રાઈવ નું આયોજન કરેલ હોય જે ડ્રાઈવ અનુસંધાને ભરૂચ એલ.સી.બી પોલીસે કાર્યવાહી હાથ ધરેલ તે દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઝઘડીયા ના ધારોલી ગામે રહેતા સુમનબેન વિનોદભાઈ મણીલાલ વસાવા ના ઘરે રેડ કરી ભારતીય બનાવટ ના વિદેશી દારૂ તથા બિયર ની અલગ-અલગ બનાવટ ની બોટલો નંગ-૩૦૪ કી.રૂ.૨૫,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી દારૂ ના જથ્થા સાથે મળી આવેલ સુમનબેન વસાવને હસ્તગત કરી તથા કબ્જે કરવામાં આવેલ દારૂનો જથ્થો લાવનાર તેમનો પુત્ર સુનીલભાઈ વિનોદભાઈ વસાવા ને વોન્ટેડ જાહેર કરી બન્ને આરોપીઓ વિરૂધ્ધ મા ઝઘડીયા પો.સ્ટે.માં કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.




સુરતમાં રેલવે ટિકિટની કાળા બજારી કરતા બે લોકોની કરાઈ ધરપકડ

સુરત

લૉકડાઉન વચ્ચે સુરતથી શ્રમિકોને સરકાર તરફથી મફતમાં વતન લઈ જવામાં આવતા હત્યા ત્યારે પાંડેસરાના મહાદેવનગરમાં વતન ઉત્તર પ્રદેશ જવા ઇચ્છતા શ્રમિકો પાસેથી બમણાથી ત્રણ ગણા ટિકિટના ભાવ વસૂલી કાળાબજારી કરનાર બે લોકોની પોલીસ ધરપકડ કરી છે. આ બંને કાળાબજારીનો કોરોનાનો મેડિકલ ટેસ્ટ કરાવ્યા બાદ પોલીસે તેઓની ધરપકડ કરી તેમના પાસેથી ટિકિટ વેચાણના રૂ. ૬૨ હજાર જપ્ત કર્યા છે. સુરતમાં રહેતા અન્ય રાજ્યના લોકોને વતન પહોંચાડવા માટે તંત્ર તરફથી ટ્રેન શરૂ કરવામાં આવી છે.

આ કપરા સમયમાં કેટલાક લેભાગૂ તત્વો કફોડી હાલતમાં મૂકાયેલા શ્રમિકો પાસે ટિકિટના કાળાબજાર કરી તેને લૂંટી રહ્યા છે. ચાર દિવસ અગાઉ પાંડેસરા ગુ.હા. બોર્ડ વિસ્તારના મહાદેવનગર ઘર નં. ૪૮૬માં રહેતા દિનાનાથ મૌર્યા અને વિનય મૌર્યા નામના બે કાળાબજારીઓએ યુ.પી જવા ઇચ્છતા શ્રમિકો પાસેથી બમણાથી ત્રણ ગણા જેટલું વતનની ટિકિટ મળતી હોવાની વાત સ્થાનિક વિસ્તારમાં પ્રસરી જતા દોઢસોથી વધુ લોકો એકઠા થઈ ગયા હતા અને લાંબી લાઈન લગાવી હતી. પરંતુ ટિકિટ નહીં મળતા બંને કાળાબજારીનો પર્દાફાશ થઈ ગયો હતો. ટિકિટ માટે પૈસા આપનાર લોકોએ હોબાળો મચાવી દિનાનાથ સહિત બંનેને માર મારી પોલીસને સોંપ્યા હતા. બંને લોકો શ્રમિકો પાસે રૂપિયા ૮૦૦ ટિકિટના ૨૬૦૦ થી ૨૮૦૦ રૂપિયા વસૂલતા હોવા અંગે પોલીસે આ મામલે ગુનો નોંધીને દિનાનાથ રાજારામ મૌર્યા અને વિનય સુરેશ મૌર્યા નામના ઈસમોને અટકાયત કરી હતી હતી. જે બાદમાં બંનેનો કોરોના રિપોર્ટ કરાવ્યો હતો. ધરપકડ બાદ પોલીસે બંનેને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જામીન પર મુક્ત કર્યા હતાં.



સુરતમાં નવા ૨૮ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૩૦૪ પર પહોંચ્યો, વધુ એકનું મોત અને ૨૮ દર્દી ડિસ્ચાર્જ થયા

● જ્વેલરીના વેપારીનો રિપોર્ટ પોઝિટિવ આવતા સેનિટાઈઝની કામગીરી હાથ ધરાઈ : સુરત જિલ્લામાં મૃત્યુઆંક ૫૮ અને રિકવરી આંક ૮૮૦ થયો : સુરત શહેરની સાથે જિલ્લામાં પણ કેસનો વધારો, આંક ૯૨

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૨૮ કેસ નોંધાતા શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૩૦૪ થઈ ગઈ છે. વધુ એકનું મોત થતા આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૫૮ થઈ ગયો છે. વધુ ૨૮ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. અત્યાર સુધી શહેર જિલ્લામાં કુલ ૮૮૦ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ગયા છે.

ગોપીપુરા ખાતે મોમનાવાડમા રહેતા ૫૦ વર્ષીય બેતુલ્લા રમઝાન અલી પાસા ગત ૧૯ મીએ શ્વાસ સહિતની તકલીફ થતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યાં તેમનામા કોરોનાના લક્ષણો દેખાતા સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલ્યા હતા બાદમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન રાત્રે તેમનુ મોત નિપજ્યું હતું. જોકે બેતુલ્લાને કિડનીની તકલીફ અને ડાયાબિટીસની બીમારી હોવાનું ડોક્ટરે જણાવ્યું હતું.

લાજપોર જેલમાં સજા ભોગવતા વધું એક કેદીનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. લાજપોર જેલમાં સજા કાપી રહેલા કેદી નવલા વાલીયા વસાવા (૬૦) ને કોરોનાના લક્ષણ જણાતા તેની તપાસ કરાવવામાં આવી હતી. ગુરૂવારે તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

પાલિકાના કર્મચારીઓમાં સંક્રમણ વધી રહ્યુ છે. પાલિકાના એસઆઈ, એસએસઆઈ, સફાઈ કર્મચારી સહિત અત્યાર સુધીમાં ૧૫થી વધુ કર્મચારીઓને કોરોનાનો ચેપ લાગી ચૂક્યો છે. વરાછા ઝોન-બીમાં દબાણ ખાતાના ડેપો પર કામ કરતા સુનિલ પરેશ રાણા (ઉ.વ.૩૩)ને શંકાસ્પદ લક્ષણો બાદ ગુરૂવારે તેમનો કોરોનાનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

વરાછા ઉમિયાધામ રોડ મારૂતિ કોમ્પલેક્સમાં રહેતા કેતન વિઠ્ઠલભાઈ કોઠાણી (ઉ.વ.૪૦) જવેલરીનો વેપાર કરે છે. રાજકોટ વેપાર કરતા કેતનભાઈને શંકાસ્પદ લક્ષણો બાદ ગુરૂવારે તેમનો કોરોનાનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ગોડાદરા કેશવનગરમાં રહેતા કૈલાશભાઈ શંકર સોનવણે (ઉ.વ.૪૦)ઘરે જ શાકભાજીનો ધંધો કરે છે. શંકાસ્પદ લક્ષણો બાદ ગુરૂવારે તેમનો રિપોર્ટ પો?ઝિટીવ આવ્યો છે. તેવી જ રીતે આશિષભાઈ ચંપકભાઈ ઘાસવાલા (ઉ.વ.૩૪) સરદાર માર્કેટમાં શાકભાજીનો વેપાર કરે છે. કોરોનાનાં લક્ષણો બાદ ગુરૂવારે તેમનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવીજ રીતે કરિયાણાની દુકાન ચલાવતા સુગરસિંગ કાલકાપ્રસાદ રાજપૂત (ઉ.વ.૪૮) અને રાજુ અમૃત ડોડીયા (ઉ.વ.૪૨) ને પણ ચેપ લાગ્યો હતો અને ગુરૂવારે બંનેનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

રાજપીપળા માં પહેલો રોજો રાખનાર ૭ વર્ષીય મોહમદ હાસીમ ખોખરે વિશ્વમાંથી કોરોના વાયરસ નાબુદ થાય તેવી દુવા કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

એક તરફ ગરમીનો પારો ઉચો ચઢતો જાય છે જેના લીધે આગ લગાડી દે તેવી કાળઝાળ ગરમી પડી રહી છે. તો બીજી તરફ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે.જેમા મુસ્લિમ બિરાદરો રમઝાન માસના રોઝા રાખી નમાઝ પઢી અલ્લાહની બંદગી કરી રહ્યા છે.જેમાં નાના નાના ભૂલકાઓ પણ કાળઝાળ ગરમીમાં પવિત્ર રમઝાન માસના રોઝા રાખી રહ્યા છે. રાજપીપળા ના કસબાવાડ મા રહેતા મોહમદ હાસીમ ઈરફાન ખોખર એ સાત વર્ષ ની નાની ઉમર માં પોતાના જીવનનો પહેલો રોઝો રાખી ખુદાની બંદગી કરી પવિત્ર રમઝાન માસમાં ખાસ કરીને નાના ભુલકાઓ રોઝા રાખી ખુદાની બંદગી કરી પોતાના પરિવાર તેમજ દેશ અને દુનિયામાં અમન અને શાંતિ માટે દુઆ કરતા હોય છે ત્યારે હાલ ના કોરોના વાયરસ ના કપરા સમયે આ બાળકે ખાસ કોરોના ની મહામારી થી સમગ્ર વિશ્વ ને છુટકારો મળે તેવી દુવા માંગી હતી.



ઝગડીયા તાલુકોના ભલોદનો માત્રત્રણ વર્ષીય બાળક મહંમદઅહદ ખત્રીએ જિંદગીનો પ્રથમ રોઝો રાખ્યો



● ભલોદમાં નાના બાળક એ પ્રથમ રોઝો રાખી અલ્લાહની બંદગી કરી
● ભારત દેશને કોરોના મુકત કરવા તેમજ દેશમા અમન કાયમ થાય તે માટે મુસ્લિમ બિરાદરોએ ખાસ દુઆઓ ગુજારી હતી

નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

ઝઘડીયા તાલુકાના ભલોદ ગામે રહેતી માત્ર ત્રણ વર્ષીય નાનકડો બાળક એ પોતાના જીવનનો પ્રથમ રોઝો રાખીને અલ્લાહની બંદગી કરી હતી મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝ?ન માસનો પ્રારભ થયોછે ત્યારે મુસ્લિમ બિરાદરોએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં રોઝા રાખી અલ્લાહને રાજી કરી રહ્યાછે ત્યારે ભલોદ મા રહેતો નાનકડો બાળક મહમદ અહદ સોયબ ખત્રી એ પણ પોતાના જીવનનો પ્રથમ રોઝો રાખીને અલ્લાહની બંદગી કરી હતી અને કોરોના દુનીયા માં થી ખતમ થઈ જાય એવી દુવા કરી હતી...

નાના બાળકે એ પ્રથમ રોઝો રાખતા સમાજના તમામ લોકોએ બાળક નો ઉત્સાહ વધારવા મુબારકબાદ પાઠવીને ભલી દુઆઓ ગુજારી આપી હતી ઉલ્લેખનીય છે કે મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસમાં તમામ મુસ્લિમ બિરાદરો ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ મળસ્કેથી સંધ્યાકાળ સુધી ભુખ તરસ બરદાસ્ત કરી અલ્લાહની બંદગી કરી ભારત દેશને કોરોના મુક્ત કરવાની દુઆઓ કરી રહ્યા છે.

સુબીર સીએચસી કથિત છેડતી પ્રકરણમાં નવો વળાંક, અધિક્ષકે નોંધાવી ફરિયાદ

ડાંગ

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાનાં સીએચસી માં કથિત છેડતી પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. સીએચસીનાં અધિક્ષક ડૉ. સુરેશભાઈ પવારે સુબીર મમતા ઘર કેર ટેકર યુવતી અને તેનો મંગેતર સામે સરકારી દવાખાનામાંથી દવાઓ ચોરી મેડિકલ સ્ટોરમાં વહેચતા હોવાનો ગંભીર આક્ષેપ સાથે સુબીર પોલીસ મથકમાં લેખિતમાં અરજી આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી મુજબ ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકા મથકે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મમતા ઘરની કેર ટેકર યુવતીએ અધિક્ષક ડૉક્ટર સામે છેડતી અને જાતીય સતામણીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

ત્યારે ડૉક્ટર દ્વારા પણ યુવતી અને તેના મંગેતર સામે કરાર રિન્યુ ન કરતા બ્લેકમેલ અને સરકારી દવાઓ સગેવગે કરતા હોવાની ફરિયાદ સાથે અરજી કરવામાં આવી છે.સુબીર સીએચસીનાં ડૉ. સુરેશ ભાઈ પવારે અરજીમાં ઉલ્લેખ કર્યો છે કે, યુવતીનો મંગેતર સુબીર ખાતે ધારા-ધોરણ વિના જ મેડિકલ સ્ટોર ચલાવી આદિવાસીઓનાં સ્વાસ્થય સાથે ચેડા કરી રહ્યો છે. આ ઉપરાંત મમતા ઘરની કેર ટેકર યુવતી દ્વારા ગર્ભવતી મહિલાઓને આપવામાં આવતું પૌષ્ટિક ખોરાકનાં ખોટા ખોટા બિલો રજૂ કરી કૌભાંડ આચરાયું હોવાની ચોંકાવનારી વિગતો ફરિયાદ અરજીમાં કરવામાં આવતા મામલો ગરમાયો છે.

ત્યારે આ સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો સીએચસીમાં ચાલતો કાળો કારોબાર બહાર આવે તેવી શક્યતા નકારી શકાતી નથી.આ સંદર્ભે સુબીર પોલીસ મથકનાં પીએસઆઈ બી. આર. રબારીને પૂછતા તેઓએ જણાવ્યુ હતુ કે, સુબીર સીએચસીનાં ડૉ. સુરેશભાઈ પવારે કથિત યુવતી અને તેના મંગેતર સામે બ્લેક મેલ અને સરકારી દવાઓ, ખોટા બિલો, વાઉચર બનાવી નાણાનો ગેરવહીવટ કરતા હોવાની પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે. હાલ આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

તાપી જિલ્લામાં 'હું પણ કોરોના વોરિયર' અભિયાનનો પ્રારંભ

સુરત

રાજ્યભરમાં તા.૨૧મી થી તા. ૨૭મી મે દરમ્યાન યોજાઈ રહેલા 'હું પણ કોરોના વોરિયર' અભિયાન અંતર્ગત તાપી જિલ્લામાં પણ કલેકટર શ્રી આર.જે.હાલાણીના વડપણ હેઠળ સમાજ અગ્રણીઓના સહયોગથી અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

જિલ્લાના સંતવર્યો, ધાર્મિક અને સામાજિક અગ્રણીઓ, વેપાર ઉદ્યોગ અગ્રણીઓ, યુવાઓ, મહિલાઓ સહિત તમામ પ્રજાજનોના સહયોગ સાથે, ×કોરોના× સામેના સીધા જંગમાં પ્રત્યેક ગુજરાતી ×વોરિયર× બનીને જોડાય, તે માટે જિલ્લાના જનજનને પરિવારના સદસ્યભાવથી કલેકટર શ્રી હાલાણીએ સંવેદનાસભર આહવાન કર્યું છે.

×કોરોના×નું કાયમી નિદાન નહિ મળે ત્યાં સુધી કોરોના આપણી વચ્ચે જ છે. કોરોના સાથે, કોરોના સામે રક્ષણ મેળવવાની લાંબી લડાઈને સૌએ સાથે મળીને લડવાનું છે. તેમ પણ કલેકટરશ્રીએ જણાવ્યું છે.

'હું પણ કોરોના વોરિયર' અભિયાનમાં સૌ સંકલ્પ કરે અને તેનું કાયમી રીતે પાલન કરે તે આવશ્યક છે તેમ જણાવતા શ્રી હાલાણીએ (૧) વડીલો અને બાળકો ઘરમાં જ રહે તેની તકેદારી રાખવા, (૨) માસ્ક પહેર્યા વગર, કારણ વગર ઘર બહાર ન નીકળવા, (૩) 'દો ગજ કી દૂરી' : સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા, (૪) તા.૨૨મી મે એ વડીલોનું સન્માન કરતાં દાદા-દાદી સાથે સેલ્ફી લઈ સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર મુકવા, (૫) અને ડર એ વિકલ્પ નથી, ડર નહિ સાવચેતીનો મંત્ર અપનાવવાનો અનુરોધ કર્યો છે.

શ્રી હાલાણીએ અત્યાર સુધી ઘરમાં હતા, સુરક્ષિત હતા. હવે બહાર નીકળવાનું છે ત્યારે તકેદારી રાખી કોરોના સામે જંગ માંડીએ તેમ જણાવતા પ્રજાજનોની જાગૃતિ અર્થે, જિલ્લાના સૌ અગ્રણીઓને તેમનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા સેવા સદનના કોન્ફરન્સ હોલમાં માન.મુખ્યમંત્રીશ્રી સાથે યોજાયેલી વીડિયો કોન્ફરન્સ વેળા, તાપી જિલ્લા કલેકટર શ્રી આર.જે.હાલાણીના વડપણ હેઠળ નિવાસી અધિક કલેકટર શ્રી બી.બી. વહોનીયા, જૈન, પારસી, મુસ્લિમ, ખ્રિસ્તી સમાજના અગ્રણીઓ, ગામીત, ચૌધરી, વસાવા, કોટવાળીયા, લોહાણા, અગ્રવાલ સમાજના અગ્રણીઓ, ખેડૂત, પશુપાલક, એડવોકેટ, ડોક્ટર, બિલ્ડર, સામાજિક અને સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો વિગેરેએ ઉપસ્થિત રહી 'હું પણ કોરોના વોરિયર' અભિયાનમાં તેમનું યોગદાન આપવાની ખાતરી આપી હતી.

લોકડાઉનમાં મજબૂરી : ડેડીયાપાડામાં છૂટક મજૂરી કરતા પરપ્રાંતિયો એ વતન જવા ૩ ગર્દભ વેચી વતનની વાટ પકડી

પરિવાર માં ૧૦ મહિલા,૦૫ પુરુષ અને ૧૨ બાળકો પૈકી એક ગર્ભવતી મહિલા ની કાળઝાળ ગરમી માં કફોડી દશા



૩ ગર્દભ(ગધેડા) વેચી ડેડીયાપાડાથી ટ્રક માં નિકળ્યા પરંતુ ટ્રક ચાલકે પોઈચા ગામ પાસે ઉતારતા પગપાળા રાજપીપળા આવતા ભદામ પાસે વિસામો લીધો

રાજસ્થાન તરફ ના વણઝારા પરિવાર ના લોકો ભદામ પાસે આવ્યા ની જાણ થતાં લોકો મદદે દોડી આવ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના વાયરસ માં લોકડાઉન માં થોડીક છૂટછાટ અપાઈ છે તેવામાં વહીવટી તંત્ર દ્વારા પણ પરપ્રાંતિયો ને વતન મોકલવા વાહન ની વ્યવસ્થા કરવામાં આવી રહી છે પરંતુ લોકડાઉન માં કામ ધંધા બંધ થતાં નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા માં રહી છૂટક મજૂરી કામ કરતા રાજસ્થાન પાલી નો વણઝારા પરિવાર માં બાળકો, મહિલાઓ અને પુરૂષો નું એક જૂથ વતન જવા મદદ ની રાહ જોઈ રહ્યું હતું પરંતુ કોઈ મદદ ન મળતા આ પરિવાર પાસે પોતાની આવક નું સાધન એવા ૩ ગર્દભ (ગધેડા) હોઈ આખરે એ વેચી વતન જવા ડેડીયાપાડા થી એક ટ્રક માં બેઠાં ટ્રક ચાલકે આ પરિવાર ને પોઈચા સુધી મુક્યા બાદ ત્યાંથી આ પરિવાર માં ૧૦ મહિલા,૦૫ પુરુષ અને ૧૨ બાળકો જેમાં એક ગર્ભવતી મહિલા પણ હોય પગ પાળા રાજપીપળા આવવા નીકળ્યા પરંતુ કાળઝાળ ગરમી માં કફોડી હાલત થતા તમામે ભદામ ગામ પાસેની એક બંધ હોટલ પાસે વિસામો લીધો જેથી રાજપીપળા માં રહેતા અને વણઝારા પરિવાર એક સેવાભાવી વ્યક્તિ ભગુભાઈ કાલુભાઈ વણઝારા ને જાણ થતાં તે અને યુથ કોંગ્રેસ ના અજયભાઈ વસાવા અને સતિષભાઈ વસાવા ત્યાં મદદે દોડી આવ્યા આ ત્રણ સેવાભાવીઓ એ નાના બાળકો અને મહિલા સાથે અટવાયેલા પરિવાર ને ભોજન સહિત ની વ્યવસ્થા કરી રાતવાસો ત્યાં કરવા અને સવારે વતન જવા વ્યવસ્થા કરવા જણાવી માનવતા બતાવી જરૂરી તમામ મદદ કરી હતી.

જોકે ત્યાં હાજર કેટલાક લોકોના જણાવ્યા મુજબ આ પરિવારને વતન મોકલવા વ્યવસ્થા કરવા તંત્રના કેટલાક અધિકારીઓને જાણ કરી પરંતુ કોઈ ખાસ મદદ મળે તેમ ન લાગતા આખરે આ ત્રણ સેવાભાવી વ્યક્તિઓ એ તમામ મદદ કરી હતી.

નર્મદાના કેટલાક વેપારીઓ ને લોકડાઉનની છૂટછાટ વચ્ચે સોશ્યલ ડીસટન્સીંગ બાબતે પોલીસે પાઠ ભણાવ્યા



જોકે પોલીસ કાયદાનું પાલન કરાવે છે પરંતુ દુકાનો પર જતાં ગ્રાહકો એ પણ ઉતાવળા ન બની પોતાની જવાબદારી સમજવી જરૂરી છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ રાજપીપળા સહિત નર્મદા જીલ્લા માં લોકડાઉન-૪ વચ્ચે સરકારે આપેલી છૂટ દરમ્યાન બજારો ખુલી ગયા અને જીવન જરૂરી ચીજવસ્તુ ઓ ખરીદવા બજારોમાં પણ લોકોની ભીડ ઉમટી પડી છે ત્યારે આવા સમયે તંત્ર પણ માસ્ક, સોશ્યલ ડિસ્ટર્ન્સિંગ નો આગ્રહ રાખે તે સ્વાભાવિક છે પરંતુ દુકાનો પર ગ્રાહકો પણ ઉતાવળા થઈ ખરીદી કરવા નિયમો તોડે છે ત્યારે પોલીસે આ મામલે કડક અભીગમ અપનાવ્યો છે અને તે મામલે રાજપીપળા સહિત નર્મદા ના કેટલાક વેપારીઓ સામે પોલીસે જાહેરનામા ભંગ ની ફરિયાદ નોંધી છે ત્યારે પોલીસે વેપારીઓ ને તેમની જવાબદારી બતાવી તે યોગ્ય છે પરંતુ જવાબદારી વિના આદત સે મજબૂર બની દુકાનો ઉપર ખરીદી સમયે સોશિયલ ડીસ્ટન્સ જાળવ્યા વિના કે માસ્ક પહેર્યા વિના જાહેરનામા નો ભંગ કરતા પ્રજાજનો ને પણ પોલીસે કાયદા ના પાઠ ભણાવવા જોઈએ તેવી લોકમાંગ છે. સરકાર આટલી જાહેરાતો કરે છે છતાં કેટલાંક બિન્દાસ બની ફરતા લોકો એ પણ તંત્ર ને સાથ આપી કાયદાનું પાલન કરવું રહ્યું નહીતો આવનારા સમય માં કોરોના વાયરસ વધુ વિકરાળ બને એ માટે તંત્ર નહિ બલ્કે ખુદ અમુક લોકો જ જવાબદાર હશે.

ઉમલ્લા પો.સ્ટે. વિસ્તારના સુથારપુરા ગામેથી

ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરુચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ની વૈશ્વિક મહામારી માં વાયરસ નું સંક્રમણ અટકે તેમજ લોક ડાઉન ની એસર કા ર કે અમલ થાય તથા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ જરૂરી પગલા લેવા સુચના આપવામા આવેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ. સી. બી ના પોલીસ ઈન્સ્પેકટર ના માર્ગદર્શન હેઠળ ભરૂચ એલ સી.બી. ટીમ ઉમલ્લા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઉમલ્લા પો.સ્ટે.વિસ્તારના ઝઘડીયા તાલુકાના સુથારપુરા ગામે રહેતા કમળા બેન નગીનભાઈ ચતુરભાઈ વસાવા ના ઘરે રેડ કરી ભારતીય બનાવટ ના વિદેશી દારૂ તથા બિયર ની અલગ-અલગ બનાવટ ની બોટલો નંગ-૧૮૨ કી.રૂ.૨૩,૦૦૦/- નો મુદામાલ કબે કરી દારૂ ના જથ્થા સાથે મળી આવેલ કમળાબેન નગીનભાઈ ચતુરભાઈ વસાવા તથા કબે કરવામાં આવેલ દારૂનો જથ્થો લાવનાર સુરેશભાઈ નગીનભાઈ વસાવા રહે- સુથારપુરા તા-ઝઘડીયા તથા દારૂનો જથ્થો આપનાર સંજયભાઈ સોમાભાઈ વસાવા રહે- સંજાલી તા-ઝઘડીયા નાઓને વોન્ટેડ જાહેર કરી ત્રણેય વિરૂધ્ધ માં ઉમલ્લા પો.સ્ટે. માં કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

ધોલેખામની સીમમાંથી વિદેશી દારૂ સહિત ૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડતી ઉમલ્લા પોલીસ



ગતરોજ ભરુચ એલ. સી.બી. એ ઉમલ્લા ટાઉનમાથી વિદેશી દારુનો જથ્થો ઝડપ્યા બાદ ઉમલ્લા પોલીસ એકશનમાં આવી

નિમેષ ગોસ્વામી
ઝઘડીયા

સમગ્ર દેશમાં ચોથા તબક્કાના લોક ડાઉન ચાલી રહ્યો છે જેનો અમલ કરવા ઉમલ્લા પોલીસ નાઇટ પેટ્રોલીગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ધોલેખામની સીમમાં ગેરકાયદેસર દારૂનું વેચાણ ચાલી રહ્યો છે ત્યાં ઉમલ્લા પોલીસે રેડ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો , સ્થળ પરથી ત્રણ આરોપિઓ સહિત ૪૦,૦૦૦ નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તેમજ ૮૦,૦૦૦ ની કિંમત ની ચાર બાઈક મળી કુલ ૧,૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપિઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે

નેત્રંગ તાલુકાના ધોલેખામ ની સીમમાં થી ઝડપાયેલ દારૂ સાથે આરોપી ૧. રસિક દેવજી વસાવા રહે. તવડી તાલુકા ઝઘડીયા ૨. ધર્મેન્દ્ર રાજેશ વસાવા રહે.ધોલેખામ તાલુકા નેત્રંગ તેમજ ૩. વિરેન્દ્ર મુકેસ વસાવા રહે પિપરિપાન તાલુકા ઝઘડીયા નાઓને ઉમલ્લા પોલિસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવી છે.

અંકલેશ્વર તાલુકાના માટીએડ ગામે

આમલખાડીના ખેતરોમાં ખેડૂતોના પાક સુકાઈ જતા ખેડૂતોને આર્થિક નુકશાન



અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા ના માટીએડ ગામે તુષારભાઈ ડાહ્યાભાઈ આહીર સહિત અન્ય કેટલાક ખેડૂતો ના ખેતર માં આમલા ખાડી નો પાણી પિયત તરીકે આપતા ખેડૂતો નો પાક સુકાઈ ગયો છે જેથી ખેડૂતો ને આર્થિક નુકશાન થયું છે.

અગાઉ પણ આ વિસ્તાર ના ખેડૂતો આમલખાડી નો જ પાણી પિયત તરીકે ઉપયોગ કરતા આવ્યા છે પરંતુ છેલ્લા કેટલાક દિવસ પેહલા આપેલ પાણી થી કેટલાક ખેડૂતો નો પાક સુકાઈ જવાની ઘટના બની છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળ ના સલીમ પટેલે જણાવ્યું હતું કે આમલખાડી ના પાણી નો ઉપયોગ ખેડૂતો કરતા હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસ પેહલા આપેલ પાણી થી પાક સુકાઈ જવા માટે પ્રદુષિત પાણી હોઈ શકે છે. હાલ હાઈ વે પર વાહનો ની સખ્તાઈ થી ચકાસણી થતી હોવાથી ગેરકાયદેસર ના નિકાલ કરનારા તત્વો એ હાંસોટ રોડ પર થી આમલા ખાડી ટેન્કર દ્વારા નિકાલ કર્યો હોઈ શકે છે. અમારી જીપીસીબી થી માંગણી છે કે આ પ્રદુષિત પાણી ક્યાંથી આવ્યું છે એની તપાસ કરવામાં આવે. હાલ અધિકારીઓ કોરોના ની કામગીરી માં વ્યસ્ત હોવાનો કોઈકે લાભ લીધો હોય એવી શક્યતાઓ રહેલી છે જેની યોગ્ય તપાસ થવી જોઈએ. માટીએડ ગામના ખેડૂત તુષારભાઈ ડાહ્યાભાઈ અહિરે જણાવ્યું હતું કે મારા ૪ વીઘા ના ખેતર નો પાક આમલખાડી ના પ્રદુષિત પાણી થી સુકાઈ ગયેલ છે અને મને આર્થિક નુકશાન થયેલ છે તેની તપાસ થવી જોઈએ અને મને યોગ્ય વળતર મળવું જોઈએ એવી મારી માંગણી છે. હાલ ઉનાળામાં નહેર ના પાણી સમયસર ના આવે તો ખેડૂતો આમલખાડી ના પાણી નો પિયત તરીકે ઉપયોગ કરતા હોય છે. પ્રદુષિત પાણી અચાનક ખરાબ થાય એની જાણકારી ખેડૂત ને થતી નથી અને અચાનક રાત્રે પ્રદુષિત પાણી આવી જાય તયારે ખેડૂત ને ખબર પડતી નથી.



શનિવાર થી રાજપીપળા એસટી ડેપો માંથી ભરૂચ,સુરત ની બસ દોડતી થશે

ત્રણ દિવસથી જિલ્લા પૂરતી ૨૨ જેટલી ટ્રીપો શરૂ થઈ હતી, જોક તેમાં એસટી વિભાગને ખોટ જ જતી હતી ત્યારે હવે ભરૂચની બે અને સુરતની એક બસ દોડશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

લગભગ બે મહિના થી લોકડાઉન ના કારણે વાહન વ્યવહાર બંધ થયા બાદ સમગ્ર રાજ્ય માં એસટી બસોના પૈડાં પણ થંભી ગયા હતા જે લોકડાઉન-૪ અમલ માં આવતા છેલ્લા ૩ દિવસ થી અમુક જિલ્લા માં જિલ્લા પૂરતી એસટી બસો શરૂ કરવામાં આવી હતી રાજપીપળા એસટી ડેપો માંથી પણ નર્મદા જિલ્લા માં અમુક રૂટ અને એક ધરમપુર રૂટ ની મળી ૨૨ જેવી ટ્રીપો શરૂ થઈ જોકે નિયમ મુજબ સોસીયલ ડિસ્ટન્સ રાખવાના કારણે એક બસ માં ૬૦% જ મુસાફરો બેસાડવાના હોય તેમાં પણ અડધી બસો ખાલી જતા લગભગ દરેક રૂટ માં ખોટ જ જતી હતી ત્યારે રાજપીપળા એસટી ડેપો માંથી શનિવાર થી ભરૂચ જવા માટે બે બસો અને એક બસ સુરત માટે શરુ કરવામાં આવશે ત્યારે મુસાફરો માટે આનંદ ના સમાચાર કહી શકાય.



રાજપીપળા એસટી ના ડેપો મેનેજર પી.પી.ધામા એ જણાવ્યું કે શુક્રવારે સવારે ભરૂચ માટે એક બસ મોકલી હતી અને શનિવાર થી સવારે ૭ વાગે અને ૧૦ વાગે આમ બે બસો ભરૂચ જશે જ્યારે સવારે ૮:૩૦ કલાકે એક બસ સુરત પણ ઉપડશે આમ શનિવાર થી ભરૂચ,સુરતની ૩ બસો શરૂ કરવામાં આવી છે.

રાજપીપળા શહેરમાં વીજકંપનીના એક તરફી વહીવટથી પ્રજા હેરાન:કાળઝાળ ગરમીમાં રોજ કલાકો વીજળી ગુલ

● અમુક વિસ્તારો પર અધિકારીઓ ની રહેમ નજર જ્યારે અમુક માં લાલીયાવાડી ના આક્ષેપ બાબતેની બુમ
● એક વિસ્તાર માં એક મકાન ની લાઈન ખેંચવા માટે અડધા શહેર નો વીજ પુરવઠો ૩ કલાક બંધ કરાતા ભારે રોષ, વહાલા દવલા ની નીતિ બાબતે ઉચ્ચ કક્ષા એ રજુઆત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા વીજ કંપની ના અધિકારી ઓ લાગવગ સાહિ થી કામ કરતા હોવાની વારંવાર બુમો સંભળાઈ રહી છે ત્યારે છેલ્લા ચારેક દિવસ થી કાળઝાળ ગરમી વચ્ચે રોજ વીજ પુરવઠો બંધ રાખતા લોકો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

શુક્રવારે સવારે ૧૧ વાગ્યે આકરી ગરમી માં લાઈટો બંધ થયા બાદ ફરિયાદ કેન્દ્ર માં પુછતા અન્ય વિસ્તાર માં કામ ચાલુ છે તેમ જાણવા મળ્યું ત્યારબાદ એક કલાક સુધી લાઈટો ન આવતા માલીવાડ ના એક નાગરીકે ઈજનેર ને ફોન કરતા કંઈક અલગ જવાબ મળ્યો ત્યાર બાદ પણ કલાક સુધી વીજળી ન આવતા વિશ્વ હિન્દુ પરિસદ ના સામાજિક સમરતા પ્રમુખ પ્રેગ્નેશ રામી એ ભરૂચ ડિવિ.ના મુખ્ય અધિકારી ને આ બાબતે વાકેફ કરતા રાજપીપળા વીજ કંપનીના મુખ્ય ઈજનેર એ.જી.પટેલે લાઈન ખેંચવાનું કામ ચાલુ છે થોડી વાર માં લાઈટો આવશે તેમ જણાવ્યુ. જોકે પ્રેગ્નેશ રામી એ ઈજનેર ને જણાવ્યું કે કોઈ એક ઘરમાં લાઈન ખેંચવા આકરી ગરમીમાં ભર બપોરે ૩ કલાક લાઈટો બંધ કરવી કેટલું યોગ્ય કહેવાય અને એ પણ બીજા વિસ્તારો ની લાઈનો બંધ રાખવા પાછળ નો શુ મતલબ..? સતત ત્રણ ચાર દિવસ થી આ રામાયણ ભર બપોરે જ ચાલે છે ત્યારે એકજ દિવસે કામ કેમ પૂરું કરતા નથી...?

આ બાબતે માલિવાડ, ભાટવાડા,દરબાર રોડ જેવાં ઘણાં વિસ્તારો ના રહીશો રોષે ભરાઈ કહી રહ્યા છે કે રાજપીપળા વીજ કંપની ના ખાડે ગયેલા વહીવટ ના કારણે દર ઉનાળા માં ગ્રાહકો હેરાન થાય છે માટે ભરૂચ સુરત બેઠેલા ઉચ્ચ અધિકારીઓ આ બાબતે કાયમી નિરાકરણ લાવે અને રાજપીપળા વીજ કંપની માં ચાલતી લાગવગ સાહિ દૂર કરી મસમોટા બિલો ભરતા દરેક ગ્રાહકો ને એક નજરે જોઈ તેમની સમસ્યા દૂર કરે તે જરૂરી છે.